સુણાવ પ્રાથમિક મુખ્ય શાળાનો

સુવર્ણમહોત્સવસ્મારક

ગ્રંથ.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ॥

પ્રકાશકો

વલ્લભભાઇ બહેચરભાઇ પટેલ
ખુશાલભાઇ શંકરભાઇ પટેલ
કુબેરભાઈ પ્રભુદાસ પટેલ
ઉમેદભાઇ નાનાભાઈ પટેલ.

(સુણાવ પ્રાથમિક મુખ્યશાળાના સુવર્ણ મહોત્સવનું કાર્યવાહક મંડળ.)

(સુણાવ તા. બોરસદ.)

સંવત ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

આવૃત્તિ ૧ લી. પ્રત ૪૦૦.

૫૯૦૬

"જ્ઞાનમન્દિર" પ્રિન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યો.
સાંકડીશેરી રોડ—અમદાવાદ.

સુણાવસુવર્ણમહોત્સવસ્મારક.

નિવેદન.

માણસ કેળવણીથી મનુષ્યત્વને પામે છે. આપણો આર્યાવર્ત્ત પ્રાચીન સમયમાં ધર્મ અને વિદ્યાને માટે પંકાએલો હતો; કાળબળે તેમાંની વિદ્યાકળાએ સમાધિ લીધી. વખત આવતાં આર્યાવર્ત બ્રિટિશ મહારાજ્યની શીતળ છત્ર નીચે આવ્યું, અને તેના નેતાઓમાં દેશની હાલત સુધારવા કેળવણીને સુષુપ્તિ અવસ્થામાંથી જગાડી લોકના વ્યવહારમાં મૂકવાની પ્રેરણા થઇ અને અમલમાં મૂકી.

આવા શરૂઆતના પ્રસંગમાં આ સુણાવ ગામને સને ૧૮૬૫માં કેળવણીનો લાભ મળ્યો જેને આજે ૫૦ વર્ષ પુરાં થાય છે. જે ગામમાં નિશાળ હોતી નથી, ત્યાં ભણવાની ઇચ્છાવાળાને ઘણી મુશીબતો નડે છે. ભણવામાટે હમેશ થડમાં જે ગામે નિશાળ હોય ત્યાં જવું આવવું પડે છે, અગર થડમાં સાધન ન હોયતો સગાવહાલાને ગામે નિશાળ હોય ત્યાં જઇ રહેવું પડે છે. અડચણ વેઠતાં છતાં પણ ગામમાં નિશાળ હોય તેવો લાભ અને અનુકુળતા પડતી નથી.

આપણા સુભાગ્યે ઘેરબેઠાં તેવો વિદ્યાનો લાભ સુણાવમાં સરસ્વતીમંદિર (નિશાળ) થવાથી ઉદ્યમ અને પ્રારબ્ધ પ્રમાણે આપણામાંના ઘણા જણે લીધો છે. જેમણે લાભ લીધો છે તે બિલકુલ અભણ કરતાં પોતાનો વ્યવહાર સરળરીતે ચલાવવા સરસ્વતી માતાની કૃપાથી ન્યુનાધિક ભાગ્યશાળી થયાછીએ તેની ખુશાલીમાં સરસ્વતી દેવીનો મહોત્સવ ઉજવવો એ દરેક સુજ્ઞનું કર્તવ્ય છે, અને તે ઉત્સાહમાં ભાગ લેવા ફરજ સમજે તેમાં નવાઇ પણ નથી. આવા પ્રસંગ પ્રાપ્ત થયો, અને બધાંની અનુમતિ મળી. આથી સુવર્ણ મહોત્સવ ઉજવવા આપણે તત્પર થયા છીએ, અને તેના સ્મરણમાં આ પુસ્તક બહાર પાડવામાં આવ્યુ છે.

મહોત્સવનો યથાર્થ લાભ તો જે બાબતો તેમાં વર્ણવવામાં આવી છે તેમાંથી સાર ગ્રહણ કરી તે પ્રમાણે વર્તવામાં છે.

નવો જમાનો કંઇક નવીનજ પ્રવૃત્તિઓને જન્મ આપે છે, એને લઇનેજ અનેક પાશ્ચાત્ય રૂઢિઓનું અનુકરણ આપણે કરીએ છીએ અને આ પ્રમાણે શાળાની જ્યુબિલિ ઉજવવા [illegible] અને સ્તુત્ય કાર્ય એ પણ એક અનુકરણ માત્ર છે. તેનો ઉચ્ચા-

શય કેટલે દરજ્જે પાર પડયો છે તે વિચારવાનું કામ સમાજનું છે અહીંતો એટલુંજ કહેવું જોઇએ કે જે ઉત્સાહી અને ગામનાં શ્રેયમાં આંતર લાગણી ધરાવનારા બંધુઓએ તથા અન્ય લાગતા વળગતાઓએ આ કાર્યમાં કોઈપણ તરેહની મદદ કરી છે. તે સર્વનો આ સ્થળે ઉપકાર માનવામાં આવે છે. વિશેષમાં આ કાર્ય ઉત્સાહી શિક્ષકમંડળીની સહાયતા વિના થઇ શકે તેમ નથી એ ખુલ્લુંજ છે. જે શિક્ષકોએ પોતાના ખાનગી વખતનો ભોગ આપી આ સામાજિક સેવાના કાર્યમાં જે શ્રમ લીધો છે તેને માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

છેવટ સર્વ સજ્જન મહાશયોના કરકમળમાં આ લઘુ પુસ્તક સપ્રેમ મકતાં પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે અમારી નમ્ર યાચના છે કે---

सर्वे सुखिनो भवन्तु सर्वे भवन्तु निरामयाः ।
सर्वे सुखमाप्नोतु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

અમે છીએ આપના

વલવભાઈ બહેચરભાઈ પટેલ
ખુશાલભાઇ શંકરભાઇ પટેલ
ઉમેદભાઇ નાનાભાઇ પટેલ
કુબેરભાઈ પ્રભુદાસ પટેલ
(ગુણાવશાળાના સુવર્ણ મહોત્સવ ફંડના વ્યવસ્થાપકો)

વિષયાનુક્રમ.

ગ્રંથવિવેચન.

આ પુસ્તકમાં સુણાવનો પ્રાચીન ઇતિહાસ ભિન્નભિન્ન સ્થળેથી એકત્ર કરી એક નિબંધરૂપે મૂકેલો છે, જેમાં સુણાવની સ્થાપના કયા કયા સંજોગોમાં થઈ તથા ઉત્તરોત્તર તેની આબાદી કેવી રીતે થઇ તે જણાવવા પ્રયત્ન કર્યો છે. વળી વડીલોએ એવા સોંઘ-વારીના સમયમાં પણ આજના કરતાં વિશેષ ફાળો આપી નરવાના હક સાચવી રાખ્યા છે તેની પ્રતીતિ અંદરના આંકડા તપાસનારને થયા વિના રહેશે નહિ. એ બીનાથી વડીલોએ પોતાની ભવિષ્યની પ્રજા માટે દુઃખ સહન કરીને પણ કેટલી બધી કાળજી રાખી છે તે જણાઇ આવે છે, અને કેટલાંક સૈકાં સુધી તો પોતાના દુર્બળ સ્થિતિના ભાઇઓની જમીન કબજામાંથી વધઘટ થયા છતાં પણ સરખો ફાળો આપી તેમનું હિત સાચવી રાખ્યું છે; અને જ્યારે જ્યારે બહાર ગએલા ભાઇઓ પરગામ વસવાટ કરી પાછા આવ્યા ત્યારે તેમને સ્થિતિ પ્રમાણે નરવામાંથી વગર આનાકાનીએ હિસ્સો આપેલો છે. આવી આવી બાબતો ઉપરથી વડીલોમાં પોતાના ભાઇઓ માટે કેટલી બધી લાગણી અને પ્રેમભાવના હતી તે જણાઇ આવે છે. તેની સાથે આજના કેવળ અર્થ પ્રાપ્તિ માટે થતી પ્રવૃત્તિના જમાનામાં આપણાં હૃદયમાં પ્રેમભાવના, ભ્રાતૃભાવ, અને ઉદારતાની કેટલી બધી ખોટ છે! જોકે જેમની આર્થિક સ્થિતિ સારી ન હોય તે પોતાના ભાઇઓના હિત માટે દ્રવ્ય વગેરેની મદદ ન કરી શકે એ બનવા જોગ છે, તથાપિ જેમને ઇશ્વર કૃપાએ સારી દ્રવ્ય સંપત્તિ પ્રાપ્ત થએલી છે, તેઓમાંના કેટલાક તો મરણ વખતે કરેલો દ્રવ્ય સંચય સાથે લઇ જવામાં ઓછો પડે એથી હૃદય સાંકડાં કરી પોતાનાજ ભાઇઓના જરૂરી હિતકાર્યમાં પણ વાપરવા અચકાય છે એ જોઇ ખરેખર હૃદય દ્રવે છે!

નરવાના ફાળાના ખાતાવાર આંકડા આપવામાં આવ્યા છે તે કોઇ વખત નરવાનો ફાળો કાઢવાના જરૂર પ્રસંગે ઉપયોગી થઇ પડશે.

વસ્તી, ઘર, ઢોર વગેરેના આંકડા આપવામાં એવો હેતુ સમાયેલો છે કે આપણી સામાજિક ઉન્નતિ અને અવનતિ ક્રમવાર જણાઇ આવે. વળી તેનાં કાર્ય કારણોનું વિવચન કરી ઉન્નતિ માટે કયા કયા ઉપાયો કરવાની જરૂર છે તેનું પણ કંઈ કંઇક સૂચન કરવામાં આવ્યું છે.

"પ્રાચીન અને અર્વાચીન કેળવણીની પદ્ધતિ" એ વિષયથી વચલા કાળમાં લોકો કેવા અજ્ઞાનાંધકારમાં ઢંકાઇ રહ્યા હતા અને હાલમાં દયાળુ બ્રિટિશ સત્તામાં આવતાં જ્ઞાનનો કેવો બહોળો ફેલાવો થયો તે જણાઇ આવશે

"શાળાના પચાસ વર્ષના કામકાજનો હેવાલ" તથા "પ્રાથમિક શાળામાંથી ઉદ્-ભવેલી બીજી સંસ્થાઓ" જેવીકે અંગ્રેજી સ્કૂલ, પુસ્તકાલય વગેરેનો હેવાલ આપવામાં

આવ્યો છે તે વાંચતાં ખંતીલા મહેતાજીઓ તથા તેમના હાથ નીચે જ્યારે જ્યારે સીનીયર શિક્ષકો હતા ત્યારે શાળા કેવી આબાદ થએલી છે તે જણાઈ આવે છે.

શાળાને અંગે ગામના ઉદારચિત્ત ગૃહસ્થો તરફથી જે મદદો પરચુરણ ફંડોમાં મળેલી છે તેની નોંધ લેવામાં આવેલી છે અને હવે પછી તેમાં જે જે સુધારો વધારો કરવા માટે મદદની જરૂર છે તેની પણ યથામતિ સૂચના કરવામાં આવી છે. તેની સાથે શાળાની તેમજ ગામનું હિત વધારનારી બીજી સંસ્થાઓના પોષણ માટે મદદ કરવા શુભેચ્છા દર્શાવી છે, તે ગૃહસ્થો વધાવી લેશે.

અત્રેની શાળા સાથે કોઇપણ તરેહનો સંબંધ ધરાવનારા સજ્જનો તરફથી પ્રસંગાનુકૂળ નિબંધો લખાઈ આવ્યા છે તેનો ઉપકાર સાથે સ્વીકાર કરી પ્રગટ કર્યા છે. તેમાં ઘણા ખરા નિબંધો કેળવણી સંબંધીના હોવાથી લગભગ બધામાં એક સરખા વિચારો સમાયલા છે, તથાપિ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી લખાયલા એ લેખોથી એક રીતે લેખકને પ્રોત્સાહન મળે અને વાચકને ભિન્ન ભિન્ન વિચારોમાંથી તારતમ્ય કાઢવાનું મળે એવા હેતુથી સર્વ લેખો વગર ફેરફારે ગ્રંથમાં દાખલ કર્યા છે.

" હાથ અને આંગળાં " એ નિબંધ વાંચતાં સ્પષ્ટ રીતે જણાઇ આવશે કે સમાજનું હિત અન્યોન્યાશ્રય વડેજ સાધી શકાય છે. ગામના હિતમાટે અપૂર્વ લાગણી બતાવનારા પુરૂષને કેટલીક મુસ્કેલીઓ પણ સહેવી પડે છે, પરંતુ પોતાની ફરજ બજાવવામાં ઇશ્વર તરફથી તેમને સહાય મળ્યા વિના રહેતીજ નથી. એ બાબત ધ્યાનમાં રાખી મોબી પુરૂષે વગર કંટાળ્યે શરીરમાં હાથ તેમાં વિશેષ કરીને અંગુઠો જેમ કામ કર્યે જાય છે તેમ સમાજનું હિત સાધવા વિઘ્નોની દરકાર કર્યા વિના નિરંતર તત્પર રહેવું એ તેની પવિત્ર ફરજ છે, કિંબહુના, જીવનસાફલ્યનુ મહાન કર્તવ્ય છે.

મનુષ્યને જીવનમાં ઘણી ઘણી ફરજો બજાવવાની હોય છે, પરંતુ તે સર્વમાં માબાપની સેવા એજ ખરી ફરજ છે એ ' કૃતજ્ઞતા ' ના નિબંધથી વાંચનાર જોઇ શકશે.

છેવટ ' સુબોધમાળા ' રૂપે ધર્મશાસ્ત્રોનાં તેમજ વ્યવહાર નીતિગ્રંથોમાંનાં પવિત્ર અને કલ્યાણકારક વચનોનો સંગ્રહ મૂકયો છે, જેનો પ્રત્યેક મણકો ફેરવતા તેનાં હેતુ ધ્યાનમા રાખશે તો હરકોઇ મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થની અવશ્ય સિદ્ધ કરી શકશે. માટે નિવૃત્તિને સમયે નિરર્થક વાતોના તડાકા મારવા કરતાં તે સુબોધમાળા ભાવનાપૂર્વક વારંવાર ફેરવવા વિનતિ કરવામાં આવે છે.

ગ્રંથના અંત ભાગમાં બની શકે તેટલી ચોકસાઇથી ભવિષ્યની પ્રજાને ઉપકારક ' વંશવૃક્ષ ' આપવામાં આવ્યું છે. આ હકીકત એકઠી કરતાં કોઇપણ તરેહનો લેખિત આધાર નહિ મળેલો હોવાથી નાના મોટા ભાઈઓનો ક્રમ બહુ ચોકસ પણે જાળવી શકાયો નથી. તે સત્ય જાણનારે સુધારી વાચી લેવો એવી ભલામણ છે. આ ' વંશવૃક્ષ ' તૈયાર કરવામાં કેટલા બધા શ્રમની જરૂર છે તેની ખાત્રી જોનારને થયા વિના રહેશે નહિ; અને

તે અમને માટે મી. ફુલાભાઇ છોટાભાઇ તથા મી. કાશીભાઇ બકોરભાઇને ધન્યવાદ ઘટે છે.

' વંશવૃક્ષ ' પછી આજના મહોત્સવના સ્મારકને અંગે સ્થાપવામાં આવેલા ફંડમાં મદદ આપનાર ગૃહસ્થોનાં મુબારક નામ છાપી અમર કરવામાં આવ્યાં છે. પુસ્તક છપાઇ બહાર પડયા પછી જેમના તરફથી તે ફંડને મદદ મળશે તેમનાં નામ હવે પછી અન્ય પ્રસંગે પ્રગટ કરવામાં આવશે.

આ ગામ સાથે કંઇપણ સંબંધ નહિ હોવા છતાં ફક્ત જે દરેકે દરેક કાર્યમાં ઉત્સાહ ભર્યો ભાગ લે છે એવા પેટલાદના સુપ્રસિદ્ધ રાજ્યરત્ન મર્હુમ શેઠ નારણભાઇ કેશવલાલ તરફથી તેમની પેઢીના વ્યવસ્થાપક શેઠ રમણભાઇ કેશવલાલ તથા શેઠ છોટાભાઇ મોતીલાલે રૂ. ૫૧) જેટલી મોટી રકમ આપવા પોતાનો ઉદાર હાથ લંબાવ્યો છે. આ ઉદારતા અને સુણાવગામ તરફની તેમની સહાનુભૂતિ ન વીસરાય તેવી છે.

આ પ્રસંગે જણાવતાં અતિશય દીલગીરી થાય છે કે ગામના કેટલાક કહેવાના ગૃહસ્થો (જો કે તેમની સારી સ્થિતિ હોવા છતાં જેમના હૃદય ગૃહસ્થ નથી એવા) તરફથી આ સંસ્થાને બીલકુલ મદદ મળી નથી, અને કેટલાક તરફથી તેમની સ્થિતિના પ્રમાણમા ઘણીજ જુજ મદદ મળી છે. અભ્યર્થનામાં વિસ્તારથી સમજાવી પત્રિકા દરેકના હાથમાં મૂકવા છતાં પણ તેઓના હૃદયમાં કૃતજ્ઞતાની લાગણી ઉત્પન્ન થવા પામી નથી ! !

આ પ્રસંગે પોતાની શક્તિ ઉપરાંત હેંડબીલ મળતાની સાથેજ પોતાની અંતર ઉર્મિથી જેણે સારી રકમો મોકલી છે તેમનો ઉપકાર માનવામાં આવે છે. સૌથી સારી રકમ મી. લલ્લુભાઇ કુબેરદત્ત પંડયા તથા મી. ભાઇલાલ પ્રભુદાસ બીન મનોરભાઇ પટેલની રકમો ધન્યવાદને પાત્ર છે.

ફંડવ્યવસ્થાપક મંડળની સૂચનાથી

તૈયાર કરનાર

ફિશાભાઈ લલ્લુભાઈ પટેલ.

માતૃભૂમિ શ્રવણાઙ્યપુરીના સરસ્વતી મંદિરના

સુવર્ણ મહોત્સવ પ્રસંગે

અભિવંદન

(રા. રા. નારણભાઈ વાઘજીભાઇ પટેલ.)

(તોટક વૃત્ત)

૧.

જય જન્મભૂમિ મમ માત તણી,
તુજને નીરખું અતિ વા'લ ધરી;
મમ આંતર પ્રાર્થન છે ઈશને,
સઘળી સંપતિ અરપે તુજને.

૨.

મુજને ફરતાં રમતાં તુજમા,
અતિ મોદ થતો મમ અંતરમાં;
મનમાં તનમાં અતિશે ઉછળે,
તુજનાં પ્રણયી નયનો સઘળે.

૩.

તુજ પ્રેમ–પ્રભા ઝળકે–પ્રજળે,
ચિત્તની જડતા મુજની સળગે;
મમ શીષ નમે ચરણે તુજને,
તવ પ્રેમજ આકરષે મુજને.

૪.

તુજનાં તનુજો સરવે ધરતાં,
ખુબ આનંદ આનંદ અંતરમાં;
ખુશ થાય. ચિતે તવ ધુલિ ચુમી,
તન–અંતરની અતિ વ્યાધી સમી.

૫.

શમતા વીરતા, ધીરતા તુજની,
રમતી તનુના ચિતમા જનનો !
નીરખી તુજમાં સુરખી ખીલતી,
મુજ આંતરથી ન જરી ખસતી.

૬.

વીજળી સરખી વિલસી સરકી,
મુજ જીવનના પથમાં ઝબુકી;
વિનતિ મુજની ચિતમાં ધર તું.
મમ શ્રેયકરી થઇ રે' નિત્ય તું.

શ્રી ગણેશાય નમઃ

(૧) સુણાવ ગામની જાણવા યોગ્ય હકીકત.

સુણાવ ગામ નેકનામદાર બ્રિટિશ મહારાજ્યની શીતળ છાયા નીચેના ખેડા ડિસ્ટ્રિક્ટના સબ પેટા ડિસ્ટ્રિક્ટ બોરસદની છેક પશ્ચિમની સરહદપર આવેલું છે. આ ગામથી નજીકમાં નજીક સ્ટેશન પેટલાદ છે. ગામની આજુબાજુ બ્રિટિશ મહારાજ્યનાં તથા શ્રીમંત ગાયકવાડ સરકારનાં ગામ સેળભેળ આવેલાં છે. પૂર્વે (બ્રિ.) પોરડા તથા (ગા.) વિશનોલી અને બાંધણી ગામ છે. ઉત્તરમાં (ગા.) મહેળાવ, વાયવ્યમાં (ગા.) કાસોર, પશ્ચિમે (બ્રિ.) પીપળાવ, નૈઋત્યે (બ્રિ.) પાળજ અને દક્ષિણમાં (બ્રિ.) રંગાઈપુરા, ભવાનીપુરા, ઇશરામા તથા (ગા) પેટલાદ ગામ આવેલાં છે.

આ ગામ પ્રથમ કોણે કઈ સાલમાં વસાવ્યું તે બાબતની ચોક્કસ હકીકત મળી આવી નથી; પણ દંતકથાપરથી સંવત ૧૧ મા સૈકામાં રાભાણા જાતની રજપૂત કોમે વસાવ્યું હતું એમ જણાય છે. પાછળથી તેમાં વાણીઆ, રબારી વગેરે લોકો વસેલા જણાય છે. રબારી ચાલ્યા ગયા પછી મનજી શેરી નામના વાણીઆ પટેલાઈ કરતા હતા. તેમના સમયમાં ગામ આબાદ થયું હતું. એ દેશાવાળ વાણીઆના અમલમાં સેલોત જાતના રજપૂત આગળ પડતા થયા, તેમણે પટેલાઇમાં ભાગ લીધો, અને બંનેએ સંપીને પટેલાઇનો અમલ ચલાવ્યો. આ વખતમાં વસ્તી વધી તથા આબાદ થઈ. આ વખતમાં મુસલમાની અમલની શરૂઆત હતી; પણ ગુજરાતમાં રજપૂત રાજ્ય હતું. જ્યારે જમીન મહેસુલ પુરૂં ન ભરી શકાયું ત્યારે લોકો ગામ છોડી ચાલ્યા ગયા, ને કેટલાક વખત સુધી ગામ વસ્તી વગરનું ઉજડ રહ્યું. તે વખતમાં ગામનો વસવાટ ધોધલાં તલાવડીથી દુધીઆ તળાવ સુધી હશે, એમ ત્યાં જોવામાં આવતાં જુનાં ખંડેર ઉપરથી જણાય છે. હાલ ચાલુ વસવાટવાળું ગામ સંવત ૧૨૧૨ ની સાલમાં કાસોર ગામના પટેલ વીકાભાઇ કરણાજીએ વસાવ્યું. ગામ વસાવવા બદલ સુબા તરફથી ૧૦૦ વીઘાં પસાયતા જમીન આપી. શુભ મુહૂર્ત જોઈ ગામમાં વસવા આવ્યા, તે વખતે શ્રવણ નક્ષત્રનો શુભ યોગ હતો, તેથી ગામનું નામ શ્રવણાવ્ય પાડયું. તેનું અપભ્રંશ સુણાવ કહેવાય છે. વીકા પટેલ હાલ ગામમાં ચોરા સામે જે દરવાજો કહેવાય છે તે જગ્યામાં રહેઠાણ કરી પહેલ વહેલા વસ્યા. તેમના પૌત્ર ગણેશજી પટેલે દેવતળાવ ઉપરના શ્રી વૈજનાથ મહાદેવનું દેવળ બંધાવ્યું. આ અરસામાં વણજારાએ ગામ કુવો બંધાવ્યો એમ દંતકથા ચાલે છે. વીકા પટેલે ગામ વસાવ્યા પછી ગામ દિનપ્રતિદિન આબાદ સ્થિતિમાં આવ્યું. પાટીદારની વસ્તી જેમ જેમ વધતી ગઈ તેમ તેમ બીજી જાતો પણ આવીને વસવા લાગી. વીકા પટેલને વિશ્રામ પટેલ નામના દીકરા હતા. વિશ્રામ પટેલને ગણેશજી અને નારણજી નામના બે દીકરા થયા. ગણેશજીને ૭ દીકરા થયા તેમનાં નામ સુંદરદાસ, કસનદાસ, ભગવાનદાસ, કેશવદાસ, વેણીદાસ અને પ્રાગભાઈ. નારણજીને ત્રણ દીકરા થયા તેમનાં નામ ત્રીકમદાસ, મનોરદાસ અને કલ્યાણદાસ એ રીતે બંને ભાઇને મળી નવ દીકરા થયા. ત્યાર પછીનાં વંશવૃક્ષો આ ચોપડીના પાછળના ભાગમાં આપેલાં છે.

આ નવ જણ પૈકી ભગવાનદાસે હાલ જે લાલાજીની ખડકીનો ઉત્તર ભાગ છે ત્યાં બાજી બાંધી, તથા કસનદાસે સુરદાજીની ખડકીનો અંદરનો તથા બહારનો ભાગ બાંધ્યો. ત્યાં પોતાની સગવડ સાચવવા ખાતર પાણીઆરાં, ટાંકાં, રસોડાં તથા ઘોડશાળ વગેરે બાંધ્યાં.

(૨) ગામની સીમ તળની હકીકતઃ—સંવત ૧૫ મા સૈકામાં પ્રથમ આ ગામનો નરવાહ બંધાયો તે વખતે પ્રાગભાઇના વંશજો અહીં નહિ હોવાથી આઠ ભાગે વહેંચણી કરી તે વખતે ૧૦૦ વીઘાં પસાયતાની અને ૧૫૦૦ વીઘાં મહેસુલ ભરવાની મળી કુલ્લ ૧૬૦૦ વીઘાં જમીનનો રકબો હતો. તે ઉપર રૂ. ૧૦૦) નો નરવાહ બાંધ્યો, એટલે દરેક ભાગદારને રૂ. ૧૨।। ના નરવાહ પેટે ૨૦૦ વીઘાં જમીન ભાગ આવી. આ સિવાય ૨૦ વીઘાં સલામીયા તથા ૮૦ વીઘાં પસાયતું તથા નાપાના ગરાશીઆની વાંટાની જમીન ૬૦૦ વીઘાં હતી. એટલે એકંદર ૨૩૦૦ વીઘાં જમીન હતી. તેના સરકાર ધારાના રૂ. ૧૦૦૦૦ ભરવાના હતા. આ વહીવટ સંવત ૧૬૪૮ સુધી ચાલ્યો. સંવત ૧૬૪૯ માં નાપાના ગરાશીઆને રૂપીઆની જરૂર પડવાથી રૂ. ૧૦૦૦૦ માટે વાંટાની જમીન વેચાતી રાખી. વાંટાની જમીનમાંથી ૨૦૦ વીઘાં જમીન ખર્ચ માટે સહીઆરી રાખી બાકીની ૪૦૦ વીઘાં જમીન ફાળા પ્રમાણે વહેંચી લીધી. આ સૈકામાં કેટલીક જમીન નરવાદારો પાસેથી વેચાઈ ગઈ અને કેટલીક પસાયતાં પેટે અપાઇ, છતાં ફાળો તો સરકાર ઠરાવ પ્રમાણે સરખે હિસ્સેજ સરકારમાં અપાતો હતો. આ વહીવટ સંવત ૧૭૭૦ સુધી ચાલ્યો. ત્યાર બાદ લગભગ પદર વીશ વરસ સુધી ફાળાનું ઠેકાણું પડયું નહિ. કારણ કે દરેક ભાગદારની વસ્તી વધતી ઓછી થઇ જવાથી થોડી વસ્તી વાળાને ફાળો આકરો પડતો; આથી સંવત ૧૭૮૯ ની સાલમાં વસોના અમીન વણારસીદાસ ભવાનીદાસ કારભારી હતા તેમણે સમજુત કરી સૌ સૌની શક્તિ પ્રમાણે ફાળો ભરી શકાય તેવી રીતે ચાર મુખ્ય નરવાદાર ઠરાવી ફરીથી નવેસર નરવાહ બાંધ્યો તેની વિગત.

રૂ. ૩૨) ૬૨।। નારણજીના વંશજ દ્વારકાંદાસ તથા જગાભાઈ વગેરે.

રૂ. ૮) ૧૮।। વેણીદાસ ગણેશજીના વંશજ.

રૂ. ૨૯।। ૧૬ કસનદાસ ગણેશજીના વંશજ.

રૂ. ૨૯।। ૨।। ભગવાનદાસ ગણેશજીના વંશજ.

ઉપર પ્રમાણે રૂ. ૧૦૦) ના નરવાહની વહેંચણુ કરી તે વખતે જમીનનો કુલ્લ રકબો વીઘાં ૨૦૦૩।।। ૩।। વસા થયો તે ઉપર ફાળો વસુલ કરવામાં આવ્યો, અને હજુ સુધી પણ તેજ પ્રમાણે વહીવટ ચાલે છે. વચમાં કેટલો ફાળો આપવો પડેલો તેના આંકડા મળ્યા નથી, પણ સંવત ૧૮૫૭ થી સં. ૧૮૭૩ સુધીના આંકડા નીચે પ્રમાણે હતા.

સંવત	આંકડો કુલ.	ફાળો દર રૂપીએ.	સંવત	આંકડો કુલ.	ફાળો દર રૂપીએ.
૧૮૫૭	૭૦૦૦	૭૨	૧૮૬૬	૧૦૦૩૨।।	૧૦૬
૧૮૫૮	૬૦૦૦	૬૫	૧૮૬૭	૧૦૦૫૯।।	૧૦૫.

૧૮૫૯	૬૮૦૦	૭૩	૧૮૬૮	૧૦૩૫૪	૧૦૭
૧૮૬૦	૭૨૦૫	૭૫	૧૮૬૯	૧૦૬૬૪	૧૦૯
૧૮૬૧	૮૨૦૦	૮૫	૧૮૭૦	૧૧૩૯૦II	૧૧૧
૧૯૬૨	૮૪૦૦	૯૦	૧૮૭૧	૧૩૮૫૫I	૧૪૨
૧૮૬૩	૮૮૦૫	૯૫	૧૮૭૨	૧૧૬૪૯I	૧૨૨
૧૮૬૪	૯૮૮૬III	૧૦૫	૧૮૭૩	૧૨૭૧૫II	૧૩૨
૧૮૬૫	૯૮૮૬III	૧૦૫			

સંવત ૧૮૭૩ સુધી પેશ્વાઇ રાજ્ય હતું. દરમ્યાન સને ૧૮૭૦ માં ગાયકવાડ સરકાર અને પેશ્વા સરકારે અડધો અડધ ફાળાની રકમ લીધી હતી. ત્યાર પછી સંવત ૧૮૭૪ ની સાલમાં બ્રિટિશ શહેનશાહતના શીતળ છત્ર નીચે આવ્યું. તે વર્ષમાં નરવાદારોએ રૂ. ૧૩૪૫૮ ને આશરે ફાળો ભર્યો હતો. સંવત ૧૮૭૫ માં ખેડાના પંડયા લક્ષ્મીદાસ ધનેશ્વરે ગામ ઈજારે રાખ્યું હતું, તે વર્ષમાં રૂ. ૧) ના નરવાદાર પાસેથી રૂ. ૧૪૭ ફાળાના લીધા હતા. ત્યાર પછી નરવાદારોએ સંવત ૧૮૭૭ થી સંવત ૧૮૮૩ સુધી ઉચક રકમ આપવાની કરી ગામ ઇજારે રાખવા દીધું નહોતું. સંવત ૧૮૮૩ માં ફાળાનો આંકડો રૂ. ૧૦૮૫૦) હતો. આ દરમિઆન સંવત ૧૮૮૧ માં દુઃષ્કાળ પડયો ત્યારે સરકારે રૂ. ૬૨૨૫) લીધા હતા. આ વહીવટ દરમીઆન જે જમીન પડતર રહેતી તે તલાટી સાંથતા, અને પડી રહેલા ભાગની ખોટ નરવારો જોડતા. ખેતરમાં જે ઝાડ હોય તે નરવાદારનાં છે. તેની ઉપર સરકારનો હક નથી. ઝાડની ઉપજ ખેતરનો માલીક ખાય છે.

સંવત ૧૮૮૩ માં નીચે મુજબ ૧૧ મતાં હતાં તે મતાં ઇનામના રૂ ૧૩૬III મળતા હતા. મતાદારનાં નામ: (૧) અજુભાઇ લાલાજી (૨) જીજીભાઇ ગીરધરદાસ (૩) જોરાભાઈ હાંસજીભાઈ (૪) દાદાભાઈ મંગળદાસ તથા રામદાસ (૫) દેસાઇભાઇ ભાઈબા (૬) નાનાભાઇ ધોળીદાસ (૭) કાશીભાઇ બાપુજી, (૮) અજુભાઇ નરેરદાસ (૯) ભાઇજીભાઈ કાળીદાસ (૧૦) કીશોરભાઇ રામદાસ (૧૧) ભાઇજીભાઇ ગીરધરભાઇ.

બ્રિટિશ શહેનશાહત થતા પહેલાં ફાળા તરીકે રૂ. ૧૦૦૦૦) બાબાશાઇ વસુલ લેવાતા હતા તેનો દર સેંકડે રૂ. ૧૫ધારા મુજબ વટાવ કાપી રૂ. ૮૫૦૦) કંપની નકી કર્યા, આથી રૂ. ૧) ના નરવાદારને રૂ. ૮૫) ફાળો આપવો પડતો. આ વહીવટ સંવત ૧૯૫૧–૫૨ સને ૧૮૯૫–૯૬ સુધી ચાલ્યો. સને ૧૮૯૫–૯૬ ની રીવીઝન સરવૈ થઇ. આ વખતે ફાળો આકરો પડતો હોવાથી તથા જેમના ખાતાની જમીન વેચાઇ ગયેલી તેમને પણ ફાળો સરખો આપવો પડતો હોવાથી બધાને જમીનના કસ પ્રમાણે ભરવું પડે એ હેતુથી એકમત થઇ વાસદ મુકામે આકારી નરવા રાખવા કબુલત આપી, ત્યારથી આકારી નરવા ચાલે છે. એ આકારી નરવાથી નીચે મુજબ ફેરફાર થયો તે જાણવા જેવો હોવાથી નીચે આપ્યો છે.

નરવાના ફાળાની હકીકતનું પત્રક.

(૧) મુખ્ય નરવાદાર પા. હાથીભાઈ દ્વારકાંદાસના રૂ. ૧૭-૧૧-૧૧/૨ પાઈના નરવાહના

પેટા નરવાદારની તારીજનો ફાળો રૂ. ૧૫૦૪-૧-૦ હતો.

નં.	હાલના ખાતાદારનું નામ.	નરવાહનો ભાગ. રૂ.	આ	પા.	નરવાહની જમીન એ.	ગુ.	સ. ૧૯૬૬-૬૭ નો ફાળો. રૂ.	આ	પા.	સ. ૧૮૯૫-૯૬ થી આકાર. રૂ.	આ	પા
૧	પા. હાથીભાઈ દ્વારકાંદાસ	૧	૧૩	૭	૨૯	૫	૧૫૭	૩	૦	૧૯૩	૧૪	૦
૨	ફુલાભાઇ નારણભાઇ	૧	૪	૭ ૫/૧૨	૧૬	૧૦	૧૦૯	૧૦	૦	૧૦૭	૧૪	૦
૩	પા. ડાહ્યાભાઇ દ્વારકાંદાસ	૧	૦	૦	૧૩	૨૯	૮૫	૦	૦	૯૪	૪	૬
૪	પા. તળશીભાઇ દ્વારકાંદાસ	૧	૧૪	૦ ૧/૨	૨૪	૨૪	૧૫૯	૭	૦	૧૬૬	૫	૦
૫	પા. ભીખાભાઇ લલ્લુભાઇ બી પ્રાગભાઇ	૧	૩	૦	૧૬	૨૯	૧૦૦	૧૫	૦	૧૦૯	૫	૬
૬	હાથીભાઇ લલ્લુભાઇ	૦	૭	૬ ૧/૨ ૮/૯ ૩/૨	૫	૩૫	૪૦	૪	૦	૪૦	૭	૦
૭	બાઇ હીરા પા. શંકરભાઇ દાજીભાઇની વીધવા	૦	૩	૯ ૧/૯ ૬/૯ ૧/૨	૨	૩૪	૨૦	૨	૦	૧૭	૨	૦
૮	પા. નાથાભાઇ ગોવિંદભાઇ	૦	૩	૯ ૧/૯ ૬/૯ ૧/૨	૨	૨૩	૨૦	૨	૦	૧૫	૧૦	૦
૯	પા. આશાભાઇ હાથીભાઇ	૦	૧૫	૬ ૧/૨ ૮/૯ ૩/૨	૧૧	૩૫	૮૨	૧૨	૦	૭૮	૮	૦
૧૦	પા. વલ્લવભાઇ કુવેરભાઇ બી. જાદવભાઇ	૦	૭	૬ ૧/૨ ૮/૯ ૩/૨	૫	૩૭	૪૦	૪	૦	૩૯	૨	૦
૧૧	પા. ઘેલાભાઇ જેસંગભાઇ	૦	૭	૬ ૧/૨ ૫/૬	૪	૩૭	૪૦	૪	૦	૩૨	૬	૦
૧૨	પા. રામદાસ ઘાભાઇ	૦	૧૧	૮ ૧/૨	૮	૧૧	૬૨	૩	૦	૫૨	૮	૦
૧૩	બાઇ હરી પા. અંબાઇદાસ દ્વારકાંદાસની વિધવા.	૦	૧૧	૮ ૧/૨	૧૦	૩૦	૬૨	૩	૦	૭૧	૧૫	૬
૧૪	પા. અંબાઇદાસ ગરબડભાઇ	૦	૧૨	૦	૧૦	૧૩	૬૩	૧૨	૦	૬૭	૦	૦
૧૫	પા. વલ્લવભાઇ ભૂલાભાઇ	૦	૮	૦	૭	૯	૪૨	૮	૦	૪૬	૮	૦
૧૬	બાઇ દિવાળી પા. ફુલાભાઇ લલ્લુભાઇની વાલી.	૦	૧૧	૪	૭	૧	૬૦	૩	૦	૪૭	૦	૬
૧૭	પા. લલ્લુભાઇ કાળીદાસ	૨	૧	૬	૨૬	૨૪	૧૭૮	૦	૦	૧૮૧	૧૦	૦
૧૮	પા. કાશીભાઇ કુબેરભાઇ	૧	૦	૯	૧૩	૩૯	૮૯	૦	૦	૯૨	૦	૦
૧૯	પા. છોટાલાલ ભાઇલાલના વાલી પા. મથુરભાઇ ધનજીભાઇ	૧	૧	૦	૧૧	૪	૯૦	૫	૦	૭૩	૧૪	૦
		૧૭	૧૧	૧ ૧/૨	૧૨૯	૨૯	૧૫૦૪	૧	૦	૧૫૨૭	૬	૦

(૨) મુખ્ય નરવાદાર પા. ફકીરભાઈ નાથાભાઈના રૂ. ૫-૧૧-૫¾ ના ફાળાની તારીજ. ફાળો રૂ. ૪૮૬-૦-૦

૧	પા. ફકીરભાઇ નાથાભાઇ	૦	૫	૮¾	૪	૧૮	૩૦	૭	૦	૨૮	૭	૦
૨	ગીરધરભાઇ ભુલાભાઇ	૦	૫	૮¾	૪	૮	૩૦	૭	૦	૨૬	૮	૦
૩	બાઇ કશળ પા. મોતીભાઇ રખીદાની વિધવા.	૦	૧૧	૫¼	૮	૧૧	૬૦	૧૨	૦	૫૬	૧૦	૦
૪	કાશીદાસ અમથાભાઇ	૦	૯	૨¾	૭	૩૫	૪૯	૧	૦	૫૫	૧૨	૦
૫	પ્રભુદાસ રણુછોડભાઇ (કણુબી)	૦	૨	૦	૧	૯	૧૦	૧૦	૦	૯	૦	૦
૬	ઉમેદભાઇ જેઠાભાઇ	૦	૧	૦	૦	૨૬	૫	૫	૦	૪	૦	૦
૭	ભુલાભાઈ ગોકળભાઇ	૦	૩	૦	૧	૩૧	૧૫	૧૫	૦	૧૦	૧૩	૦
૮	મોતીભાઇ ખુશાલભાઇ	૧	૦	૦¾	૧૦	૨૬	૮૫	૫	૦	૭૪	૨	૦
૯	બહેચરભાઇ તળશીભાઇ	૦	૩	૦	૧	૩૦	૧૫	૧૫	૦	૧૩	૦	૦
૧૦	સોમાભાઈ નરેરભાઇ બી. દેસાઇભાઈ	૦	૬	૮¾	૩	૩૨	૩૫	૧૨	૦	૨૪	૬	૦
૧૧	નરેરભાઇ નાગરભાઇ	૦	૪	૮½	૩	૨૬	૨૫	૦	૦	૨૨	૧૦	૦
૧૨	બાઈ કંકુ જોઇતાભાઈ ખુશાલભાઇની વિધવા	૦	૧૩	૧૧¾	૧૧	૨૭	૭૪	૪	૦	૭૩	૮	૬
૧૩	લલ્લુભાઇ ગોકળભાઇ	૦	૮	૧૦½	૬	૧૨	૪૭	૩	૦	૪૨	૦	૦
		૫	૧૧	૫¾	૬૬	૧૧	૪૮૬	૦	૦	૪૪૦	૧૨	૬

(૩) મુખ્ય નરવાદાર પા. મોતીભાઈ કાશીભાઇના રૂ. ૬—૦-૬ ના ફાળાની તારીજ. ફાળો રૂ. ૫૧૨-૧૦-૦

૧	મોતીભાઈ કાશીભાઇ	૦	૧૨	૪	૯	૩૯	૬૫	૮	૦	૬૨	૧૪	૦
૨	બાઈ સોના કુબેરભાઈ ઇશ્વરભાઇની વિધવા	૦	૮	૦	૬	૧૮	૪૨	૮	૦	૪૩	૬	૦
૩	લલ્લુભાઇ હરીભાઇ	૦	૧૦	૨	૭	૩૬	૫૪	૦	૦	૫૧	૧૧	૦
૪	દાજીભાઇ છગનભાઇ	૨	૭	૯	૨૮	૧૫	૨૧૦	૬	૦	૧૭૯	૧૦	૬
૫	દ્વારકાંદાસ ગલાભાઇ	૦	૭	૦	૩	૨૮	૩૭	૩	૦	૨૨	૧૨	૬
૬	મોતીભાઇ ફુલાભાઈ	૦	૫	૬	૩	૩૩	૨૯	૩	૦	૨૩	૪	૦
૭	ફકીરભાઇ મુળજીભાઇ	૦	૬	૦	૩	૧૨	૩૧	૧૪	૦	૨૩	૪	૦
૮	ચતુરભાઈ મથુરભાઇ, ફુલાભાઇ નરસિંહભાઇ, લલુભાઇ ભીખાભાઈ	૦	૫	૦	૧	૧	૨૬	૯	૦	૭	૦	૦
૯	લલુભાઇ વાઘજીભાઇ.	૦	૨	૯	૧	૨૬	૧૪	૧૦	૦	૧૦	૧૦	૦
		૬	૦	૬	૬૬	૮	૫૧૨	૧૦	૦	૪૨૪	૮	૦

(૪) મુખ્ય નરવાદાર પા. ડુંગરભાઈ ઘેલાભાઇ નરવાહનો ફાળો. રૂ. ૨૬૪૨—૫-૦

નરવા રૂ. ૩૨—૭—૯¾

૧	ડુંગરભાઇ ઘેલાભાઈ	૧	૧૨	૩	૨૧	૫	૧૫૧	૧	૦	૧૩૯	૧	૬
૨	ધોરીભાઈ જેસંગભાઇ	૦	૪	૫	૩	૩૮	૨૩	૭	૦	૨૬	૦	૦
૩	અંબાઇદાસ તળજાભાઇ	૧	૦	૪½	૧૨	૩૪	૮૭	૦	૦	૮૨	૧૫	૬
૪	સોમાભાઈ નરસિંહભાઇ	૧	૧૦	૧૦½	૨૦	૧૪	૧૪૨	૧૩	૦	૧૩૩	૬	૬
૫	બાઈ હીરા જેસંગભાઇ સામળભાઇની વિધવા	૧	૯	૧½	૧૮	૨૧	૧૩૩	૮	૦	૧૧૭	૧	૦
૬	બહેચરભાઇ કસનદાસ	૩	૦	૬	૪૧	૧૩	૨૫૭	૧૧	૦	૨૫૭	૫	૬
૭	બાબરભાઈ સામળભાઈ	૧	૦	૯	૧૧	૯	૮૯	૦	૦	૭૪	૧૩	૦
૮	મરઘાભાઇ પ્રાગભાઈ	૧	૦	૦	૧૦	૩૫	૮૫	૦	૦	૭૨	૭	૦
૯	શંકરભાઇ આશાભાઇની વાલી જીબા	૧	૦	૯	૧૦	૪૩	૮૯	૦	૦	૭૫	૫	૬
૧૦	બહેચરભાઇ લલ્લુભાઈ	૧	૦	૯	૧૦	૩	૮૯	૦	૦	૭૦	૧૩	૬
૧૧	આશાભાઇ ભાઇલાલ	૩	૧૨	૦¾	૩૭	૨૮	૩૧૯	૧	૦	૨૩૬	૧૧	૬
૧૨	મોતીભાઈ રણછોડભાઈની વાલી જીબા.	૧	૧૫	૬¾	૨૧	૧૧	૧૬૭	૧૧	૦	૧૩૯	૧૪	૬
૧૩	પુંજાભાઈ વેણીદાસ	૧	૧૪	૦	૧૬	૩૦	૧૫૯	૬	૦	૧૧૨	૧૦	૦
૧૪	લલ્લુભાઇ કુબેરભાઇ બી૦ બહેચરભાઇ	૦	૧૪	૦	૯	૧૦	૭૪	૬	૦	૬૦	૬	૬
૧૫	નારણભાઈ કાશીદાસ	૧	૦	૯	૧૨	૬	૮૯	૦	૦	૭૯	૬	૬
૧૬	ખોડાભાઇ દાદાભાઈ	૦	૧૪	૬	૧૦	૪	૭૭	૦	૦	૬૭	૮	૦
૧૭	વલ્લવભાઈ કુબેરભાઇ બી. જોરાભાઇ	૧	૯	૩	૧૭	૧૬	૧૩૪	૨	૦	૧૧૦	૧૩	૦
૧૮	ઝવેરભાઇ ગરબડભાઇ	૦	૧૨	૯	૯	૧૧	૬૭	૧૨	૦	૬૦	૧૫	૦
૧૯	જેસંગભાઇ વરજભાઇ (કણબી)	૦	૪	૦	૨	૧૯	૨૧	૪	૦	૧૪	૦	૦
૨૦	ઘાભાઈ રણછોડભાઇ	૧	૦	૦	૧૦	૨૫	૮૫	૦	૦	૭૦	૧૦	૦
૨૧	બાવાજી મથુરભાઇ	૦	૧૨	૬	૧૧	૫	૬૬	૬	૦	૭૫	૧૧	૦
૨૨	બાઈ રેવા ગોરધનભાઇ ભાઇલાલની વિધવા	૦	૯	૦	૮	૫	૪૭	૧૩	૦	૫૧	૧૫	૦
૨૩	શીવાભાઇ મરઘાભાઈ વગેરે	૧	૦	૯	૧૧	૩૬	૮૯	૦	૦	૭૧	૧	૦
૨૪	મથુરભાઇ દેસાઈભાઈ	૦	૧૧	૯¾	૮	૩૬	૬૨	૧૨	૦	૬૩	૪	૦
૨૫	જુલાભાઇ અજુભાઈ	૦	૪	૫	૩	૧૩	૨૩	૭	૦	૨૧	૧૦	૦
૨૬	મહીજીભાઇ બાબરભાઈ	૦	૮	૯¾	૬	૩૩	૪૬	૧૩	૦	૪૯	૬	૦
૨૭	ઇશ્વરભાઇ વાઘજીભાઇ	૦	૮	૯¾	૬	૬	૪૬	૧૩	૦	૪૧	૧૨	૦
૨૮	કાશીભાઇ લલ્લુભાઇ (કણબી).	૦	૭	૦	૩	૩	૩૭	૩	૦	૧૬	૮	૦
		૩૨	૭	૯¾	૩૬૫	૧૨	૨૭૪૨	૫	૦	૨૩૯૩	૭	૦

(૫) મુખ્ય નરવાદાર પા. શીવાભાઈ નાથાભાઇનો નરવાહ રૂ. ૮—૪—૯ ના ફાળાની તારીજ. ફાળો રૂ. ૭૦૫—૪—૦ નો.

૧	શીવાભાઈ નાથાભાઇ	૧	૬	૧ ૧/૩૨	૧૪	૩૨	૧૧૭	૯	૦	૧૦૦	૭	૬
૨	રણછોડભાઇ દ્વારકાંદાસ	૧	૬	૧ ૧/૩૨	૧૭	૨૪	૧૧૭	૮	૦	૧૧૭	૮	૦
૩	દેવીદાસ વસ્તાભાઇ	૧	૬	૧ ૧/૩૨	૧૫	૨૨	૧૧૭	૯	૦	૯૬	૫	૬
૪	ઝવેરભાઇ જોરાભાઈ	૧	૬	૧ ૧/૩૨	૧૬	૨૦	૧૧૭	૮	૦	૧૧૦	૪	૦
૫	બાબરભાઇ તળશીભાઈ	૧	૬	૧ ૧/૩૨	૧૮	૪	૧૧૭	૯	૦	૧૨૦	૧	૦
૬	દેસાઈભાઇ દ્વારકાંદાસ	૧	૬	૧ ૧/૩૨	૧૧	૨૪	૧૧૭	૯	૦	૭૨	૪	૦
		૮	૪	૯	૯૪	૬	૭૦૫	૪	૦	૬૧૬	૧૪	૦

(૬) મુખ્ય નરવાદાર પા. ભાઈલાલભાઇ મોતીભાઈનો નરવા રૂ. ૨૯-૧૨-૪ા નો ફાળો રૂ. ૮૫૦૦—૦—૦ નો.

૧	ભાઈલાલ મોતીભાઇ	:	૪	૫ ૧/૪	૨૯	૨૭	૧૯૩	૯	૦	૨૦૧	૫	૦
૨	ફકીરભાઈ પુરશોત્તમની વાલી દિવાળી	૩	૦	૧ ૧/૪	૪૦	૩૫	૨૫૫	૧	૦	૨૭૧	૧૨	૦
૩	ધોરીભાઇ શનાભાઇ	૧	૧૨	૫ ૧/૪	૨૩	૨૧	૧૫૧	૧	૦	૧૪૧	૧૩	૦
૪	હનમાન વાઘજીભાઇની વાલી બાઇ ઝવેર	૦	૭	૦ ૭/૧૬	૫	૦	૩૭	૬	૦	૩૦	૧૫	૦
૫	બાઇ હીરા પ્રભુદાસ બકોરભાઇની વિધવા	૦	૧૨	૨	૯	૩	૬૪	૧૦	૦	૫૬	૯	૦
૬	દ્વારકાંદાસ અમથાભાઈ	૦	૮	૯/૧૬	૫	૨૦	૪૨	૧૧	૦	૩૬	૦	૦
૭	લલ્લુભાઇ ભવાનીદાસ	૦	૯	૧ ૧/૨	૬	૫	૪૮	૮	૦	૪૦	૪	૦
૮	બાઈ હરખા વેણીદાસ જોરાભાઇની વિધવા	૧	૯	૬	૨૦	૩૪	૧૩૫	૮	૦	૧૪૧	૮	૦
૯	સામળભાઈ મરઘાભાઇ	૦	૩	૭ ૧/૩૨	૨	૧૬	૧૯	૩	૦	૧૫	૧૨	૦
૧૦	મહીજીભાઈ કાળીદાસ	૦	૧	૯ ૨૩/૩૨	૧	૧૬	૯	૯	૦	૯	૮	૦
૧૧	સોમાભાઇ દાદાભાઈ	૦	૫	૫	૪	૫	૨૮	૧૨	૦	૨૩	૪	૦
૧૨	નરસિંહભાઇ મીઠાભાઇ	૦	૫	૫	૩	૨૬	૨૮	૧૨	૦	૨૩	૮	૦
૧૩	ખોડાભાઇ દેસાઈભાઈ	૦	૧૨	૨ ૧/૪	૭	૨૦	૬૪	૧૨	૦	૫૦	૧૨	૦
૧૪	હાથીભાઈ ભુલાભાઇ	૦	૪	૦	૩	૨૭	૨૧	૮	૦	૨૨	૮	૦
૧૫	મહીજીભાઇ ભુલાભાઈ	૧	૧૫	૯	૨૫	૩૨	૧૬૮	૧૧	૦	૧૭૧	૪	૦
૧૬	ફુલાભાઇ જીજીભાઇ	૧	૧૫	૯	૨૩	૨૭	૧૬૮	૧૧	૦	૧૪૮	૬	૦
૧૭	વાઘજીભાઇ બકોરભાઇ	૨	૮	૩	૨૯	૨૧	૨૧૩	૧૪	૦	૧૯૪	૧૦	૦
૧૮	ભીખાભાઇ વાઘજીભાઇ બી. દ્વારકાંદાસ	૧	૧૫	૯	૨૨	૩૬	૧૬૮	૧૧	૦	૧૪૬	૧૪	૦

૧૯	હાથીભાઇ કુબેરભાઇ	૧	૧૨	૩	૨૧	૨૩	૧૫૦	૧	૦	૧૫૧	૮	૦
૨૦	નરોત્તમ મુળજીભાઈ	૦	૪	૦	૨	૧૬	૨૧	૪	૦	૧૭	૦	૦
૨૧	ફુલાભાઇ મથુરભાઇ બી. બાઇબા	૦	૪	૩	૩	૧૭	૨૨	૯	૦	૨૨	૦	૦
૨૨	બાઇ કસન દ્વારકાંદાસ ગોપાળની વિધવા તથા લલ્લુભાઈ શંકરભાઇ	૦	૪	૩	૩	૧૬	૨૨	૯	૦	૨૨	૦	૦
૨૩	લલ્લુભાઇ શંકરભાઇ	૦	૬	૪૧૧/૧૬	૪	૨૬	૩૩	૧૫	૦	૩૨	૦	૦
૨૪	ગોકળભાઇ રણછોડભાઇ	૦	૬	૪૧૧/૧૬	૪	૧૫	૩૩	૧૫	૦	૩૦	૧૨	૦
૨૫	ખોડાભાઈ દેસાઇભાઇ	૦	૮	૬	૭	૮	૪૫	૨	૦	૪૭	૧૨	૦
૨૬	ગોકળભાઇ ઝવેરભાઇ	૦	૮	૬	૬	૧૯	૪૫	૨	૦	૩૯	૧૪	૦
૨૭	વાઘજીભાઇ દ્વારકાંદાસ	૦	૬	૪૫/૧૬	૫	૩૫	૩૩	૧૫	૦	૪૨	૧૨	૦
૨૮	મગનભાઈ બાબરભાઇ	૦	૬	૪૫/૧૬	૪	૨૩	૩૩	૧૫	૦	૩૦	૮	૦
૨૯	અંબાઇદાસ ગરબડભાઇ બી. હરિભાઇ	૧	૦	૯	૧૨	૩૩	૮૯	૦	૦	૮૪	૦	૦
૩૦	રાઇજીભાઇ ડુંગરભાઇ	૧	૫	૦	૧૫	૩૭	૧૧૧	૯	૦	૧૦૧	૮	૦
૩૧	સોલીદાસ અજુભાઇ	૦	૧૨	૬	૧૦	૧૬	૬૬	૭	૦	૭૧	૧૧	૦
		૨૯	૧૨	૪॥	૩૬૨	૧૯	૨૫૫૬	૦	૦	૨૪૨૫	૧૩	૦
		૧૦૦	૦	૦	૧૧૯૮	૧૦	૮૫૦૦	૦	૦	૭૮૯૨	૧૨	૦

ઉપર મુજબના નરવાના હક નામદાર સરકારે ખેડુતો ઉપર રહેમ લાવી બક્ષેલા છે. ખેડુતોની સ્થિતિ સુધારવા સરકાર ઘણીજ કાળજી રાખે છે પણ ખેડુ લોકમાં અવિચારી ખર્ચ હોવાથી સુધારો જોઇએ તેવો થતો નથી, ખેડુતોને શાહુકાર નાણાં ધીરતા અટકે જેથી ખર્ચ કમી થાય એ હેતુથી લેણું અદા કરવા ખેડુતોના હકમાં ઘણી લાભકારી છુટ મુકી છે. ખેડુતો પર તેમના હકમાં બાજી રાજ્યો કરતાં ઘણી રહેમદીલીથી વર્તવામાં આવે છે. દુકાળ પ્રસંગે તગાવી વગેરેની મદદ તથા મહેસુલ છુટ માટે લાભકારી કાયદા કરેલા છે. આથી સઘળા શુદ્ધાંતઃકરણપૂર્વક બ્રિટિશ હકમાં દયાળુ નિયંતા પ્રત્યે હમેશ પ્રાર્થના કરી તેમનો હમેશને માટે વિજય ઇચ્છે છે.

(૩) ગામની વસ્તી.

આ ગામની ચાલુ સંવત ૧૯૭૧ તથા અગાઉ સંવત ૧૮૮૩ ની વસ્તીનું પ્રમાણ નીચે પ્રમાણે.

જાત.	પુરુષ. પાંચ વર્ષની અંદરના.	પુરુષ. પાંચથી પંદર વર્ષ સુધીના. પરણેલા.	પુરુષ. પાંચથી પંદર વર્ષ સુધીના. કુંવારા.	પુરુષ. પંદર વર્ષ ઉપરાંતના. પરણેલા.	પુરુષ. પંદર વર્ષ ઉપરાંતના. કુંવારા.	કુલ પુરુષ	સંવત ૧૮૮૩ ની સંખ્યા.	સ્ત્રી. પાંચ વર્ષ અંદરની.	સ્ત્રી. પાંચથી પંદર વર્ષ સુધીની. પરણેલી	સ્ત્રી. પાંચથી પંદર વર્ષ સુધીની. કુંવારી	સ્ત્રી. પંદર વર્ષ ઉપરાંતની. પરણેલી	સ્ત્રી. પંદર વર્ષ ઉપરાંતની. કુંવારી	કુલ સ્ત્રીઓ.	સંવત ૧૮૮૩ ની સ્ત્રીની સંખ્યા	હાલના કુલ માણસ	સંવત ૧૮૮૩ ના કુલ માણસ.	હાલનાં ઘર	સંવત ૧૮૮૩ નાં ઘર
બ્રાહ્મણ	૫	૧૧	૦	૨૩	૬	૪૫	૬૫	૬	૭	૦	૨	૧૫	૪૦	૪૪	૮૫	૧૦૯	૨૨	૨૮
તપોધન બ્રાહ્મણ	૨	૫	૦	૧૧	૮	૨૬	૨૧	૪	૦	૦	૧	૧૬	૨૧	૨૩	૪૭	૪૪	૧૭	૧૧
વાણીઆ	૨	૩	૦	૬	૦	૧૧	૧૧	૨	૦	૦	૨	૩	૭	૬	૧૮	૧૭	૪	૫
સોની	૦	૧	૦	૩	૧	૫	૮	૦	૦	૦	૦	૩	૩	૪	૮	૧૨	૩	૨
સુતાર મેવાડા	૩	૨	૦	૧૦	૧	૧૬	૪	૪	૩	૦	૧	૧૧	૧૯	૧૦	૩૫	૨૪	૮	૫
સુતાર મારવાડી	૧	૦	૦	૨	૧	૪	૦	૦	૦	૦	૦	૩	૩	૭	૭	૦	૪	૦
પાટીદાર	૧૬૦	૩૩૬	૧૦	૫૭૭	૩૫૨	૧૪૩૫	૪૪૪	૧૨૩	૬૬	૪૧	૪૪	૬૪૭	૯૨૧	૪૨૧	૨૩૫૬	૮૬૫	૫૨૮	૧૬૯
કણબી	૧૩	૧૩	૧	૨૪	૩૬	૮૭	૨૭૧	૧૪	૪	૬	૦	૪૧	૬૫	૧૬૯	૧૫૨	૪૪૦	૩૭	૯૪
વાળંદ	૬	૮	૦	૧૦	૧૧	૩૫	૨૭	૭	૦	૨	૧	૨૨	૩૨	૨૦	૬૭	૪૭	૧૮	૧૦
ધારાળા	૨૭	૯	૧૧	૨	૬૮	૧૧૭	૭૧	૨૬	૦	૧૪	૦	૬૪	૧૦૪	૫૩	૧૨૧	૧૨૪	૫૮	૩૧
રજપૂત	૨	૧	૧	૧	૩	૮	૦	૨	૦	૩	૦	૪	૯	૦	૧૭	૦	૬	૦
માળી	૦	૦	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૨	૦	૩	૧	૧	૧
મોચી	૧	૦	૦	૧	૧	૩	૩	૧	૦	૦	૦	૧	૨	૪	૫	૭	૧	૧
દરજી	૦	૨	૦	૨	૧	૫	૫	૨	૧	૦	૦	૪	૭	૩	૧૨	૮	૨	૧
બારોટ	૦	૧	૦	૦	૦	૧	૦	૦	૧	૦	૦	૨	૩	૦	૪	૦	૧	૦
વાઘરી	૨૦	૫	૫	૧	૨૧	૫૨	૨૦	૭	૦	૧૩	૦	૨૪	૪૪	૧૧	૯૬	૩૧	૨૩	૭
ભોઈ	૫	૨	૧	૧	૧૯	૨૮	૭	૭	૨	૩	૦	૧૫	૨૭	૯	૫૫	૧૬	૧૬	૬

લુહાર	૦	૦	૦	૧	૦	૧	૬	૦	૦	૦	૦	૦	૦	૫	૧	૧૧	૧	૨
સાધુ	૦	૧	૦	૪	૦	૫	૨	૨	૧	૦	૦	૨	૫	૩	૧૦	૫	૪	૩
કુંભાર	૩	૦	૨	૦	૭	૧૨	૮	૪	૧	૧	૦	૧૦	૧૬	૬	૨૮	૧૩	૬	૩
રાવળીઆ	૧	૩	૭	૨	૬	૧૯	૬	૦	૦	૩	૦	૮	૧૧	૩	૩૦	૯	૮	૨
રબારી	૦	૧	૦	૦	૧	૨	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૩	૦	૧	૦
મુસલમાન વહોરા	૫	૫	૦	૧૨	૪	૨૬	૬	૪	૨	૧	૦	૧૬	૨૩	૩	૪૯	૯	૧૦	૩
ગોસાઈ	૦	૦	૦	૦	૦	૦	૪	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૪	૦	૧
કાછીઆ	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૨	૦	૧
ખ્રીસ્તિ	૧	૦	૦	૧	૦	૨	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૩	૦	૧	૦
ઢેડ	૨૦	૯	૨૦	૩	૭૯	૧૩૧	૪૪	૨	૨૦	૩૨	૨	૭૯	૧૩૫	૩૨	૨૬૬	૭૬	૬૯	૧૯
ચમાર	૫	૨	૨	૨	૧૬	૨૭	૭	૩	૦	૪	૧	૧૮	૨૬	૮	૫૩	૧૫	૧૩	૩
ગરોડા	૨	૫	૦	૧૭	૩	૨૭	૧૮	૧	૧	૩	૦	૧૫	૨૦	૧૭	૪૭	૩૫	૧૦	૬
ભંગીઆ	૨	૩	૩	૩	૭	૧૮	૧૩	૧	૩	૪	૨	૧૬	૨૬	૧૯	૪૪	૩૨	૧૧	૬
કુલ્લ.	૨૮૬	૪૨૮	૬૩	૭૨૦	૬૫૨	૨૧૪૯	૧૦૮૨	૨૪૧	૯૩	૧૩૧	૫૬	૧૦૫૨	૧૫૭૩	૮૭૪	૩૭૨૨	૧૯૫૬	૮૯૩	૪૨૦

ઉપરનો કોઠો જોવાથી ગામની વસ્તીની તથા ઘરની સંખ્યા જાણવામાં આવશે. આ ગામની વસ્તી સને ૧૮૮૧ ના ફેબ્રુઆરીની વસ્તી વખતે ૩૮૧૨, સને ૧૮૯૧ ના વસ્તીપત્રક વખતે ૩૫૬૩, સને ૧૯૦૧ ના વસ્તીપત્રક વખતે ૩૪૩૨ તથા સને ૧૯૧૧ ના વસ્તીપત્રક વખતે ૩૨૪૫ હતી. સને ૧૮૯૧ કરતાં ૧૯૦૧ ના વસ્તીપત્રકમાં વસ્તી ઓછી થવાનું કારણ સને ૧૮૯૯ નો દુષ્કાળ તથા મરકી હતાં. ત્યાર પછી પણ મરકી અને કન્યાની અછતને લીધે વસ્તી ઘટતી જતી હતી અને ૧૯૧૧ પછી કન્યાની અછત છે પણ પાછળની વસ્તી દરેક કોમમાં વધતી જાય છે. સને ૧૮૮૧ થી ૧૯૧૧ સુધી ૩૦ વર્ષમાં વસ્તી ઘટતી ઘટતી ચાલી હતી. તે પછીના સાડાચાર વર્ષમાં સારી વૃદ્ધિ પામી હાલ ૩૭૨૨ છે, તે પરમકૃપાળુ જગનિયંતાની કૃપા અને આબાદીનું ચિહ્ન છે

પુરૂષ અને સ્ત્રીનું પ્રમાણ ફક્ત ભંગીઆની જ્ઞાતિમાં લગભગ ૨–૩ છે. બાકીની કોમોમાં સરખું અને ઓછું છે. પાટીદારમાં ૠ અને કણબીમાં ૠ છે.

આગળના તથા આ સૈકાના વસ્તીના વધારા ઘટાડાનાં કારણ:—દરેક જ્ઞાતિની વસ્તી વધતી ચાલી છે. કણબી લોકની ઓછી હોવાનું કારણ સંવત ૧૯૦૧ માં અત્રેના નરવાદારોએ આ ગામ પૈકીના લોકનું રંગાઇપુરા ગામવાસી ખેડુ લોકને ત્યાં વસાવ્યા. તેમાં અને કેટલોક કણબી વર્ગ ત્યાં વસવા ગયો તેથી અને કન્યાવિક્રયના દુષ્ટ રિવાજને લીધે પણ આ લોકની વસ્તી ઘટવાનું કારણ છે. બ્રાહ્મણ તથા તપોધનમાં પણ કન્યા વિક્રયને લીધે વસ્તીનો ઘટાડો થતો જણાય છે. બ્રાહ્મણો પોતાની સનદીઆ જમીન સાચવી રહ્યા છે. તેથી જણાય છે કે તેમની આર્થિક સ્થિતિ સંતોષકારક રહી હશે, પણ કન્યાવિક્રય અતિશય હોવાથી આ સૈકામાં તેમની વસ્તી વધવાને બદલે ઘટતી ચાલે છે. આ લોકોએ કન્યાની અછત મટાડવા ગામડાંનું પંચ બાંધી બીજી જ્ઞાતિઓ માફક કન્યાવિક્રયનો દુષ્ટ રિવાજ બંધ કરવો ઘટે છે. શહેરમાં કન્યા આપવાનો રિવાજ છે, અને ગામડેથી કન્યા આવવાની પુરતી છૂટ નથી તેથી કન્યાની અછત છે.

તપોધન બ્રાહ્મણમાં કન્યાવિક્રય છે, તેની સાથે ભિક્ષાવૃત્તિ પર નિર્વાહ તથા ઉદ્યમ કરવા તરફ ઓછી રુચિ હોવાથી તેમજ કેળવણીમાં પછાત પડવાના કારણે તેમની આર્થિક સ્થિતિ સારી નથી. તેમાંના ઘણાખરાએ પોતાનું વડીલોપાર્જીત તદ્દન વગરસલામીઉં મહેળાવ અને કાસોરની સીમનું વતન હતું તે ઘણું ખરૂ ગુમાવ્યું છે. પણ હાલમાં કેળવણીની વૃદ્ધિ થતી જાય છે, તેની સાથે ભિક્ષાવૃત્તિ ઓછી કરી ઉદ્યમે વળગવું શરૂ કર્યું છે. તેથી જો કન્યાવિક્રયનો રિવાજ ઓછો કરે તો તેમની સ્થિતિ સારો થવા સંભવ છે. હાલમાં તો પ્રથમના કરતાં સુધરતી જતી સ્થિતિનું ઝાંખું દિગ્દર્શન થાય છે તે આનંદકારક છે.

આ દશકામાં મજુર વર્ગની સ્થિતિ તેમને મજુરીનો દર સારો મળતો હોવાથી સંતોષકારક થઇ છે. તેમ તેમની વસ્તી પણ સારી રીતે વૃદ્ધિ પામે છે. એકલા વાઘરીની કોમમાંજ પાંચ વર્ષની અંદરના ૨૦ છોકરા અને ૭ છોકરી છે, જે ૨૨ પુરુષ અને ૨૪ સ્ત્રીઓ વચ્ચે છે. આવો સારો વધારો બીજી જ્ઞાતિઓમાં જોવામાં આવતો નથી. વસ્તીના પ્રમાણમાં બાળકોનું પ્રમાણ સેંકડે ૧૦–૧૫ હોય છે, ત્યારે આ કોમમાં હાલ ૩૩ ટકા છે.

(૪) ઘરની સંખ્યા અને પ્રમાણ—આ સૈકામાં ઘરની સંખ્યા વધીને બમણી થઇ છે. ગયા સૈકામાં પાટીદારનાં ૪૨, કણબીનાં ૭૨, બ્રાહ્મણનાં ૧૯, વાણીઆનાં ૩, તપોધનનાં ૧૧, સુતારનાં ૫, વેરાગીનાં ૨, વાળંદનાં ૧૦, માલીનાં ૧, વહોરાનાં ૩, તથા તે સિવાયની તમામ વર્ણનાં ઘર પીંઢેરી હતાં. આ સૈકામાં ફક્ત ઉપર જણાવેલી જ્ઞાતિઓમાં સુતારનું ૧, અને વાળંદનાં ૫ ઘર સિવાય તમામનાં ઇંટેરી મકાન થયાં છે. હાલ તો ઉપર જણાવેલી કોમો સિવાય અસલની માફક ઢેડ, ભંગીઆ, ગરોડા, ચામડીઆ, ધારાળા, રાવળીઆ, કુંભાર, વાઘરી ને ભોઇ પોતાની પંકકુટીઓ બાપદાદાના અસલ રિવાજ મુજબની સાચવી રહ્યા છે. તે વખતે ૪૨૦ ઘર પૈકી ૨૩ પર્ણકુટી હતી. હાલમાં એકે પર્ણકુટી નજરે પડતી નથી. ઇંટેરી ઘર ૧૬૧ હતાં ને પીંઢેરી ૨૩૬ હતાં. હાલ બધાં મળી ૧૨૫ ઘર સિવાય તમામ ઇંટેરી ઘર છે. આ પરિણામ પરમકૃપાળુ જગનિંયતાની કૃપાથી આપણા સુભાગ્યે બ્રિટિશ નેકનામદાર મહાસામ્રાજ્યના છત્રનું છે. આ રામરાજ્યના શાન્ત અમલમાં ખેતી–

વાડી, વેપાર રોજગાર વગેરે સારી રીતે ચાલી આર્થિક સંપત્તિમાં વધારો થએલો છે, તે જમાનાને અનુસરી ઘરોની બાંધણીમાં થએલા સુધારાથી જણાઇ આવે છે. આવા બાહ્યાડંબરથી લોકોમાં કહેતી ચાલે છે કે આગળ ઉંચ વરા અને નીચાં ઘર હતાં પણ આજ નીચા વરા અને ઉંચાં ઘર થયાં છે. આ કહેવત વાસ્તવિક રીતે હાલની રૂઢીને અનુસરીને પડેલી છે; કારણ કે આપણા આર્ય સંપ્રદાય પ્રમાણે પહેલાં જેવો અતિશય સત્કાર થતો હતો તેવો હાલ જોવામાં આવતો નથી. હાલના વખતમાં તો ખાસ પોતાનો સગો વ્હાલો અગર ઓળખીતો હોય તોજ તેનું આતિથ્ય કરવામાં આવે છે, પણ પ્રાચીન સમયમાં ઓળખાણ કે સંબંધ વગરનો અણજાણ્યો મહેમાન હોય તો પણ તેની પ્રેમ પુરઃસર આગતાસ્વાગતા કરી પોતાની આતિથ્યફરજ અદા કરતા. સારાં કારીગરીથી સુશોભિત અને મજબુત ઘર તો હલકા દરજ્જાનાં પ્રાણી જેવાં કે સુઘરી, કાચબા, શંખલાનાં જીવડાં વગેરે બનાવે છે, અને તે અંતે મનુષ્યને ઉપભોગ માટે સ્વાધીન કરી કંઇકપણ પરમાર્થવૃત્તિ બતાવે છે; પણ સુશોભિત અને ચિત્તાકર્ષક મકાનો કે જેમાં આતિથ્યસત્કારનો અભાવ હોઇ પરમાર્થ વૃત્તિનો બીલકુલ આભાસ પણ જોવામાં ન આવતો હોય તેવા મકાનો વાળા સદ્‌ગૃહસ્થો કરતાં ઉપર જણાવેલાં હલકા દરજ્જાનાં પ્રાણી કેટલાં ઉત્તમ તેનો વિચાર કરવાનું કામ સુજ્ઞ મહાશયો પોતાની મેળેજ કરી લેશે. પરંતુ સાથે સાથે વિદિત કરવાનું એટલુંજ કે જે ચરોતર, કાનમ, વાકળ, દશકોશી વગેરે ભાગોની પાટીદાર કોમ બાર ગામને પોતાથી શ્રેષ્ટ માની પૂજ્યભાવથી પોતાની કન્યાઓ આપવામાં કૃતકૃત્ય માનતા હતા અને હજુ પણ માને છે, તે ભાવ આપણા વડીલોએ કયા ગુણથી ઉત્પન્ન કર્યો હશે તેનો બારીકીથી વિચાર કરી તેના ઉપર જે મેલ ચઢયો હોય તેને માંજી સાફ કરી પૂર્વવત્ ચળકાવવા પ્રયત્ન થવા આગેવાનોની તથા સમગ્ર જનમંડળની પહેલી ફરજ છે. આ મેલ કયો છે તે શોધવાનું તથા દૂર કરવાનું સુજ્ઞોને પોતાની મુનસફીપર સોંપવામાં આવે છે.

(૫) **ખેતીનાં ઢોર**—આગળના સૈકાગાં બળદની જોડ ૧૫૫ હતી. હાલ ૧૦૫ જોડ છે, એટલે કે વસ્તીનો વધારો થવા છતાં બળદની સંખ્યામાં ૫૦ જોડનો ઘટાડો થએલો જણાય છે. વળી તે વખત કરતાં આજુબાજુ મહેલાવ, કાસોર, પીપળાવ, વીશનોલી વગેરે ગામની જમીનની માલકીપણાના વધારાને લીધે તે સૈકા કરતાં જમીન વધારે થઇ છે, એટલે ખેતી પણ વધારે પ્રમાણમાં થાય છે. આ બળદની પડેલી ખોટ ભાડુતી બળદથી પુરી પડે છે. ભાડુતી બળદ વીશનોલી, કાસોર અને મહેળાવના ધારાળા તરફથી મળે છે. આથી કરી ખેતીના કામને અડચણ પડતી નથી. વળી આગલા સૈકામાં પાટીદાર કરતાં કણબીની સંખ્યા અડધી હતી પણ તેઓ રંગીપુરામાં વસવા ગએલા હોવાથી તેમની સંખ્યા કમી થઇ છે. તે વખતે તે લોક બળદ રાખતા, તેથી પરગામ પર આધાર રાખવો પડતો નહિ. વળી ઘર બાંધવાના કામમાં વપરાતી ઇંટો તથા માટી વહી લાવવાનું કામ ગધેડાંઓ ઉપાડી લીધું છે. વળી આ ગામમાં હાલ બે વૉટર પંપ ચાલતા હોવાથી કેટલીક જમીનને પંપનું પાણી મળે છે. આવા આવા સાધનો મળવાથી બળદોની સંખ્યા કમી છે, અને ગધેડાંની સંખ્યા વધીને લગભગ ૩૦ થઇ છે. ખેતીના કામમાં ખાતર ભેંસ બળદનું વપરાય છે. હાલમા ૬૩૦ ભેંસ, ૪ ગાય, વાછરડા વાછરડી ૧૧, અને પાડાપાડીની સંખ્યા ૪૭૩ છે.

તેમનું ખાતર ખેતીના ઉપયોગમાં લે છે. આ સિવાય બકરાંનું ખાતર પણ ખેતીના કામમાં વાપરે છે. છતાં જોઇતું ખાતર આ ગામનાં ઢોરથી પુરૂં પડતું નથી તેથી આજુ બાજુના ગામોમાંથી વેચાતું લાવે છે. આજુબાજુના ગામ કરતાં આ ગામમાં ખાતરનો કસ અને કિંમત દોઢગણી છે.

(૬) જમીનનો પાક—આ ગામમાં જરાયત ખેડવા લાયક જમીન ૧૧૦૮–એ. ૨૪ ગું, નરવાહની એકર ૩૦–૧૦, સરકારી નરવાહની તથા જાત ઇનામી એકર ૨૨૭–૩૬, દેવસ્થાન ઇનામ ખાતે એકર ૧૮–૧૫, ગામનોકર રૈયત ઉપયોગીની એકર ૩–૧૬, ગામનોકર સરકાર ઉપયોગી ૧૪ એકર ૧૮ ગુંઠા–મળી એકંદર જરાયત જમીન ૧૪૨૩ એકર ૪ ગુંઠા આકારી છે. તેમા મુખ્ય પાક તમાકુ, કોદરા, બાજરી, બાવટો અને સુંઠીયું (જુવાર) થાય છે. વધારે વાવેતર તમાકુનું થાય છે. તમાકુનો પાક દર વીઘે ૩ મણથી ૧૦ મણ સુધી થાય છે; અને બીજો પાક ૫ મણથી ૧૬ મણ સુધી થાય છે. બધું ખાતર તમાકુની જમીનમાં જતું હોવાથી બીજા પાકની જમીનને ખારીયા કે માટી સિવાય બીજું ખાતર મળતું નથી. તમાકુની માફક બીજા પાકની જમીનમાં ખાતર નાખી સારી માવજત કરે તો અનાજનો પાક સારો થવા સંભવ છે. તમાકુના પાક ઉપર સુધરેલી રીત પ્રમાણે જેટલું ખાતર, ખેડ, પાણી તથા સમયસંધી સચવાવી જોઇએ તેટલી સારી રીતે સાચવે છે. કારણ કે વસ્તીના પ્રમાણમાં જમીન પુરતી નહિ હોવાથી આખા વર્ષના પોષણનો આધાર તમાકુ ઉપર છે. ગામતળની તમાકુ સારી ઉંચી પ્રતિની અને કસદાર હોવાથી ભાવ પણ ઠીક ઉપજે છે. જરાયત જમીનની વીઘોટી એકરે સરાસરો રૂ. ૬–૮–૦ ની લગભગ આવે છે.

ક્યારીની જમીન નરવાહની ૮૯ એકર ૨૧ ગુંઠા, નરવાહની ૬ એકર ૩૦ ગુંઠા, સરકારી સનદીઆ ૩૭ એ. ૭૫, દેવસ્થાન ઇનામની ૨ એ. ૩૯ ગુંઠા તથા ગામ નોકરની ૦ એ. ૮ ગુ. મળી કુલે ૧૩૭ એ. ૧૩ ગું. છે. ક્યારી જમીનમાં ફક્ત ડાંગરનો પાક લેવામાં આવે છે. ક્યારી જમીનનો આકાર દર એકરે સરાસરી રૂ ૯–૦–૦ આવે છે. ગામનો સામાન્ય દર રૂ ૫–૧૨–૦ નો છે. પહેલા વર્ગની જમીનનો કસ દર એકરે રૂ ૨૫૦–૦–૦ નો ગણાય છે. આ સિવાય સ્મશાન ખાતે ૮ એ. ૨૭ ગું., ચરાહ ખાતે ૨૮ એ. ૯ ગું., તળાવખાતે ૦ એ. ૩૦ ગું., ખાડા ટેકરા ૫ એ. ૬ ગુ., ઉકરડા ખાતે ૩ એ. ૦ ગુ., મહાદેવ ખાતે ૧ એ. ૧૨ ગું., ગામતળ ખાતે ૨૯ એ., તથા માર્ગ ૩૨ એ. ૧૭ ગું., મળી લગભગ બધી જમીનનું ક્ષેત્રફળ ૧૭૧૦ એ. ૦ ગું. છે. હાલની સરવૈની મુદત સને ૧૯૨૫ સુધીની છે.

આ ગામમાં જાજરૂ તથા ઉકરડા માટે જમીન પુરતી નથી. તેથી લોકોને તે બાબતની ઘણી હેરાનગતિ ભોગવવી પડે છે. ખાસ કરી ચોમાસામાં ખેતરો બંધ થવાથી જાજરૂ માટે ઘણીજ વિપત્તિ વેઠવી પડે છે. તે દૂર કરવા આગેવાનોએ સરકાર પાસે દાદ માગવાની જરૂર છે. ઉકરડાને માટે પણ વધારે જમીન માગવાની જરૂર છે.

(૭) નરવાહ સંબંધી જાણવા લાયક હકીકત:—નરવાહની જમીનનો ઠરાવેલો આકાર જ્યાં સુધી નરવાદારો સરકારને ઠરાવેલા હપતા પ્રમાણે પુરો આપી દેશે ત્યાં સુધી

તે જમીનના વહીવટમાં સરકાર હાથ ઘાલશે નહિ. કોઇ નરવાદાર બીનવારસ ગુજરી જાય તો તેની જમીન મુખ્ય નરવાદારને ખાતે ચઢે છે. ગામનળની જમીન પર નરવાદારોનો હક છે. મુખ્ય રસ્તો ફક્ત સરકારી છે. તે ૧૫ થી ૨૦ ફુટ સુધી પહોળો રખાએલો છે. આ રસ્તા પૈકી દબાણ થાય તો સરકાર તેનું ભાડું તથા વિશેષ ધારો લે છે.

નરવાહની જમીનમાં ખેડુત ફળાઉ ઝાડ ઉછેરે તો તે ઝાડનાં ફળ ઉપર ખેડુત ખેડે ત્યાં સુધી ફક્ત ½ ભાગ મળે. ખેડુત ખેતર ખેડવું મૂકી દે તો પછી તેનો હક પહોંચતો નથી. નરવાહની જમીનમાંથી થોડી જમીન કોઇને વેચાતી નથી. બધા ખાતાની જમીન વેચે તોજ વેચી શકાય. સરકારે સરવૈ નંબર પાડી જે હદ નિશાન કર્યા છે તે દુરસ્ત નહિ રાખે તો સરકાર દંડ લે છે. નરવાહની જમીન પર ઠરાવેલા આંકડા ઉપરાંત ગવર્મેંટને લોકોપયોગી કામ માટે જેટલો કર બેસાડવાની જરૂર હશે તેટલો બેસાડી શકશે. ખેતીના સુધારા માટે નરવાહની જમીનમાં કુવા, તળાવ, ઇમારત કરવાની છૂટ છે; પણ જે કાર્યથી તે જમીન ખેતીના ઉપયોગમાં ન આવે અથવા ઉત્પન્ન કમી થાય એવા કાર્યને માટે મહેરબાન કલેકટર સાહેબ બહાદુરની પરવાનગી લેવી જોઇએ, અને જે વિશેષ ધારો ઠરાવે તે આપવો પડશે. સને ૧૮૬૬–૬૭ ની સરવૈ વખતે જે જમીનનું મહેસુલ નરવાદારોને પુરેપુરૂં મળતું નહોતું તે જમીન સનંદીઆ જમીન તરીકે જુદી કાઢી હતી. તેવી જમીન લગભગ ૧૨૫ એકર હતી આ જમીન જે ખાતામાંથી ગએલી તે ખાતાદારોને જમીન જવા છતાં ફાળો સરખો આપવો પડતો તે આકારી નરવાહથી ઓછો થયો હતો. મૂળ સરવૈ સને ૧૮૬૬–૬૭ વખતે આકારી નરવા કરવા દયાળુ સરકારે સમજુત કરી હતી, પણ ગેરસમજથી ફાળો ચાલુ રાખ્યો તેથી ઉપરના ૧૨૫ એકર જમીનનો ફાળો ૩૦ વર્ષ વધુ ભરવો પડયો હતો. આ ગામમાં એકંદર સરવૈ નંબરની સંખ્યા લગભગ હજાર છે, અને જમીન લગભગ ૧૭૧૦ એકર છે.

નરવાદાર અને જાથુ ખેડવાળાની વચ્ચેનો સંબંધ એવો ચાલે છે કે નરવાદારને જાથુ ખેડુતો બાંધેલી રકમ આપે છે તે ઉપરાંત નરવાદાર તરીકે સરકારની તેમ ખાનગી બળદ જોડવા વગેરેનું કામ નરવાદારને જરૂર પડે તે વખતે કરે છે, અને જાથુ ખેડુતોને બળદ ન હોય તો ભાડું આપે છે અગર ભાડે લાવી આપે છે. જાથુ ખેડુનો વંશ ન હોય તો તેને જાથુ ખેડની મિલ્કત બીજા કોઇને આપવાનો અધિકાર નથી. તેવી જાથુ ખેડની મિલ્કત તે નરવાદારને મળે છે. નરવાના વારસા બાબત નરવાની મિલ્કત નરવાદાર પોતાના કુટુંબી માણસ સિવાય બીજાને આપી શકતો નથી. આ ગામમાં નરવાની મિલ્કત ભાણેજ તથા દીકરીને અગર જમાઇને આપવાનો વહીવટ નથી. પણ નરવાદારના પિત્રાઇઓની સંમતિ અને રાજીપણાથી આપે તો તેમાં હરકત આવતી નથી.

(૮) પ્રાચીન અને અર્વાચીન કેળવણીની પદ્ધતિ:—સૃષ્ટિની શરૂઆતમાં મનુષ્યો કેવળ જંગલી અવસ્થામાં હતાં, એક બીજાથી ડરતાં, પહેરવા ઓઢવાને માટે ઝાડની છાલો તથા પાંદડાંનો ઉપયોગ કરતાં, ને તેઓમાં બીલકુલ સંપ નહોતો. ગુજરાન માટે આખો દિવસ ભટકતાં ઘાસનાં ઝુંપડાં કે પહાડ કે ઝાડોની બખોલોમાં રહેતાં. આ સમયમાં

કેળવણીનો અવકાશ ક્યાંથી હોય? પાછળથી બધામાં સંપ થયો, બુદ્ધિની ખીલવટ થતી ગઈ અને એક બીજાની મદદથી વ્યવહાર ચલાવતા થઇ મનુષ્યત્વમાં આવવા લાગ્યાં. ઇશ્વરકૃપાથી આર્યો હિંદમાં આવીને વસ્યા પછી જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ વિદ્યાકળા ને તત્ત્વજ્ઞાનની એવી તો ઉત્તમતા થઇ કે પૃથ્વીના સર્વ દેશોમાં આર્યાવર્ત્ત શ્રેષ્ઠ પદ ભોગવવા લાગ્યો. હાલ યુરોપ, અમેરિકા, તથા એશિઆના જાપાનાદિ દેશ જે હાલ વિદ્યાકળામાં ઉત્તમતા ભોગવે છે તેની તે વખત ગણતી પણ નહોતી. તે વખત તાડનાં પત્ર હતાં, કાગળો નહોતા તેથી તાડપત્રથી કે મોંઢે સાચવી રાખતા. કાળચક્ર ઇશ્વરી નિયમ પ્રમાણે ફર્યા કરે છે અને દરેક વસ્તુ તડકે છાંયડે તેમ અજવાળા અંધારામાં આવી જાય છે, તેમ મુસલમાનોના આવવા પછી તેમના અવ્યવસ્થિત રાજ્ય અમલમાં હિંદની વિદ્યાકળા ને તત્ત્વજ્ઞાનની પડતી થઇ. ઇશ્વરકૃપાથી અંધારા પછી અજવાળું થાય છે, તે કુદરતી નિયમે આપણા કંઇ પુણ્યના સંસ્કાર ઉદય પામવાથી રામરાજ્ય જેવું બ્રિટિશ મહારાજ્ય આપણા છત્ર રૂપે થયું. આપણા ગુજરાતમાં બ્રિટિશ અમલ સને ૧૮૧૮ એટલે સંવત ૧૮૭૪ ની સાલમાં થયો.

આ વખતે કેળવણીની પ્રગતિ બીલકુલ નહોતી, પણ પંડિતો (પંડ્યા) ગામઠી નિશાળો માંડતા. તે શિયાળા તથા ઉનાળામાં ચાલુ રહેતી. ચોમાસામાં ખેતીની મોસમમાં બંધ રહેતી. આ શાળામાં પ્રથમ આંક શિખવવાના શરૂ કરતા. તે વખતે હાલના જેવી સ્લેટ પેનો નહોતી પણ લાકડાની પાટીપર પ્રથમ ૧ થી ૧૦ સુધીના અંકનો માટીવડે ખરડો કરી આપતા, તે ઘુંટવના. ઘુંટતાં ને બોલતાં આવડે એટલે ખરડો ધોઇ નાખી પછી ખડીથી પાટીને માંજી તે પર ધૂળ નાખી લાકડાની લેખણથી લખતા. કેટલાક સુંદર ખરાદીને ત્યાંથી ઉતારેલી રંગેલી કલમો વાપરતા. કેટલાક નદીમાંની છીણીની કલમ વાપરતા. ને તે બેને અભાવે ગમે તે લાકડાની અણીદાર કલમથી લખતા; તે વખતે લખતા ઘણું સાચવવું પડતું, કારણ કે જરા પાટીને ઠોકર વાગેથી ધૂળ એકઠી થઇ લખેલુ ભુંસાઇ જતું. આવી રીતે બધા આંક શીખી રહ્યા પછી કક્કાની શરૂઆત થતી. આજની પેઠે ચિત્રો સાથે કક્કો (જેમકે કરવતનો "ક", ખલનો "ખ" એ ઢબે) શિખવાનું નહિ; પણ ગોખણથી (કક્કો કેવલો, ખખ્ખો ખાધેલો, ગગાજીની ગાય એ રીતે) ફક્ત વસ્તુનાં નામથી આરંભ થતો. કક્કો શીખી રહ્યા પછી તેની બારાક્ષરી શિખવતા. બારાક્ષરી આવડયા બાદ વિશેષ નામો તથા ખત, કાગળ વગેરેની ઢબ બતાવતા; ને વ્યાજનામું શિખવતા. એટલે ભણવાનું કામ ગામડાંમાં પૂરૂ થતું. ખતનામું વાણીઆના છોકરાજ શીખતા. તેથી તેને હજુ કેટલાક "વણિક નિશાળો" એ નામથી ઓળખે છે. પાટીદારને બીજી કોમ ફક્ત આંક લખતાં શીખતી. કોઇ પણ વાચનની ચોપડી હતી નહિ. આ શાળાઓ સવારથી સાંજ સુધી ચાલતી; વચમાં ગોવાળ છુટતી વખત તથા ગોવાળ આવતી વખત ખાવાપીવાના વખત જેટલી રજા મળતી; તે વખત રવિવાર બુધવારની તથા તહેવારોની રજાઓ હાલ પળાય છે તેમ પળાતી નહિ, પણ અમાસ, પુનેમ ને મોટા તહેવારોની રજાઓ મળતી, અને તે પંડ્યાની મરજી ઉપર આધાર રાખતી. દરેક રજા પડે તેના આગલા દિવસે ગોવાળ આવતી વખત છુટી પડતી ત્યારે દરેક છોકરાને છુટીના કર તરીકે મુઠી અનાજ તથા એક પૈસો પંડયાને આપવા માટે લઇ જવો પડતો. ભણાવ્યા બદલ જેટલા છોકરા હોય તે બધાને માથે વારા

ફરતી પંડ્યાને માટે સીધું, પાણી તથા લાકડાં, શાક વગેરે પૂરૂં પાડવું પડતું. તે સિવાય સો સુધી લખતાં આવડેથી રૂ. ૧) સુધી તથા આંક ભણી રહેથી તથા કક્કો આવડેથી નામાં લખતાં આવડેથી ગામના સ્થાનિક ઠરાવ પ્રમાણે રોકડ રકમ આપવી પડતી. પંડ્યાને બેસવા માટે હાલની પેઠે ખુરશી, મેજ. સ્ટૂલ નહોતાં; પણ માટીનો ઓટલો કરી તે ઉપર પંડ્યાજી ઓડે માથે હાથમાં ચાબુક કે નેતરની સોટી લઈ બેસતા ને આજુબાજુ છોકરાઓને બેસાડી, મોટા રાગડાથી વારા ફરતી આંક ને કક્કો વગેરે શિખવતા. છતાં હીંગ, મરી, ટોપરાંને બદલે હગ, મર, ટપર જેવું સો વિદ્યાર્થીમાંથી ૯૫ જણ લખી શકતા. એટલે કે તે વખતનાં જુનાં ખતપત્રો જોશો તો કાના માત્રની નિશાની ઘણીજ ઓછીવાળાં લખાણ જોવામાં આવશે. વ્યવહારોપયોગી વાચન, લેખન ને હિસાબનું કામ યથાસ્થિત થતું નહિ. તો સાહિત્યનું ઉંચું જ્ઞાન તો ક્યાંથીજ મળી શકે. ક્યાં અસલની આર્ય મહર્ષિઓનું ગિર્વાણ ભાષાદ્વારા સર્વ શાસ્ત્રોનું ઉત્તમોત્તમ જ્ઞાન અને ક્યાં આ પ્રાકૃત ભાષાનું નહિ જેવું વાંચતાં લખતાં શિખવવાનું જ્ઞાન! આપણા સુભાગ્યે હવે અસલની વિદ્યાકળા બ્રિટિશ મહારાજ્યના પ્રતાપથી આપણે શીખવા ભાગ્યશાળી થયા છીએ.

(૯) અર્વાચીન કેળવણીની શરૂઆત—દરેક વસ્તુની એકની એક સ્થિતિ રહેતી નથી, એ કાળચક્રના ઇશ્વરી નિયમ આધારે આ સ્થિતિ ફેરવવા આપણા પૂર્વના પુણ્યોદયે બ્રિટિશ મહારાજ્ય થયું. તેથી કરી સરસ્વતી દેવીએ જે સમાધિ લીધી હતી તેમાંથી આપણું કલ્યાણ કરવા ને હૃદયપ્રદેશમાં વાસ કરવા જાગૃત થઇ.

બ્રિટિશ સરકારે (નામદાર લોર્ડ હેસ્ટિંગ્સના વખતમાં) પ્રજાની માનસિક શક્તિઓનો વિકાસ કરવા પોતાની ફરજ સમજી પદ્ધતિસર સાર્વજનિક કેળવણી આપવા પહેલ વહેલા સને ૧૮૨૦માં મુંબાઇમાં નેટીવ એજ્યુકેશન સોસાયટી કેળવણીનો વિસ્તાર કરવા સ્થાપી. તેમણે છાપખાનું કાઢી અંગ્રેજી અને દેશી ભાષામાં કેળવણી આપવાના પુસ્તકો છપાવ્યાં, અને મુંબાઇમાં કેળવણી આપવી શરૂ કરી. આ સોસાયટીએ આપણા ગુજરાત પ્રાંત ખાતે સને ૧૮૨૬માં પહેલ વહેલી અમદાવાદમાં ૨, ધોળકામાં ૧, ખેડામાં ૧, નડિઆદમા ૧, ભરૂચમાં ૨, સુરતમાં ૩, એ રીતે દશ સ્કૂલો ગુજરાતી ભાષાનું જ્ઞાન આપવા કાઢી. તે વખત મહેતાજીઓને પગાર, ઘરનું ભાડું કંટીજન્ટ ખર્ચ તથા વિદ્યાર્થીઓને મફત સ્લેટ, પેનો, ચોપડીઓ સદરહુ સોસાયટી તરફથી આપવામાં આવતું. જિલ્લાના કલેકટર સાહેબ તે તે શાળાની તપાસ રાખતા, ને વહીવટ કરતા, ને સદરહુ સોસાયટી સાથે પત્ર વ્યવહાર રાખતા. આ મંડળનો અધિકાર સને ૧૮૪૦ સુધી રહ્યો. ને દરમ્યાન ૧૪ વર્ષમાં ફક્ત ૧૧ નિશાળો આખા ગુજરાત ખાતે વધીને કુલ ૨૧ સ્કૂલો થઇ. આ પ્રગતિ ઘણી મંદ થવાનું કારણ લોકમાં પંડ્યાઓ પોતાનું જીવન જતું રહેવાના સંભવથી ગપ્પો ચલાવતા કે સરકાર ભણાવી કવાયત શિખવવા લઇ જશે. આ વાત અજ્ઞાની લોક સાચી માનતા, અને સરકારી શાળાનો મફત મળતો લાભ લેતા નહિ. સને ૧૮૪૦ પછી કેળવણીની સંસ્થાઓ ઉઘાડવાનું કામ "બાર્ડ ઑફ એજ્યુકેશન" નામના મંડળે હાથમાં લીધુ; પરંતુ સારા શિક્ષકોના અભાવે કેળવણીની પ્રગતિ સારી થઇ શકી નહિ, સને ૧૮૪૫માં સારી કેળવણી આપવા માટે સારા શિક્ષકો તૈયાર કરવા મુંબાઇમાં એલ્ફિન્સ્ટન્ટ શાળાને અંગે

એક નોર્મલ સ્કૂલ સ્થાપવામાં આવી. તેના પ્રિન્સિપલ બાળ ગંગાધર શાસ્ત્રીજી થયા. તેમણે નીતિ અને સામાન્ય ધર્મના વિષયનાં વિધિધારા, બોધવચન, ઇસપનીતિ, ડાડ્સલી સૃષ્ટિજન્ય ઈશ્વરજ્ઞાન, શાળોપયોગી નીતિગ્રંથ, બાળમિત્ર ભાગ ૧–૨ વગેરે પુસ્તકો રચીને ધોરણના ક્રમ પ્રમાણે દાખલ કર્યાં હતાં. આ પુસ્તકો શીખેલા માણસો નીતિયુક્ત ઉત્તમ ચારિત્રબળવાળા, કર્તવ્યપરાયણ, રાજભક્ત, દેશભક્ત, થયા છે, તે વાત પ્રસિદ્ધ છે. ત્યાર પછી થએલી વાચન માળાનું શિક્ષણ કેટલે દરજ્જે ફળદાયી નીવડયું છે તે સર્વ કોઈ જાણે છે. વાચનમાળાનાં પુસ્તકો સાથે ગણિત, ભૂમિતિ, ઇતિહાસ, ભૂગોળ, વ્યાકરણ વગેરે વિષયો દાખલ કર્યા છે, અને પરીક્ષાનું ધોરણ ઠરાવ્યું છે. પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને નોકરીઓ આપવાની ઠરાવી. આ નોકરીની લાલચને લીધે કેળવણીનો લાભ લેનાર વધતા ગયા, અને કેળવણીની પ્રગતિ થઇ. આ નોર્મલ સ્કૂલમાં ૧૦ વિદ્યાર્થીઓ દાખલ થયા, તેમને દરમાસે દરેકને રૂ. ૫ની સ્કોલરશીપ મળતી. થોડા વખતમાં શાસ્ત્રીજી સ્વર્ગસ્થ થયા, અને તેં વખતે હાલના જેવું રેલવે મુસાફરીનું સાધન નહિ હોવાથી જવું અઘરૂ પડવાથી સ્કૂલ પડી ભાંગી. આ સ્કૂલને સુરતની હાઈ સ્કૂલના હેડ માસ્તર મી. ગ્રોનની દેખરેખ નીચે સને ૧૮૫૪માં સુરત આણવામાં આવી. તેમાં તે વખતે ૧૩ સ્કૉલરો દાખલ થયા. આ સ્થાને પણ મુબાઈ જેવી અડચણો નડવાથી સને ૧૮૫૭માં અમદાવાદ લઇ જવામાં આવી. તેના પહેલ વહેલા પ્રિન્સિપલ સાહેબ લાલભાઈ રૂપરામ હતા. ત્યારથીજ આજ સુધી ત્યાંજ શાળાઓના અધ્યાપક શિક્ષકોને સારી તાલીમ આપી કેળવવામાં આવે છે. ટ્રેનિંગ સ્કૂલ અમદાવાદ લઈ ગયા પછી સુરત ભરૂચ જિલ્લાની સ્કૂલો માટે સને ૧૮૬૫માં સુરતમાં બીજી ટ્રેનિંગ સ્કૂલ ઉઘાડવામાં આવી, તેના પ્રિન્સિપલ તરીકે નંદશંકર તુલજાશંકર (કરણ ઘેલાના કર્તા) ને નીમવામાં આવ્યા, પણ તેની જરૂર ન લાગવાથી ત્યાં બંધ કરી કાઠીઆવાડના પાટનગર રાજકોટમાં ઉઘાડવામાં આવી, જે હજુ સુધી ચાલુ છે. અમદાવાદમાં ટ્રેનિંગ સ્કૂલ સ્થાપવા માટે ૫૦ હજાર રૂપીઆનું ફંડ એકઠું કરવામાં આવ્યુ. આ સંસ્થાને પોષણ આપવામાં પરોપકારી સ્વર્ગસ્થ શેઠ પ્રેમચંદ રાયચંદે લગભગ રૂ. ૮૮) હજારની મદદ આપી પોતાની ઉદાર વૃત્તિ બતાવી આપી છે.

આ કલાસોમાં કેળવાયલા શિક્ષકો ગામડામાં કેળવણી આપવા તૈયાર થતા. જે ગામમાં બે હજાર માણસ ઉપરાંતની વસ્તી હોય અને લોકો મફત મકાન આપવા બંધાતા હોય ત્યાં શાળાઓ સ્થાપવામાં આવી. આ વહીવટ સને ૧૮૫૫ સુધી ચાલ્યો. સને ૧૮૫૫ માં બૉર્ડ ઑફ એજ્યુકેશનના મંત્રી લૉર્ડ મેકૉલે તથા લૉર્ડ ડલહાઉસી સાહેબે ઈંગ્લાંડથી મંજુરી મંગાવી ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સ્થાપ્યુ. આજ અરસામાં સુભાગ્યે આપણા ગુજરાત પ્રાંતમાં વિદ્યાવિલાસી સર. ટી. સી. હોપ સાહેબ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબના હોદ્દા પર સને ૧૮૫૫માં નીમાયા. તેઓ સાહેબે પોતાના હોપ (આશા) નામ પ્રમાણે કામ કરી કેળવણીની સારી આશા રૂપી વૃક્ષનું મૂળ ગુર્જર ભૂમિમાં દાખલ કર્યું, જેનાં સારાં ફળ ચાખતા આજે આપણે ભાગ્યશાળી થયા છીએ. બૉર્ડ ઑફ એજ્યુકેશનના વખતમાં અર્ધો પગાર ગામ લોકનો અને અર્ધો પગાર સરકાર તરફથી અપાતો. આ પદ્ધતિ હોપ સાહેબે બદલી બધો પગાર સરકારમાંથી અપાવા માંડયો. આ હોપ સાહેબ ૧૮૫૫થી ૧૮૬૦ સુધી ઇન્સ્પેકટર સાહેબના

હોદ્દા ઉપર રહ્યા. દક્ષિણાન વાચનમાળાનાં સાત પુસ્તકો તથા શાળોપયોગી, વ્યાકરણ, ગણિત, ભૂગોળ વગેરે ગ્રંથો રચવા માટે બુક કમિટિ નીમી પોતે પ્રમુખ પદે રહી અમૂલ્ય મદદ કરી. મર્હુમ નામદાર મહારાણી શ્રી વિકટોરીઆએ નામદાર કંપની સરકાર પાસેથી સને ૧૮૫૮ના નવેમ્બર માસની ૧ લી તારીખ એટલે સંવત ૧૯૧૫ના કાર્તક સુદિ ૧ ના બેસતા વર્ષના શુભયોગમાં રાજસત્તા પોતાના હાથમાં લીધી, ત્યારથી કેળવણીનો પ્રભાવ દિન પ્રતિ દિન ઉચ્ચ સ્થિતિમાં આવવા લાગ્યો. હોપ સાહેબ આપણા ગુજરાત પ્રાંતની કેળવણીના પિતા ગણાય છે તે યોગ્યજ છે, કારણ કે તેમણે ગુજરાતની કેળવણીને ઉન્નત સ્થિતિમાં આણવા સતત્ પ્રયાસ કર્યો છે તથા કેટલીક વખત પોતાના સ્વાર્થનો ભોગ આપવામાં પણ પાછો પગ કર્યો નથી. એ સાહેબે રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ સી. આઇ. ઇ. ને ઇંગ્લાંડની પદ્ધતિ શીખી લાવી તે પ્રમાણે શિક્ષણ અપાવી કેળવાએલા શિક્ષકો તૈયાર કરવા સને ૧૮૬૦ના માર્ચ માસમાં વિલાયત મોકલ્યા હતા. તેમનો વિલાયત જવાનો ખર્ચ હોપ સાહેબ તથા હાવર્ડ સાહેબે આપ્યો હતો, તથા આવવાનો ખર્ચ અને પગાર સરકારે આપ્યો હતો. સને ૧૮૬૦થી સને ૧૮૯૩ સુધી કર્ટિસ સાહેબ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબના હોદ્દા પર હતા. આ કર્ટિસ સાહેબના અમલમાં સુણાવમાં ગુજરાતી સ્કૂલની સ્થાપના થઇ અને રા. બ. જમીયતરામ ગૌરીશંકર શાસ્ત્રીજી સાહેબના સમયમાં સ્કૂલનો સુવર્ણ મહોત્સવ ઉજવવા ભાગ્યશાળી થયા.

(૧૦) સુણાવ સ્કૂલની સ્થાપના અને તેની જાણવા લાયક હકીકત.

સુણાવ સ્કુલ તા. ૭–૧૦–૬૫ ને રોજ આપણા સુણાવ ગામના ચોરામાં શરૂ કરી. તે દિવસે રજીષ્ટર પર ૧૩ નંબર દાખલ થયા હતા, અને માસ આખરે ૩૯ નંબર થયા હતા. આ સ્કૂલ સ્થાપન થઈ તેજ દિવસે એટલે સને ૧૮૬૫માં ખેડા જિલ્લામાં ગામડામાં ૭૫ અને તાલુકાના શહેરોમાં ૧૮ મળી ૯૩ નિશાળોનું અસ્તિત્વ હતું, તેની વિગતઃ–કપડવણજમાં ૭, ઠાસરામાં ૬, મહુવામાં ૮, મહેમદાવાદમાં ૬, માતરમાં ૧૦, બોરસદમાં ૧૨, આણંદમાં ૭, નડીયાદમાં ૧૦, ઉમરેઠમાં ૯, અને તાલુકામાં શહેરોમાં બ્રેન્ચો સાથે ૧૮, મળી ૯૩ સ્કૂલો, ગુજરાતી હતી. તેની આગલી સાલે ફક્ત ૪૬ નિશાળો હતી. આ વધતી પ્રગતિની શરૂઆતમાં આપણા ગામની નિશાળ પણ સ્થાપન થઇ હતી. આ વખત ગામઠી નિશાળો વાળાની સ્પર્ધા હતી. શરૂઆતમાં મહેતાજી માણેકલાલ ખુશાલદાસ દેસાઇને તથા પ્રાણનાથ જેભાઇને લગભગ ૧૮૭૦ સુધી ઘણી અડચણો નડી હતી.

(૧૧) આ શાળાની ૫૦ વર્ષની નંબર, હાજરી તથા શિક્ષકો સંબંધી મુખ્ય હકીકત નીચે મુજબ છે.

સાલ.	વાર્ષિક સરાસરી નંબર.	વાર્ષિક સરાસરી હાજરી.	મુખ્ય શિક્ષકનું નામ.	મુખ્ય શિક્ષકનો પગાર.	મદદગાર શિક્ષકની સંખ્યા.	મદદગાર શિક્ષકના પગારનો દર.	વિશેષ હકીકત
૧૮૬૫-૬૬	૧૧૭-૭	૧૧૫-૪	માણેકલાલ ખુશાલદાસ દેસાઈ.	૧૨	મૉની-ટર.	૨	
૧૮૬૬-૬૭	૧૪૦-૪	૧૧૯-૭		૧૫	મૉની-ટર.	૪	
૧૮૬૭-૬૮	૭૦-૧	૪૬-૯		૧૫	૧	૫	
૧૮૬૮-૬૯	૮૨-૧	૫૭-૩		૧૮	૩	૬-૮-૦,૩-૮-૦,૨-૮-૦	
૧૮૬૯-૭૦	૯૭-૫	૭૩-૭		૧૮	૩	૫,૪,૩,	
૧૮૭૦-૭૧	૯૦-૧	૫૮-૧	પ્રાણનાથ જેઠાભાઇ.	૧૮	૩	૫,૪,૩,	
૧૮૭૧-૭૨	૮૭-૨	૬૦-૫		૧૮	૨	૫,૪,	
૧૮૭૨-૭૩	૮૦-૫	૫૬-૭		૧૮	૨	૫,૪,	
૧૮૭૩-૭૪	૭૮-૪	૫૩-૪		૧૮	૨	૫,૪,	
૧૮૭૪-૭૫	૯૯-૪	૭૬-૫	ભવાનીશંકર દોલતરામ પંડ્યા.	૧૮	૨	૫,૪,	
૧૮૭૫-૭૬	૯૧-૩	૬૮-૪		૧૮	૨	૫,૪,	
૧૮૭૬-૭૭	૧૦૨-૭	૭૩-૫		૨૫	૨	૫,૪,	
૧૮૭૭-૭૮	૧૦૦-૨	૭૧-૬		૧૮	૨	૫,૪,	
૧૮૭૮-૭૯	૧૦૪-૫	૮૩-૨		૨૫	૨	૬,૪,	
૧૮૭૯-૮૦	૧૦૫-૧	૬૮-૮	વજેશંકર ગોવિંદરામ પંડ્યા.	૧૮	૨	૬,૪,	
૧૮૮૦-૮૧	૧૩૭-૨	૯૩-૮		૨૮-૧૧-૦	૩	૬,૪,૩,	
૧૮૮૧-૮૨	૧૭૯-૭	૧૩૦-૩		૨૩-૦-૦	૪	૬,૪,૩,૩	
૧૮૮૨-૮૩	૨૦૮-૩	૧૬૪-૮		૩૩-૦-૦	૫	૭,૫,૪ ૩,૩	
૧૮૮૩-૮૪	૨૩૦-૧	૧૮૦-૩		૩૮	૬	૬,૫,૪,૪,૩,૩	
૧૮૮૪-૮૫	૨૨૬-૧	૧૬૩-૬		૪૧	૬	૬,૫,૪,૪,૩,૩	
૧૮૮૫-૮૬	૨૧૦-૧	૧૬૨-૮		૩૫	૪	૬,૫,૪,૩	
૧૮૮૬-૮૭	૨૦૫-૦	૧૪૯-૮		૩૫	૪	૬,૫ ૪,૩	
૧૮૮૭-૮૮	૧૮૪-૭	૧૩૭-૯		૪૧	૫	૧૨,૬,૫,૪,૩	
૧૮૮૮-૮૯	૧૬૩-૮	૧૨૦-૬		૪૦	૫	૬,૫,૪,૪,૩	
૧૮૮૯-૯૦	૧૭૯-૮	૧૩૭-૫		૪૦	૪	૬,૫,૪,૩	
૧૮૯૦-૯૧	૧૮૭-૩	૧૪૫-૪	છગનલાલ કેવળરામ પંડ્યા	૪૦	૫	૭,૬,૪,૪,૪	માસ ૧ સદાશિવ રામનાથ.
૧૮૯૧-૯૨	૨૨૧-૭	૧૭૯-૨	છગનલાલ મુળજીભાઇ, દેવશંકર ઉદયરામ	૪૦	૫	૭,૬,૪,૪,૪	

૧૮૯૨-૯૩	૨૬૭-૧	૨૧૨-૨	દેવશંકર ઉદયરામ દવે.	૪૦	૬	૭,૬,૫,૫,૪,૪
૧૮૯૩-૯૪	૩૧૦-૭	૨૪૨-૫		૪૦	૭	૭,૬,૫,૫,૪,૪,૪
૧૮૯૪-૯૫	૩૨૭-૭	૨૫૦-		૪૦	૮	૧૫,૯,૯,૮,૭,૭,૪,૪
૧૮૯૫-૯૬	૩૪૭-૫	૨૬૦-૫		૪૦	૯	૨૦,૧૧,૯,૮,૭,૭,૭,૭,૪
૧૮૯૬-૯૭	૩૪૩-૫	૨૬૦-૬		૪૦	૯	૨૦,૧૧,૯,૮,૭,૭,૭,૭,૭
૧૮૯૭-૯૮	૩૩૭-૩	૨૬૦-૨		૪૦	૯	૨૦,૧૧,૯,૮,૭,૭,૭,૭,૭
૧૮૯૮-૯૯	૩૨૬-૪	૨૩૮-	ખીમજી પ્રેમજી	૪૫	૮	૨૦,૧૧,૯,૮,૭,૭,૭,૭
૧૮૯૯-૧૯૦૦	૨૬૧-૮	૧૮૦-	નાથાલાલ કાળીદાસ	૪૫	૭	૧૪,૧૧,૯,૮,૭,૭,૭
૧૯૦૦-૦૧	૧૯૫-૭	૧૨૭-૯		૪૫	૬	૧૫,૧૦,૯,૮,૭,૭
૧૯૦૧-૦૨	૨૦૦-૧	૧૩૮-૯		૪૫	૬	૧૨,૧૦,૯,૮,૭,૭
૧૯૦૨-૦૩	૨૦૮-૪	૧૪૮-૭	અંબાલાલ લલ્લુભાઇ	૩૫	૫	૧૨,૧૦,૯,૮,૫
૧૯૦૩-૦૪	૧૯૨-૩	૧૪૦-૪		૩૫	૫	૧૨,૧૦,૯,૮,૫
૧૯૦૪-૦૫	૧૮૬-૭	૧૨૭-૯		૩૫	૬	૧૨,૯,૮,૭,૭,૭
૧૯૦૫-૦૬	૨૧૧-૩	૧૭૫-૬	મુળજીભાઇ કરૂણાશંકર.	૩૫	૭	૧૫,૧૨,૯,૮,૭,૭,૭
૧૯૦૬-૦૭	૨૨૩-૮	૧૭૨-૨		૩૫	૬	૧૫,૧૨,૯,૮,૭,૭
૧૯૦૭-૦૮	૨૫૦-૫	૨૦૨-૮	છગનભાઇ મકનજી પંડયા.	૪૫	૮	૧૫,૧૨,૧૦,૯,૮,૭,૭,૭
૧૯૦૮-૦૯	૨૫૮-૭	૨૧૨-૬		૪૫	૭	૧૫,૧૦,૧૦,૯,૯,૯,૯
૧૯૦૯-૧૦	૨૫૫-૨	૨૦૧-૫		૪૫	૭	૧૫,૧૨,૧૦,૯,૯,૯,૯
૧૯૧૦-૧૧	૨૯૫-૧	૨૩૫-૨		૫૦	૯	૧૫,૧૧,૧૦,૧૦,૧૦,૯,૯,૯,૯
૧૯૧૧-૧૨	૨૯૨-૫	૨૩૨-૭		૫૦	૮	૧૫,૧૨,૧૧,૧૦,૧૦,૧૦,૯,૯
૧૯૧૨-૧૩	૨૮૭-૪	૨૩૮-૬		૫૦	૮	૨૫,૨૦,૧૮,૧૫,૧૨,૧૨૧૦૧૦
૧૯૧૩-૧૪	૩૦૯-૫	૨૫૬-૫	કીશાભાઇ લલ્લુભાઇ પટેલ	૪૫	૧૦	૨૫,૨૦,૧૮,૧૫,૧૨,૧૨,૧૦, ૧૦,૧૦,૯
૧૯૧૪-૧૫	૩૨૮-૧	૨૮૪-૫		૪૫	૧૦	૨૫,૧૫,૧૫,૧૫,૧૨,૧૦,૧૦, ૧૦,૯,૯
ઑાગષ્ટ ૧૯૧૫	૩૩૪	૩૦૫-૩		૪૫	૧૦	૨૫,૧૫,૧૫,૧૫,૧૨,૧૦,૧૦, ૧૦,૧૦,૯

(૧૨) આ સ્કૂલ સ્થાપન થઇ ત્યાર પછી સને ૧૮૭૩ માં છઠ્ઠું ધોરણ અને ૧૯૦૫ માં સાતમું ધોરણ શરુ કરવામાં આવ્યું હતું. એમાં છેલ્લાં ધોરણની પરીક્ષામાં પાસ થએલા જેઓ હયાતીમાં છે, તેમની હકીકત નીચે મુજબ છે.

છેલ્લું ધોરણ પાસ કર્યાની સાલ.	નામ.	વિશેષ લાયકાત મેળવી હોય તે.	હાલનો ધંધો.	રિમાર્ક
૧૮૭૩	સોમાભાઇ નરેરભાઇ	સેકન્ડગ્રેડ ૫. સ.	પેન્શનર તલાટી	
૧૮૭૬	વહાલાભાઈ પ્રાગભાઇ	„	ખેતી	
૧૮૭૭	લલ્લુભાઇ મથુરભાઇ	સેકન્ડગ્રેડ ૫. સ.	વેકિસનેટર	
૧૮૭૭	ફુલાભાઇ નરસિંહભાઈ	„	તલાટી	
૧૮૭૮	ગીરધરભાઈ મથુરભાઇ	„	સરકલ ઇન્સ્પેકટર	
૧૮૭૯	રણછોડભાઈ દ્વારકાંદાસ	„	તલાટી	
૧૮૭૯	મોતીભાઈ વહેરીભાઇ	„	પેન્શનર તલાટી	
૧૮૭૯	લલ્લુભાઇ કુબેરદત્ત	„	વેપાર	
૧૮૮૦	જેઠાભાઇ જીજીભાઇ	વડોદરા મેલ ટ્રે. કોલેજ ત્રીજું વર્ષ	સ્કુલ માસ્તર	
૧૮૮૦	શીવાભાઇ કીશાભાઇ	„	ખેતી	
૧૮૮૧	હાથીભાઇ પ્રભુદાસ	સેકન્ડગ્રેડ ૫. સ.	વેકિસનેટર	
૧૮૮૧	શંકરભાઇ ગરબડદાસ	„	પેન્શનર તલાટી	
૧૮૮૨	મોતીભાઇ નારણભાઇ	„	સરવૈ કામદાર	
૧૮૮૪	અભેસંગ જેઠાભાઇ કસુંબાડ	„	મોજણીદાર	
૧૮૮૫	ઝવેરભાઇ બાવાજી પાળજ	અમદાવાદ મેલ ટ્રે. કોલેજ પહેલુ વર્ષ	ખેતી	
૧૮૮૫	કીશાભાઇ લલ્લુભાઇ	અમદાવાદ મેલ ટ્રે. કોલેજ ત્રીજું વર્ષ	સ્કુલ માસ્તર	
૧૮૮૫	ભુલાભાઇ અજુભાઇ	„	રેલવે સૉર્ટર	
૧૮૮૫	મથુરભાઇ ધનજીભાઇ	„	ખેતી	
૧૮૮૫	મોતીભાઇ ગોકળભાઇ	થર્ડગ્રેડ ૫. સ.	ખેતી	
૧૮૮૬	ઉમેદભાઇ નાનાભાઇ	„	ખેતી	
૧૮૮૬	થનાભાઇ દ્વારકાંદાસ	„	ખેતી	
૧૮૮૬	ત્રિકમભાઇ કીશાભાઈ	„	ખેતી	
૧૮૮૭	ઝવરભાઇ ભુલાભાઇ	„	ખેતી	
૧૮૮૭	ઉમેદભાઇ ખુશાલભાઇ	„	ખેતી	
૧૮૮૭	મીઠાભાઇ બિહુલભાઇ	ટ્રેન્ડ પહેલું વર્ષ	આસિ. માસ્તર	

૧૮૮૮	શીવાભાઇ હાથીભાઇ	,,	ખેતી
૧૮૮૮	હરિભાઇ કુબેરભાઇ	,,	ખેતી
૧૮૮૮	ભીખાભાઇ હાથીભાઈ	,,	ખેતી
૧૮૯૦	કાશીભાઇ રણછોડભાઇ	થર્ડગ્રેડ પ. સ.	આસિ. માસ્તર
૧૮૯૦	ભાઇલાલ જગનેશ્વર	ટ્રેન્ડ પહેલું વર્ષ	આસિ. માસ્તર
૧૮૯૦	વાઘજીભાઇ શીવાભાઇ	,,	ખેતી
૧૮૯૧	બાપુલાલ છગનલાલ નડીઆદ	,,	સ્ટેશન માસ્તર
૧૮૯૧	લલ્લુભાઇ ગોવિંદભાઇ	,,	ખેતી
૧૮૯૧	ખોડભાઇ દાદાભાઇ	,,	ખેતી
૧૮૯૧	શંકરભાઇ નાગરભાઇ	,,	ખેતી
૧૮૯૨	કાશીભાઇ બેકોરભાઇ	ટ્રેન્ડ પહેલું વર્ષ	આસિ. માસ્તર
૧૮૯૨	સાબાનભાઈ કરીમભાઇ	થર્ડગ્રેડ પ. સ.	સ્કુલ માસ્તર
૧૮૯૩	મોતીભાઇ ઝવેરભાઇ	ટ્રેન્ડ પહેલું વર્ષ	આસિ. માસ્તર
૧૮૯૪	કાશીભાઇ વાહાલાભાઇ	,,	જૈન શાળાના શિક્ષક
૧૮૯૪	શીવાભાઇ નાથાભાઇ	,,	ખેતી
૧૮૯૪	છોટાભાઇ સોમાભાઇ બી. નરેરભાઇ	એલ. જી.	ફાર્મ સુપ્રિન્ટેન્ડેન્ટ
૧૮૯૪	રણછોડભાઇ જોરાભાઇ	,,	ખેતી
૧૮૯૫	ભીખાભાઇ છગનભાઇ	,,	ખેતી
૧૮૯૬	આશાભાઇ નારણભાઇ	અમદાવાદ મેલ ટ્રે. કોલેજ ત્રીજું વર્ષ	સ્કુલ માસ્તર
૧૮૯૬	શંકરભાઇ ડાહ્યાભાઇ	થર્ડગ્રેડ પ સ	મોજણીદાર
૧૮૯૬	હાથીભાઇ ભુલાભાઇ	,,	ખેતી
૧૮૯૭	ભાઇલાલ હાથીભાઈ	થર્ડગ્રેડ પ. સ.	પોલીસ પટેલ
૧૮૯૭	તળશીભાઇ શામળભાઇ	થર્ડગ્રેડ પ. સ.	ખેતી
૧૮૯૭	નાથાભાઇ લલ્લુભાઇ	,,	ખેતી
૧૮૯૭	ધુળાભાઇ લલ્લુભાઇ	,,	ખેતી
૧૮૯૭	વાઘજીભાઇ નરોત્તમ	,,	ખેતી
૧૮૯૮	સોમાભાઇ છગનભાઇ	,,	ખેતી
૧૮૯૮	જીજીભાઇ તુળશીભાઇ	,,	પોલીસ કૉન્સટેબલ
૧૮૯૮	નારણભાઇ શીવાભાઇ	,,	ખેતી
૧૮૯૯	ચતુરભાઇ રણછોડભાઇ	,,	ખેતી
૧૮૯૯	મકનદાસ બાવાજી	,,	ખેતી
૧૮૯૯	શંકરભાઇ મીઠાભાઇ	,,	ખેતી
૧૮૯૯	ઝવેરભાઇ વલ્લભભાઇ	,,	ખેતી
૧૮૯૯	ગીરધરભાઇ તળશીભાઇ	,,	ખેતી
૧૮૯૯	માધવભાઇ રૂગનાથભાઇ પોરડા	,,	ખેતી

૧૯૦૦	ભાઇલાલ લાલજી	,,	ખેતી	
૧૯૦૦	વાઘજીભાઇ ઝવેરભાઇ બી. નારણભાઇ	સરવે પરીક્ષા.	મોજણીદાર	
૧૯૦૧	મોતીભાઇ લલ્લુભાઇ બી. જેઠાભાઇ	,,	,,	
૧૯૦૧	બાબરભાઇ જોરાભાઇ	થર્ડગ્રેડ પ. સ.	આસિ માસ્તર	
૧૯૦૧	સોમાભાઇ લક્ષ્મીદાસ	,,	ક્રીમ મરચંટ	
૧૯૦૧	મુળજીભાઇ ફુલાભાઇ	,,	ખેતી	
૧૯૦૨	શીવાભાઇ જેસંગભાઇ	,,	ખેતી	
૧૯૦૨	છોટાભાઇ રણછોડભાઇ	,,	ખેતી	
૧૯૦૩	ફુલાભાઇ દેસાઇભાઇ	વ. ફા. પરીક્ષા	આસિ. માસ્તર	
૧૯૦૩	છોટાભાઇ ભુલાભાઇ	,,	ખેતી	
૧૯૦૩	ઝવેરભાઇ રેવનદાસ	,,	ખેતી	
૧૯૦૪	ભાઇલાલભાઇ વાઘજીભાઇ બી. કાળીદાસ	,,	વેપારી લાઇનમાં નોકર	
૧૯૦૪	ઉમેદભાઇ જેઠાભાઇ પોરડા	,,	વેપાર	
૧૯૦૪	ફકોરભાઇ મુળજીભાઇ	,,	વેપારી લાઇનમાં નોકર	
૧૯૦૭	અંબાલાલ જોરાભાઇ	વ. ફા. પરીક્ષા	ખેતી	ધો.૭મું
૧૯૦૭	આશાભાઇ તળશીભાઇ	,,	મોજણીદાર	શરૂ થયું
૧૯૦૮	ભાઇલાલ પ્રભુદાસ બી. કીશાભાઇ	અમદાવાદ મેલ ટ્રે. કોલેજ ત્રીજુ વર્ષ	માસ્તર	સ.૧૯૦૫ ના એ-
૧૯૦૮	ભાઇલાલ કીશાભાઇ	,,	આસિ માસ્તર	પ્રિલથી.
૧૯૦૮	બહેચરભાઇ શંકરભાઇ પોરડ	,,	ખેતી	
૧૯૦૮	ઇશ્વરભાઇ તળશીભાઇ	વ. ફા. પરીક્ષા	વેપાર	
૧૯૦૮	ચુનીલાલ પ્રભુદાસ	,,	આસિ. માસ્તર	
૧૯૦૮	મોતીભાઇ અવચળભાઇ	અમદાવાદ મેલ ટ્રે. કોલેજ ત્રીજું વર્ષ	આસિ. માસ્તર	
૧૯૦૯	અંબાલાલ ભૂલાભાઇ	વ. ફા. પરીક્ષા	આસિ. માસ્તર	
૧૯૦૯	સોમાભાઇ કાળીદાસ	વ. ફા. પરીક્ષા	વેપારી લાઇનમાં નોકર	
૧૯૦૯	ફુલાભાઇ અંબાઇદાસ	અમદાવાદ મેલ ટ્રે. કોલેજ બીજું વર્ષ	આસિ. માસ્તર	
૧૯૦૯	ચતુરભાઇ ભીખાભાઇ	,,	ખેતી	
૧૯૦૯	સોમાભાઇ ભીખાભાઇ	,,	ખેતી	
૧૯૦૯	ફુલાભાઇ અમથાભાઈ	વ. ફા. પરીક્ષા	ખેતી	
૧૯૦૯	ભાઇલાલ પ્રભુદાસ બી. મનોરભાઇ	,,	વેપાર	
૧૯૧૦	ફુલાભાઈ લખમીદાસ	,,	ખેતી	

૧૯૧૦	છોટાભાઇ ખુશાલભાઈ	,,	વેપાર
૧૯૧૦	કેશવલાલ ગોરધનદાસ	,,	આસિ. માસ્તર
૧૯૧૦	પુનમભાઇ ઉમેદભાઇ વડદલા	,,	ખેતી
૧૯૧૦	પુરષોત્તમ વાઘજીભાઈ બી. નરસિંહભાઈ	,,	ખેતી
૧૯૧૦	હનમાનભાઇ જીવાભાઇ	વ. ફા. પરીક્ષા	મોજણીદાર
૧૯૧૦	હરિભાઇ જીવાભાઈ	,,	મોજણીદાર
૧૯૧૧	ધુળાભાઇ કીશાભાઇ	,,	ખેતી
૧૯૧૧	મોતીભાઇ નારણભાઇ	,,	ખેતી
૧૯૧૧	છોટાભાઇ મોતીભાઈ બી. શંકરભાઇ	વ. ફા પરીક્ષા	ટેકિનકલ સ્કુલ અમદાવાદ
૧૯૧૧	ઉમેદભાઈ ભુલાભાઇ	,,	ખેતી
૧૯૧૧	લખાભાઇ આશાભાઈ	વ ફા. પરીક્ષા	ખેતી
૧૯૧૧	આશાભાઇ કુબેરભાઈ	,,	ખેતી
૧૯૧૧	લાલાજી બાબરભાઇ	,,	મોજણીદાર
૧૯૧૨	રામભાઇ લક્ષ્મીદાસ	,,	આસિ. માસ્તર
૧૯૧૨	હાથીભાઇ મથુરભાઇ	,,	જૈન પાઠશાળામાં શિક્ષક
૧૯૧૨	આશાભાઇ ગોવિંદભાઇ	વ. ફા. પરીક્ષા	મોજણીદાર
૧૯૧૨	મગનભાઇ ધનજીભાઇ	,,	વેક્સિનેટર
૧૯૧૨	આશાભાઇ હરખજીભાઇ પોરડા	,,	ખેતી
૧૯૧૨	મંગળભાઇ બાવાજી	,,	આસિ. માસ્તર
૧૯૧૨	નરસિંહભાઈ ભાઇલાલ	,,	મોજણીદાર
૧૯૧૨	ઇશ્વરભાઇ ઝવરભાઇ	,,	ખેતી
૧૯૧૨	અંબાલાલ લાલાજી	,,	ખેતી
૧૯૧૨	શંકરભાઇ લક્ષ્મીદાસ	વ. ફા. પરીક્ષા	ખેતી
૧૯૧૨	વલીખાં સમજેખાં વીશનોલી	અમદાવાદ મે. ટ્રે. કોલેજ પહેલું વર્ષ	સ્કુલ માસ્તર
૧૯૧૨	ઇશ્વરભાઇ મથુરભાઇ	વ. ફા. પરીક્ષા	ખેતી
૧૯૧૩	છગનભાઇ વિઠ્ઠલભાઇ	,,	આસિ. માસ્તર
૧૯૧૩	નારણભાઈ લલ્લુભાઈ	,,	,,
૧૯૧૩	જેઠાભાઇ જીજીભાઇ પોરડા	,,	અભ્યાસક
૧૯૧૩	ધુળાભાઈ રખીદાસ	,,	વેપારી લાઇનમાં નોકર
૧૯૧૩	રણછોડભાઈ નારણભાઇ	,,	આસિ. માસ્તર
૧૯૧૩	ચતુરભાઇ શીવાભાઇ	,,	ખેતી
૧૯૧૩	પુરષોત્તમભાઈ વાઘજીભાઇ બી. શીવાભાઇ	,,	વેપારી લાઇનમાં નોકર

૧૯૧૩	બાજીતખાં ઉમરાવખાં વીથનોલી	વ. ફા. પરીક્ષા	આસિ. માસ્તર
૧૯૧૩	પુરૂષોત્તમભાઈ દેસાઇભાઇ બી. મનોરભાઇ	,,	ખેતી
૧૯૧૩	શંકરભાઈ મુનદાસ	,,	ખેતી
૧૯૧૩	છોટાભાઇ લાલાજી રંગાઇપુરા	,,	ખેતી
૧૯૧૩	પિતાંબર શંકરભાઇ પોરડા	વ. ફા. પરીક્ષા	સુતારી કામ
૧૯૧૪	બકોરભાઇ રેવનદાસ પોરડા	,,	અભ્યાસક
૧૯૧૪	ચતુરભાઇ ઘોરીભાઇ	,,	ખેતી
૧૯૧૪	આશાભાઇ લલ્લુભાઇ	વ. ફા. પરીક્ષા	આસિ. માસ્તર
૧૯૧૪	છોટાભાઈ લલ્લુભાઇ	,,	અભ્યાસક
૧૯૧૫	ગોવિંદભાઈ જોરાભાઈ	,,	અંગ્રેજી અભ્યાસક
૧૯૧૫	મણિલાલ શંકરભાઇ	,,	,,
૧૯૧૫	જખુમીયાં હમીદમીયાં ભવાનીપુરા	,,	અભ્યાસક

ઉપરનું ધોરણ પાસ કર્યા સિવાય અભ્યાસ કરી વ. ફા. પરીક્ષા આપેલી એવા માણસોની હકીકત.

૧	ઇશ્વરભાઇ વાઘજીભાઇ	વ. ફા. પરીક્ષા	વેક્સિનેટર
૨	શીવાભાઇ પુરૂષોત્તમદાસ	,,	આસિ. માસ્તર
૩	બાઇલાલ લલ્લુભાઈ બી. મથુરભાઇ	,,	વેક્સિનેટર
૪	ઘોરીભાઇ સોમાભાઈ	,,	ખેતી
૫	મંગળભાઇ આતમભાઇ	,,	આસિ. માસ્તર

(૧૩) આ ગામના વતની મેટ્રિકમાં પાસ થએલા તેની હકીકત.

(સાતમા ધોરણમાં પાસ થએલાની હકીકત પાછળ આવી ગઇ છે.)

નંબર	નામ.	હાલનો ધંધો.	રીમાર્ક.
૧	સોમાભાઇ વલ્લવભાઇ	વેપારી લાઇનમાં આફ્રિકામાં નોકર	સ્કૂલ ફાઇનલમાં પાસ છે
૨	ગોરધનભાઇ સોમાભાઇ	તાર માસ્તર	
૩	ડાહ્યાભાઇ કલ્યાણભાઇ	એ. વી. સ્કૂલમાં આસિ. માસ્તર	
૪	પુરુષોતમ શંકરભાઇ	ગુડ્સ કલાર્ક	
૫	મોતીભાઇ કાશીભાઇ	એ. વી. સ્કૂલમાં હેડ માસ્તર	પ્રીવીયસમાં પાસ છે
૬	છોટાભાઇ મોતીભાઇ બી. નારણભાઇ	કૉલેજમાં	બી. એ. કલાસના અભ્યાસક.

૭	પુરુષોત્તમ મોતીભાઇ બી. નારણભાઇ.	કૉલેજમાં	ઇન્ટર કલાસના અભ્યાસક
૮	સોમાભાઇ મોતીભાઇ	કૉલેજમાં	પ્રિવીયસ કલાસના અભ્યાસક.
૯	ચતુરભાઇ ઝવરભાઇ	કૉલેજમાં	,,
૧૦	ચતુરભાઇ રણછોડભાઇ	કૉલેજમાં	સ્કૂલ ફાઇનલમાં પાસ છે
૧૧	મણિલાલ સોમાભાઇ	કૉલેજમાં	પ્રીવીયસ કલાસના અભ્યાસક.
૧૨	નારણભાઇ વલ્લવભાઇ	વેપારી લાઇનમાં આફ્રિકામાં નોકર	
૧૩	આશાભાઇ નરસિંહભાઇ	કૉલેજમાં	ઇન્ટર કલાસના અભ્યાસક.
૧૪	છોટાભાઇ સોમાભાઇ	એ. વી. સ્કૂલમાં માસ્તર	

આ ગામમાં નિશાળ સ્થપાયાં ૫૦ વર્ષ થયાં તેમાં ફક્ત ૧૫ માણસ મેટ્રિક પાસ થયા છે. અંગ્રેજી કેળવણીનો પ્રચાર હમણાં થોડા વર્ષથી થવા માંડયો છે. પહેલા વહેલા એલ. જી. ની પરીક્ષામાં રા. છોટાભાઈ સોમાભાઇ પાસ થએલા છે, .ત્યાર પછી કોઈ પણ આ ગામમાંથી ગ્રેજ્યુએટ થયા નથી. હાલમાં જુનાગઢ કોલેજમાં રા. છોટાભાઈ મોતીભાઇ બી. એ. નો અભ્યાસ કરે છે, તે પહેલ વહેલા બી. એ. થવાની આશા છે. એ જોતાં હજુ સુધી અગ્રેજી કેળવણીનો અરૂણોદય થાય છે. હાલમાં ગામના આગેવાન વર્ગનું લક્ષ એ તરફ દોરાયુ છે, તે કેળવણી સંબંધીનો જે ઉત્સાહ અને મદદ છે તેવી ચાલુ રાખશે અને સતત્ જારી રહે તેવી સન્મતિ આપો એવી દયાળુ પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે. **કોઇ પણ પ્રજાની આબાદીનો આધાર તે પ્રજાની સુકેળવણી પર આધાર રાખે છે** એ સૂત્ર હંમેશ યાદ રાખી ગામના સુજ્ઞ શુભચિંતકો તે પ્રમાણે વર્તશે.

(**૧૩ અ**) નિશાળનું ઉપલું ધોરણ પાસ કર્યા સિવાય તથા ગવર્મેંટ કવોલીફિકેશન મેળવ્યા સિવાય આ ગામના બહાર ગામ ખાતે વેપારી અને સરકારી નોકરીમાં જોડાએલાની હકીકત.

બહાર દેશાવર ખાતે સારા રોજગાર પર લાગેલા રા. છોટાભાઇ શંકરભાઇ છે. સિવાય થોડા અંગ્રેજી જ્ઞાન વાળા રણછોડભાઈ ઉમેદભાઇ, ગોરધનભાઈ પ્રભુદાસ તથા મોતીભાઈ ઘાભાઇ આફ્રિકા ખાતે નોકરીમાં જોડાએલા છે. મુળજીભાઇ રણછોડભાઈ આર. એમ. રેલવેમાં ગુડ્સ કલાર્કની નોકરીમાં છે. કાશીભાઇ ગોકળભાઇ, મરઘાભાઈ પુરૂષોતમદાસ તથા નારણભાઇ લલ્લુભાઈ એ સર્વેની પરીક્ષા પસાર કરી મોજણીદારની નોકરીમાં ચાલુ થયા છે. ચતુરભાઇ લલ્લુભાઇ જૈન પાઠશાળામાં શિક્ષકની નોકરી કરે છે. ભાઇલાલ બહેચરભાઇ, વલ્લવભાઇ વિઠ્ઠલભાઇ, ખેમચંદ જેસીંગભાઈ, આફ્રિકા ખાતે વેપારમાં જોડાએલા છે અને ફુલાભાઇ કુબેરભાઇ, શીવાભાઈ ભૂલાભાઈ, સનાભાઇ શંકરભાઈ, ભાઈલાલભાઇ ઝવરભાઈ, ઇશ્વરભાઇ તળશીભાઇ બહાર ગામ ખાતે વેપાર કરે છે. બીખાભાઈ તળ-

શીભાઈ, તથા વાઘજીભાઈ વહેરીદાસ એડનમાં તમાકુના વેપારમાં જોડાએલા છે. ખુશાલ-ભાઈ હાથીભાઇ વેકિસનેટરની નોકરીમાં જોડાયા છે.

ઉપર મુજબ આ શાળામાં ૧૩૬ માણસ છઠ્ઠું સાતમું ધોરણ પાસ કરેલા હયાત છે. સિવાય ૩૫ માણસ છઠ્ઠું સાતમું ધોરણ પાસ કરેલા ગુજરી ગએલા છે. આ ૩૫ માણસો પૈકી માધવલાલ મુળજીભાઈ કપડવણુજ નિવાસી આ શાળામાં પહેલ વહેલું સાતમું ધોરણ સને ૧૯૦૬માં પાસ કરનાર અને પાછળથી સીનીયર થએલા હતા. સિવાય તળશી-ભાઈ શામળભાઇ બી. જોરાભાઇ અમદાવાદ ટ્રેનિંગ કોલેજના સેકન્ડયીઅર થએલ શિક્ષક હતા. આ સિવાય થર્ડ ગ્રેડ અને વર્નાકયુલર ફાઇનલ પરીક્ષામાં પાસ થઇ નોકરીમાં જોડાએલા સોમાભાઇ બહેચરભાઇ, મહીજીભાઇ દ્વારકાંદાસ, શંકરભાઈ બહેચરભાઇ, ત્રિભો-વન નરસિંહરામ રાવળ, શીવાભાઈ શંકરભાઇ, શીવાભાઇ હિરાભાઇ, મુનદાસ પ્રભુદાસ, મરઘાભાઇ બાજીભાઇ. ઇશ્વિરભાઈ અંબાઇદાસ, ગંગાદાસ ગોવિંદભાઈ, કાશીભાઇ મથુરભાઇ વગેરે ૧૧ યુવકો હતા. બાકીના ૨૨ ખેતીનો ધંધો કરનાર હતા.

પાસ થએલા ૧૩૬ પૈકી ૬૨ જણ ખેતીના ધંધામાં જોડાએલા છે.

પુરૂષોની ૨૧૪૯ સંખ્યા પૈકી ૨૮૬ પાંચ વર્ષની અંદરના નાના છે. બાકીના મોટી ઉંમરના ૬૫૨ અને પાંચથી પંદર વર્ષની અંદરના ૬૩ મળી ૭૧૫ સિવાય ૧૧૪૦ જણ વાંચી લખી શકે તેવા છે. એટલાએ આ શાળાનો લાભ હાલની વસ્તીમાંથી લેવા ભાગ્ય-શાળી થયા છે. હાલ પંદર વર્ષની હકીકત જોતાં ઉચ્ચ કોમ પાટીદાર, બ્રાહ્મણ વગેરેમાં ફકત ૧૧ છોકરાજ અભણ જણાય છે, તે સેંકડે ૩ ટકા છે. એટલે હાલ ગુજરાતી કેળવણીનો પ્રચાર સારો થએલો છે, અને હજુ પણ તેમાં વધારો થતો જશે એવી આશા રખાય છે.

---

(૧૪) શાળાને અંગે મળેલાં દાન અને જરૂરી ફંડોની હકીકત.

કાયમ ફંડઃ—શાળાને અંગે મર્હુમ કાશીદાસ માધવદાસના સને ૧૯૧૪ ના મંદ-વાડના પુન્ય પ્રસંગે રૂ. ૧૦૧) તથા મર્હુમ ઉમેદભાઇ મથુરભાઇ બી. શંકરભાઈના મંદવાડના પુન્ય પ્રસંગે રૂ. ૧૫) મળી રૂ. ૧૧૬) દાન તરિકે કબુલાએલા છે, અને તે રા. રા. નારણભાઈ કાશીદાસની પેઢીમાં આઠ આનાની તેરીખે શાળાનાં નામથી જમા રાખેલા છે. તેમની આર્થિક સ્થિતિ જોતાં તેમને કાયમનુ આઠ આના વ્યાજ આપવું પાલવે તેમ નથી, છતાં પરોપકાર કાર્ય જાણી આ વ્યાજ આપવું કબુલ કર્યું છે. તે વ્યાજમાંથી મર્હુમની મરણ તિથિ શ્રાવણ વદિ ૨ ને દિવસે સ્કૂલમાં અભ્યાસ કરતા બાળ-કોને મીઠાઇ વહેંચવામાં વપરાય છે.

આ ગામમાં ઘણા માણસો ગુજરી ગયા છે, અને તેમનાં પુણ્ય દાન થયાં છે, પણ આ ઉપયોગી સંસ્થાને જે સર્વ દાનમાં વિદ્યાદાન ઉત્તમ છે તે આપવા આટલા લાંબા સમય સુધી કોઈ પણ પરોપકારી સદ્‌ગૃહસ્થે નજર પણ કરી નથી. પણ આ સદ્‌ગૃહસ્થે આ બાબતમાં પહેલ કરી છે તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે. મીઠાઇ વહેંચવાની જે

યોજના કરી છે તે જો કે પ્રશંસનીય છે, છતાં તે વ્યાજ ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવામાં જોઈતી મદદ આપવાની યોજના હોત તો આથી પણ વધારે આવકારદાયક ગણાત.

આપણે પોતાના વડીલો તથા સંબંધીઓના મરણ પછવાડે સર્જીત ખર્ચો કરીએ છીએ તેમાં ખર્ચ ભેગું વધારે ખર્ચ ગણી આપણી શકિત મુજબ રૂ. ૧) કે તેથી વધારે દાન આ ઉપયોગી સંસ્થાને આપવાની યોજના થાય તો આ સ્કૂલના સુવર્ણ મહોત્સવ પ્રસંગે જે કાયમનું ફંડ ગરીબ વિદ્યાર્થીઓની મદદ તરિકે થયેલું છે તેમાં સારી વૃદ્ધિ થઇ તે ફંડ ટકી શકે. આ બાબત દરેક સુજ્ઞ સજ્જનોને ધ્યાનમાં લેવા વિજ્ઞપ્તિ છે. આપણે લાયબ્રેરીના નિભાવ માટે રૂ. ૧) થી રૂ. ૩) સુધી દીકરાના લગ્ન પ્રસગે આપવા યોજના કરી તે પ્રમાણે બધા મદદ આપે છે, તેથી લાયબ્રેરીનો આપણી શક્તિ પ્રમાણે નિભાવ થાય છે. તેવી રીતે ક્રિયાખર્ચ પ્રસંગે આ પ્રાથમિક શાળાના બાળકો (રે ! પોતાના બાળકો) માટે આપશે તો તે અસ્થાને નથીજ. સર્વ સુજ્ઞજનો યથાશક્તિ આ પરોપકારી સંસ્થા તરફ પોતાનો ઉદાર હાથ લંબાવી સંસ્થાને આભારી કરશે એવી આશા છે.

(૧૫) પ્રદર્શન—વસ્તુઓના પ્રત્યક્ષ દર્શનથી બાળકોના મગજ ઉપર જે સંસ્કાર પડે છે, અને સ્થાયી ટકી રહે છે, તેવા પુસ્તકોના વાચનથી કે શિક્ષકોના ભાષણથી ટકતા નથી. બાળકોને સચોટ જ્ઞાન ઠસાવવાના સાધન રૂપે પદાર્થોનાં મોડલ, ચિત્રો તથા વિદ્યાના પાઠો પ્રયોગ સાથે સમજાવાય તેવાં સાહિત્ય શાળામાં હોવાની જરૂર છે. આ જરૂરની વસ્તુઓ સંગ્રહ કરવાની શરૂઆત પ્રથમ મહેતાજી દેવશંકર ઉદયરામ મહુધાનિવાસીએ કરી, અને તેમની કારકીર્દિમાં કંટીજન્ટ ખર્ચમાથી નાના પાયા પર એક પ્રદર્શન થયું હતું. તેમાં મહેતાજી મુળજીભાઇ કરૂણાશંકરના વખતમાં સ્હેજ વધારો થયો હતો. આ સાહિત્યોમાં ફક્ત જનાવર અને ફળનાં મોડલ તથા ચિત્રો હતાં. ઉપલા ધોરણમાં વિદ્યાના પાઠો પ્રયોગ સાથે સમજાવવા જે સાધનો જોઇએ, તેની ન્યૂનતા હતી. આ જરૂરી ન્યૂનતા પૂર્ણ કરવા અત્રેના આફ્રિકા વસતા ઉત્સાહી યુવકોએ તથા બીજા સદ્ગૃહસ્થોએ પોતાના ભાઇઓના હિતાર્થે મન પર લીધું અને પોતાની શક્તિ મુજબ મદદ આપી. આ પ્રમાણે સને ૧૯૧૩ માં ફંડ એકઠું કરી રા. રા. સોમાભાઈ વલ્લભભાઇ પોતાના પદરના ભાડાથી મુંબઈ જઇ વિદ્યાનાં સાહિત્યો, ચિત્રો તથા ઉપયોગી મોડલો ખરીદી લાવ્યા. આમાં ઘણાં સુજ્ઞ કદરદાન દાતાઓએ મદદ આપેલી છે. તેમાં પાંચ રૂપીઆથી અધિક મદદ આ ફંડમાં આપનાર સદ્ગૃહસ્થોનાં નામ નીચે પ્રમાણે છે. રૂ. ૧૫) રા. રા. છોટાભાઈ શંકરભાઇ, રૂ. ૧૦) રા. રા. સોમાભાઇ વલ્લવભાઈ, રૂ. ૧૦) રા. રા. છોટાભાઇ સોમાભાઇ બી. નરેરભાઇ, રૂ. ૭) રા. રા. બાઇલાલભાઇ વાઘજીભાઇ, રૂ. ૭) રા. રા. નારણભાઈ કાશીદાસ, રૂ. ૫) રા. રા. નારણભાઇ કાશીદાસ, રૂ. ૫) રા. રા. અંબાલાલ જોરાભાઇ, રૂ. ૫) બાઇ હીરાબા પા. જેસંગભાઇ સામળભાઇની વિધવા, રૂ. ૫) રા. રા. પા. છોટાભાઈ ભૂલાભાઇ, રૂ. ૫) સોમાભાઇ ભીખાભાઇ. આ ફંડમાં હજીપણ વધારો થવાની જરૂર છે. તો ઉદાર અને સખી ગૃહસ્થો પોતાનો હાથ આ ફંડ તરફ પણ લંબાવશે એવી આશા છે. સરકાર પણ આ પ્રદર્શન માટે સાહિત્યો અને ચિત્રો નાણાની સવડ પ્રમાણે પુરાં પાડે છે, છતાં પાઠોમાં

જેટલી ચીજો પ્રદર્શન તારકે મેળવવી જોઇએ, અને જે મળી શકે તેવી છે તેમાં અપૂર્ણતા છે. તે સદ્દ ગૃહસ્થો પ્રસંગાનુસાર શિક્ષણનુ કાર્ય સરળ કરવાનાં સાધનો ખરીદી શકાવા માટે મદદ આપવી ચાલુ રાખશે.

(૧૬) પાણીની પરબડીનું ફંડઃ—કેટલાક મોટા માણસોમાં ખાવા પીવાની રીત નિયમિત હોતી નથી, આથી પાણી પણ અનિયમિત પણે પીવાની જરૂર પડે છે. નિશાળમાં ભણતાં બાળકોમાં પણ ખાવા પીવાનું અનિયમિત હોય છે, અને તેમને ચાલતા વિદ્યાભ્યાસના ટાઇમમાં પાણી પીવાની જરૂર પડે છે. ઘર સ્કૂલના મકાનથી દૂર હોય ત્યાં જઇ પાણી પી આવતા સુધીનું લેસન ખોટું થાય છે, નંબર છેલ્લો જાય છે, અને પગરખી અને છત્રીનું સાધન ન હોય તો તાપના અને વરસાદના વખતમાં જતાં આવતાં મુશકેલી નડે છે. આથી શાળાને અંગે પરબ હોવાની જરૂર છે. જો આવી સગવડ હોય તો લેસન પુરૂં થએ પાણી પીવાની સગવડ સચવાઇ ઉપરની મુશકેલીઓ નડી શકતી નથી. આ જરૂર પુરી પાડવા આજથી લગભગ વીશેક વર્ષ ઉપર મહેતાજી દેવશંકર ઉદયરામ દવે મહુધા નિવાસીની કારકીર્દિમાં તેમણે ગામના આગેવાન સદ્દગૃહસ્થોને આ જરૂર પુરી પાડવા વિનતિ કરી. આ માગણી સઘળાઓને યોગ્ય લાગવાથી આગેવાનોએ વર આ ગામમાં પરણવા આવે તે વખતે પથારી ખર્ચ લેવાનો રિવાજછે. તે પથારી ખર્ચમાંથી રૂ.--૮-૦ દર વર દીઠ આપવાની જોગવાઇ કરો અને તેમાંથી ઉનાળાની મોસમમાં નિશાળના કમ્પાઉન્ડમાં પરબ મંડાવવામાં આવતી. આવી રીતે પાંચેક વર્ષ વહીવટ ચાલ્યો. સદરહુ માસ્તર સાહેબ સને ૧૮૯૮ માં ગુજરી ગયા ત્યારે તેમનું આ કાર્ય સ્મારક તરિકે ટકી રહેવા પરબ માટે ઓરડી બાંધવા તે વખતના શિક્ષકો કીશાભાઇ લલ્લુભાઇ, શીવાભાઇ શંકરભાઇ, મીઠાભાઇ વિઠ્ઠલભાઇ, ભાઇલાલ જગનેશ્વર, કાશીભાઇ બકોરભાઇ, શિવાભાઇ હિરાભાઇ, અને લલ્લુભાઇ ગોકળભાઇ વગેરેએ યોજના કરી તથા અંદરો અંદર ઉઘરાણું કરી હાલ જે પરબની ઓરડી છે તે બાંધી. સને ૧૮૯૯ માં મોટો દુષ્કાળ પડયો, અને કન્યાઓ પણ ગામડાંના એકડા બધાવાથી કમી પરણવા લાગી તેથી વરસ દહાડે ફક્ત ૩-૪ રૂપીઆની જુજ રકમ મદદ તરિકે આવવા લાગી. તેટલાથી પરબ ખર્ચના રૂ. ૧૫) જોઇએ, તેનો નિભાવ નહિ થવાથી પ્રથમ રા. રા. મોતીલાલ નારણદાસે અને પાછળથી રા. રા. નાથાભાઇ ગોવિંદભાઇએ પરબના નિભાવમાં સારી રકમ કેટલાક વર્ષ મદદ તરિકે આપી. આથી બારે માસ પરબ ચાલુ રાખવાજ ગોઠવણ થઇ. આ મદદ તેમના તરફથી પાંચેક વર્ષથી આવવી બંધ પડી, તેથી પરબ ચાલુ રાખવા માટે આ ફંડ થવાની જરૂર રહી. કેટલાક સદ્દગૃહસ્થો પોતાના છોકરાંને પ્રથમ નિશાળે બેસાડતા, તે વખત મદદ તરિકે પરબ ફંડમાં શક્તિ મુજબ મદદ આપતા, પણ ખર્ચ માડમાંડ પુરૂ થતું. ગામમાં જે દાતાઓ હોય તેમની પાસેથી દરેક ફંડ વખતે મદદ માગવી પડતી અને વારંવાર તેમને તસ્દી આપવી દુરસ્ત નહિ લાગવાથી ચાલુ સાલથી નિશાળમાં આવતા સારી સ્થિતિ વાળા ખુશીથી આપે તેવા બાળ વર્ગ અને પહેલા ધોરણના વિદ્યાર્થીના વાલી પાસેથી દર વરસે રૂ. ૦-૦-૬ અને તે ઉપરનાં ધોરણના વાલી પાસેથી રૂ ૦-૧-૦ મદદ તરિકે ઉઘરાણું કરવાથી તથા પથારી ખર્ચની મદદથી હવે પરબનું ખર્ચ સારી રીતે નિભાતું થયું છે. હાલમાં પરબ ખાતે પિત્ત-

ળની મોટી પવાલી તથા પિત્તળનો ઘડો પિત્તલનો લોટો તથા પિત્તળનાં ઢાંકણાં નં. ૩ પરભ ફન્ડમાંથી; પવાલી પર ઢાંકવા માટે પિત્તળની કથરોટ રા. રા. મર્હુમ કાશીદાસ માધવદાસના મરણ ક્રિયાના જ્ઞાતિના લાણા પ્રસંગે રા. નારણભાઈ કાશીદાસ પાસેથી તથા પિત્તળનું દેગડું બાઇ કડુબા પા. જોઇતાભાઇ ખુશાલદાસની વિધવા તરફથી તથા જર્મન સિલ્વરનાં પવાલાં ૪ રા. રા. નારણભાઈ વાઘજીભાઇએ પોતાના લગ્ન પ્રસંગની ખુશાલીમાં ભેટ આપેલાં છે. ઉપર મુજબનાં પરભ ખાતે વાસણનાં સાહિત્ય છે.

(૧૭) બીજી પરચુરણ શાળોત્તેજક મદદ:—આ શાળા સ્થાપન થયે ૫૦ વર્ષ થયાં તેમાં પહેલાં ૩૫ વર્ષમાં ફક્ત સરકારી મકાનનુ પહેલ વહેલું વાસ્તુ કરવામાં આવ્યું ત્યારે તે શુભ પ્રસંગે સને ૧૮૮૦ મા ગામઇ ફંડથી છોકરાઓને જમાડવામાં આવ્યા હતા. સને ૧૯૦૧ થી લોક કેળવણીની સંસ્થા તરફ પ્રીતિ રાખતા થયા અને ત્યાર પછીના પંદર વર્ષમાં નીચેના દાતાઓએ આખી નિશાળનાં બાળકોને જમાડયાં છે. જમાડનાર ગૃહસ્થોનાં નામ નીચે મુજબ છે. (૧) રા. રા. દેસાઇભાઈ રાઇજીભાઇ તથા પા. લાલાજી ભૂલાભાઇ (૨) રા. રા. ખુશાલભાઇ સારાભાઇ (૩) રા. રા. પ્રભુદાસ દાળજીભાઇ (૪) રા. રા. ચતુરભાઇ રણછોડભાઇ બે વખત (૫) રા. રા. લલ્લુભાઇ ગોવિંદભાઇ (૬) રા. રા. ઉમેદભાઇ કશનદાસ (૭) રા. રા. નાથાભાઇ લલ્લુભાઇ (૮) રા. રા. લક્ષ્મીદાસ તળજાભાઇ (૯) રા. રા. ભાઇલાલ હાથીભાઇ (૧૦) ગામ તરફથી દિલ્લી કોરોનેશનના શુભ પ્રસંગે (૧૧) બાઇ હિરાબા પા. જેસંગભાઇ શામળભાઇની વિધવા (૧૨) રા. રા. મથુરભાઇ શંકરભાઇ (૧૩) રા. રા. ખુશાલભાઇ શંકરભાઇ (૧૪) બાઇ દિવાળીબા પા. ધનજીભાઇ ડુંગરભાઇની વિધવા (૧૫) રા. રા. સામળભાઇ જીવાભાઇ (૧૬) રા. રા. મુળજીભાઇ ફૂલાભાઇ (૧૭) રા. રા નારણભાઇ કાશીદાસ (૧૮) બાઇ સોનાબા પા. કબેરભાઇ ઇશ્વરભાઇની વીધવા (૧૯) રા. રા. દેસાઇભાઇ દ્વારકાંદાસ. આ સિવાય પા. પુરૂષોતમ ચતુરભાઇએ રૂ. ૧૦) ના કળીના લાડુ તથા રા. રા. દ્વારકાંદાસે રૂ. ૨૦) ના કલીના લાડુ બાળકોને વહેંચેલા છે. ઉપર મુજબ નિશાળ જમાડી છે. નિશાળ જમાડતાં રૂ. ૭૫–૮૦ સુધી ખર્ચ થાય છે. નિશાળમાં બ્રહ્મચારી બાળકોને જમાડવાં એ પણ પુન્યનો મારગ છે. ઉપર મુજબ ગામના સખી સદ્‌ગૃહસ્થો તરફથી નિશાળના ઇનામના મેળાવડા પ્રસંગે ચોપડીઓ તથા મીઠાઇ તથા વિદ્યાર્થીને નિશાળે બેસાડતી વખતે મીઠાઇ વગેરે વહેંચવામાં આવેલી છે, જેનો વિસ્તાર વધી જાય માટે નામ આપવામાં આવ્યાં નથી. આશા છે કે આવી મદદમાં જે પુણ્ય સમજે છે તે સમજશક્તિ ચાલુ રાખી બાળકોની આશિષ લેશે. પ્રભુ! આવા ગૃહસ્થોની આર્થિક સંપત્તિમાં વૃદ્ધિ કરો, એવી દાતાઓના હકમાં દયાળુ નિયંતા પ્રતિ નમ્ર પ્રાર્થના છે.

(૧૮) નિશાળના મકાનો સંબંધી હકીકત:-આ શાળા સને ૧૮૬૫ માં શરૂ થઇ ત્યારે પ્રથમ ચોરામાં બેસાડવામાં આવેલી. ત્યાર પછી સને ૧૮૬૭ થી ધર્મદાસ બાવાના મંદિરમાં ભાડાથી બેસાડવામાં આવી. સને ૧૮૮૦ માં હાલ જે બે સરકારી મકાન છે, તે પૈકી પૂર્વાભિમુખ મકાન બાધવામાં આવ્યું ત્યારથી તેમાં બેસાડવામાં આવી. આ મકાન સો નંબર એટલે ૭૫ હાજરીનું હતું, પરંતુ સને ૧૮૮૧ માં જ નંબરો વધીને લગભગ ૧૭૫

થવાથી વધારાના મકાનની જરૂર પડી. આથી ભાડાનું મકાન રાખવાની સરકારે મંજુરી આપી. સને ૧૮૮૧ ના જુન માસમાં હાલ જે જુના મંદિરને નામે ઓળખાતી જગા છે, ત્યા વધારાના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવ્યા; પરંતુ તે મકાન સરકારી મકાનથી ઘણું દૂર હોવાથી ત્યાં લગભગ બે માસ સ્કૂલ બેસાડયા બાદ ગામઇ ધર્મશાળામાં લાવ્યા, ત્યારથી વધારાના છોકરાઓ ગામઇ ધર્મશાળામાં બેસે છે. દરમિઆન સને ૧૮૯૫ માં બીજું સરકારી મકાન જે આથમણા દ્વારનું છે, તે પેટલાદના મર્હુમ સખી સદ્‌ગૃહસ્થ શેઠ ગોરધનભાઇ લલ્લુભાઇએ રૂ. ૧૦૦) ની રોકડ મદદ તથા ગામ લોકની જમીન મદદથી બાંધવામાં આવ્યુ છે, તે પણ ૭૫ હાજરીનું બાંધેલું છે. આ મકાન તા. ૧ નવેમ્બર ૧૮૯૫ ને રોજ વપરાશમાં લીધું. તે વખતે સ્કૂલમાં નંબર ૩૫૦ ને હાજરી ૨૬૦ ની લગભગ રહેતી હતી, તેથી ભાડાનું મકાન ચાલુ રહ્યું છે. ભાડાનું મકાન જો કે સ્કૂલની નજીક છે, પરંતુ મુખ્ય શિક્ષકથી નજીકમાં દેખરેખ રાખી શકાય તેવી દૂર દેખરેખ રાખવાનું બની શકે નહિ, તેથી વધારાના ત્રીજા મકાનની જરૂર છે, અને તે માટે ગામ લોક ઘટતી મદદ આપી નવા મકાન માટે સરકાર મદદ માગવાની આવશ્યક્તા છે. હાલનું ભાડાનુ મકાન પતરાંથી માળેલું હોવાથી ત્યાં બેસનાર શિક્ષક તથા છોકરાઓને તાપના વખતમાં ઘણી મુશ્કેલી નડે છે, તો ગામના હિતચિંતકો આ બાબત પર ધ્યાન આપશે એવી આશા રાખવામાં આવે છે.

(૧૯) ગામ લોકોનો ધંધો, વેપાર, અને કેળવણીમાં હિસ્સો—આ ગામને વતન વસ્તીના પ્રમાણમાં ઓછુ હોવાથી ટૂંકી જમીન ઉપર નિભાવ થવા મહેનત વધારે લેવી પડે છે. જમીન ટૂંકી હોવાથી તેને સુધારવા અને તે પર પોષણ જોગ પાક તૈયાર કરવા દરેક માણસ પૂરતી મહેનત અને ખંત રાખે છે. પાકમાં તમાકુનો પાક વિશેષ છે, તે અને બહાર ગામથી છુટી તમાકુ લાવી તેને સુધારી બાંધે છે. આથી દરેકના ગુજરાનનો નિભાવ સારી રીતે થાય છે. વેપારમાં આ સાથે જોડેલાં પત્રકોમાં નામ વાળા વેપારી લાઇનમાં જોડાએલા છે તે વસ્તીના પ્રમાણમાં પુરતા નથી. વેપારી લાઇનમાં સૌથી વધારે આગળ પડતા નારણજીના વંશજો છે. તેમની હિંદુસ્તાન ખાતે ઉમરાવતી, જુનાગઢ વગેરે સ્થળોએ તમાકુની દુકાનો છે. એડનમાં લાલાજીની ખડકી વાળા બે જણની દુકાન છે અને બીજા ત્રણ જણ પણ એડન ખાતે વેપારી લાઇનમાં જોડાએલા છે, એટલે એડન ખાતે લાલાજીની ખડકી વાળા અને હિંદુસ્તાન ખાતે નારણજી (નાનાભાઇની ખડકી) વાળાએ સારો ભાગ લીધો છે. બીજી ખડકીઓ વાળા વેપારમાં બહાર દેશાવર ખાતે નહિ જેવા છે.

આજ સુધીનો હિસ્સો જોતાં નાનાભાઇની ખડકીવાળામાંના અંગ્રેજી કેળવણીમાં સારી રીતે વધેલા છે, અને હજુ પણ વધારે વધવા પ્રયાસ ચાલે છે. બીજા ભાગો તરફ નજર કરતાં મુળજી કાકાની ખડકીમાંના આજ સુધી આ ગામના ૧૫ મેટ્રિક થએલામાં તે ખડકીના ૬ જણ છે. એટલે વસ્તીના પ્રમાણમાં પહેલો નંબર છે. આ બે ભાગ સિવાય અંગ્રેજી કેળવણી તરફ બીજા ભાગવાળાઓ દુર્લક્ષ છે. એકંદર વિચાર કરતાં કેળવણીમાં જેવો ભાગ

લેવાવો જોઈએ તેવો એ ખડકી સિવાયના લેતા નથી. એમના પૈકી કેટલાક તો બૂમો મારે છે કે બધા ભણુશે તો ખેતી કોણ કરશે? આ મૂર્ખવાદ છે. ભણવું તે નોકરી મેળવવા માટે નથી. કોઇ પણ ચીજ કેળવણી સિવાય સારી થઇ શકતી નથી. માણસ માત્રે ભણવું તે જ્ઞાન સંપાદાન કરી મનુષ્યત્વમાં આવવા માટે છે. મનુષ્યત્વ લાવનાર શારદા દેવી છે. તેના આશ્રય સિવાય પામર જીવો આ દુનીઆમાં પોતાનું યથાર્થ કર્તવ્ય સમજ્યા વગર બકરાના ગળાના આંચળ માફક નકામા કુટાઇ મરી પોતાનું આયુષ્ય ગુજારે છે. જે દેશમાં ધર્મ સાથે કેળવણી છે તેમની જ જીંદગી સુખરૂપ નીવડે અને મરણાંતે સદ્ગતિ પામે છે. આપણો આર્યાવૃત્ત પૂર્વે તેવી રીતે ધર્મના જ્ઞાન સાથે કેળવણીમાં પહેલો નંબર હતો, ત્યારે શ્રેષ્ઠતા ભોગવતો હતો. આથી વિચાર સાથે ભણતર (કેળવણી) ની દરેક માણસને જરૂર છે. વગર વિચારનું ભણતર મિથ્યા છે એ અખા ભગતની કહેણી ("ભણતર મિથ્યા વગર વિચાર.") એ ધ્યાનમાં લઈ પોતે સારા જ્ઞાન સાથે કેળવણી સંપાદન કરવાની તથા પોતાનાં બાળકોને સંપાદન કરાવવાની દરેક સમજુ માબાપની ખાસ ફરજ છે.

આ ગામની હાલની પ્રાથમિક કેળવણી તરફ નજર કરતાં સુરદાસભાઇ (મોટી ખડકી) ના ૯૫, લાલાજીની ખડકીના ૬૬, નાનાભાઇની ખડકીના ૫૭, મુળજીકાકાની ખડકીના ૩૪, પ્રાગભાઇના ભાગના ૨, સુંદરદાસના ૯, અને કેશવદાસના ભાગના ૨ મળી ગામના વતની ૨૬૫ નંબર પાટીદારના છે. પાટીદારના પરગામી છોકરાની સંખ્યા ૯ છે; મળી કુલ્લ પાટીદારના નંબર ૨૭૪, ખેડાવાળ બ્રાહ્મણ ૭, વીસનગરા નાગર ૧, તપોધન ૬, રજપૂત ૨, શ્રાવકવાણીઆ ૧, કણબી ૧૨, સુતાર ૨, સોની ૧, વાળંદ ૬, દરજી ૧, ધારાળા, રાવળીઆ ૧, વાઘરી ૧, ભોઇ ૨, સાધુ ૧, બારોટ ૧, વહોરા૫, પઠાણ ૧, મળી કુલ્લ ૩૩૪ ની સંખ્યા મુખ્ય સ્કૂલમાં ભણે છે.

(૨૦) કન્યાશાળાની હકીકત—કન્યાશાળામાં હાલ ૮૫ નંબર છે. તેમા વીસનગરા નાગર ૧, ખેડાવાળ બ્રાહ્મણ ૫, પાટીદાર ૬૯, કણબી ૩, વાળંદ ૧, સુતાર ૨, કુંભાર ૧, વહોરા ૨, તપોધન ૧, મળી કુલ્લ નં. ૮૫ છે. વસ્તીના પ્રમાણમાં કન્યા કેળવણીપર ઓછું ધ્યાન અપાય છે. એટલે લોકનો ઉત્સાહ મંદ છે તે સતેજ થવા જરૂર છે.

(૨૧) અંગ્રેજી સ્કૂલની હકીકત—આ અંગ્રેજી સ્કૂલમાં ૫૫ પાટીદાર, ૧ વાળંદ, ૧ દરજી, ૨ બ્રાહ્મણ, ૧ તપોધન જાની મળી હાલ ૬૦ નંબર છે. તેમાં પરગામની સંખ્યા ૨૭ ને ગામની ૩૩ સંખ્યા છે. આ સંખ્યા જોતાં આપણી સરખી સ્થિતિનાં ઓડ, ઉતરસંડા અને નાર ગામની ઇંગ્રેજી કેળવણી સાથે સરખાવતાં ઘણાજ પાછળ છીએ. સામાન્ય લોકનો ઉત્સાહ ઇંગ્રેજી કેળવણીપર ઘણોજ કમી છે. આ ઉત્સાહ નહિ વધારે તો સામાજિક ઉન્નતિનો અવકાશ બની શકશે નહિ. ખડકીવાર સુરદાસના ૧૪, લાલાજીના ૮, નાની ખડકીના ૫, કાળીદાસ કાકાની ખડકીના ૨, અને પ્રાગભાઇના ૨ છે. આથી પોતપોતાનું પ્રમાણ સમજવું સહેલ છે.

ઉપર મુજબ સંખ્યાને વસ્તીપત્રક સાથે સરખાવતાં ગુજરાતી મુખ્ય સ્કૂલમાં પાટીદાર, બ્રાહ્મણ, વાણીઆ, સોની, સુતાર, તપોધન, વાળંદ, દરજી, ની જ્ઞાતિમાં ભણવા લાયક તમામ

છોકરા નિશાળમાં કેળવણી લેવા આવે છે. ફક્ત ખારાળા, વાઘરી, અને રાવળીઆ જ કેળવણીમાં પછાત છે. હવે ધીમે ધીમે દરેક કોમ કેળવણીની અગત્ય સમજતી થઇ છે એ ખુશી થવા જેવું છે. આ પ્રતાપ બ્રિટિશ શહેનશાહતનો છે.

(૨૨) કુવા સંબંધી હકીકતઃ—ગયા સૈકામાં આ ગામ ખાતે ૩૧ કુવા અને એક વાવ મળી ૩૨ જળાશય હતાં. હાલમાં સીમ ખાતે ૮૭, ગામમાં પાણી પીવાના અને વાપરવાના ૧૦, અસ્પૃસ્ય જાતિના ૩ (૧ ભંગીઆનો તથા ૨ ઢેડ લોકના), મળી કુલ્લ ૧૦૧ કુવા છે. સીમના કુવા પૈકી કેટલાક તદ્દન મીઠા અને કેટલાક ચોપડા છે. પણ તે એટલા બધા ચોપડા નથી કે જેથી જમીન બગડે. સાધારણ તમાકુના પાકને માફક આવે તેવા છે. મીઠા પાણીના કુવા તમાકુ, શેરડી તથા બીજા બગાયત પાકને માફક આવે તેવા છે. આ કુવા પૈકી સારા કસદાર પાણીના પ્રખ્યાત કુવા—ગામ કુવો, દેવકુઇ, ધોળો કુવો, કાળીઆંનો કુવો, લુખાઇની કુઇ છે. આ કસદાર કુવા પૈકી ગામ કુવો હાલ ખેતીના ઉપયોગમાં લેવાતો નથી. ફક્ત હવાડો ભરવા તથા પીવાનું પાણી લેવાના ઉપયોગમાં આવે છે. આ કુવામાં બોરીંગથી પાણી સાફ કરી ખેતીના ઉપયોગમાં લેવા માટે પંપ મુકવામાં આવે તો તેથી ગામની ઘણી જમીનમાં સુધારો થઇ સારો પાક થાય તેમ છે. સદહું કુવાનું પાણી જમીનને ઘણુંજ માફક આવે છે. તેનું પાણી જમીનને ખાતર માફક દાખવી એક વર્ષમાં ત્રણ પાક લે તો પણ જમીનનો કસ ઘટતો નથી. આ રત્નખાણ જેવા અમૂલ્ય પાણીવાળા કુવામાં પંપ મૂકી બધા લોક સંપ કરી ઉપયોગમાં લે તો ફાયદાકારક છે. હાલ તો લડાઇને લીધે પંપ મૂકવાનો વિચાર કરતાં ઘણો ખર્ચ થાય તેમ હોવાથી તે વિચાર માંડી વાળવામાં આવ્યો છે, પણ ધંધા રોજગાર ને વેપાર સારી રીતે ચાલુ થયે આ કુવાનું પાણી પંપ મૂકી ખેતીના ઉપયોગમા લેવાની યોજનાને સુજ્ઞ ગૃહસ્થો ઉપાડી લેશે. હાલમાં પડતા ઉપરા ઉપરી દુષ્કાળોના સમયમાં આ સંબંધી ધ્યાન આપવાની ખાસ જરૂર છે. તે જરૂરીઆત સુજ્ઞ સજ્જનોના હૃદયમાં ઉતારવા દયાળુ જગનિયંતાને પ્રાર્થના છે.

વાવ ગામથી દક્ષિણમાં છેક સીમાડાપર ચિત્રાસર નામની તલાવડી ઉપર એજ નામથી ઓળખાતી જુની બાંધણીની, અને સારી બાંધેલી છે. મનુ ભગવાન કહે છે કે "સો કુવા બંધાવે અને એક વાવ બંધાવે એ બંનેનું પુણ્ય સરખું થાય છે"—આ વાવ હાલમાં બીનવાપરને લીધે જીર્ણ થઈ પડી જવાની તૈયારી કરે છે. ઓછી વપરાશને લીધે અંદર કંટાળાં ઝાંખરાં ઊગી માંહે ઉતરતાં બીક લાગે તેવી થઈ ગઇ છે. જો કોઇ દયાળુ અને પરોપકારી સદ્‌ગૃહસ્થ તેને સુધારે તો જતા આવતા વટેમાર્ગુ પાણી પી આશીર્વાદ દે તેવા ઉપયોગી સ્થાનમાં આવેલી છે. ઉપર મુજબ જોતાં કુવાની સંખ્યા ગયા સૈકા કરતાં ત્રણ ગણી છે, એટલે જમીન ટૂંકી હોવાથી તેનાપર વધારે મહેનત લઇ પોષણ માટે સારો પાક કરવા પ્રયાસ કરવો પડે છે.

(૨૩) પ્રાથમિકશાળામાંથી ઉદ્ભવેલી બીજી સંસ્થાઓ.

ધી સુણાવ. એ. વી સ્કૂલ.

ધી સુણાવ એ. વી. સ્કૂલની હકીકત રજુ કરતાં આનંદ થાય છે. જે શુભ ઉદ્દેશથી આ સંસ્થાની સ્થાપના થઇ હતી તે ઘણે અંશે ફળીભૂત થયેલો હોવાથી આપણે ભાગ્યશાળી થયા છીએ.

જે પ્રજા જમાનાને અનુકૂળ રાજભાષામાં કેળવણી લે છે તે જ પ્રજાની ઉન્નતિ થઇ શકે છે. સામાજીક ઉન્નતિને અર્થે ચરોતરમાં ઘણી ચળવળ થઇ રહેલી છે. એવી ચળવળમાં ભાગ લઇ પોતાનાં બાળકોને જમાનાને અનુકૂળ કેળવણી આપી નાગરિક તરીકેની ફરજો અદા કરે તેવાં બનાવવાં એ વડિલોનું કર્તવ્ય છે એવું ગામોનો બધો કેળવાયલો વર્ગ સમજવા લાગ્યો અને પોતાના સંબંધમાં આવતાં ગામો (જેવાં કે નડિયાદ, વસો, ધરમજ, કરમસદ, ભાદરણ, સોજીત્રા વગેરેના) લોકોને જમાનાને અનુકૂળ કેળવણી લીધાથી જે લાભ મળ્યો તે લાભ જ્યારે તે જોઇ શકયા ત્યારે તેમનામા કંઇક નવોજ ઉત્સાહ આવ્યો અને તેવીજ યોજનાઓથી પોતાના ગામમાં કેળવણી અપાય એવી ગોઠવણ કરવા નિશ્ચય કર્યો

પેટલાદ હાઇસ્કૂલના માજી હેડમાસ્તર સાહેબ મે. મોતીભાઇ નૃસિંહભાઇ અમીનની યોગ્ય સહાયતા મળી તેને પરિણામે આ ગામમાં નાના પાયા ઉપર અંગ્રેજી શાળા સને ૧૯૦૫માં ખોલવામાં આવી અને કેટલાક વિદ્યાર્થીએ. ઘણી સરળતાથી કેળવણીનો લાભ લેતા થયા. એ વખતે આ સંસ્થા આશરે દોઢ વરસ ચાલ્યા પછી કેટલાંક કારણોને લઇ સમાધિસ્થ થઇ. પરંતુ જે થાય છે તે સારા માટે એ કહેવત મુજબ ભણનારા વિદ્યાર્થીઓએ જે સારાં ફળ અનુભવ્યાં તેની થએલી અસર જ્યારે લોકો જોઇ શકયા ત્યારે તેમનામાં કંઇક જુદીજ જાતનો ઉત્સાહ આવ્યો ને સારા પાયા ઉપર વ્યવસ્થિત શાળાની સ્થાપના કરવા સર્વે લોક એકમત થયા અને તેમાં પણ ગામના આગળ પડતા ગૃહસ્થોએ બધો બોજો ઉત્સાહથી પોતાને શિર લીધો. તે ગૃહસ્થો વારંવાર ગામના તેમજ બહારના કેળવાયલા ગૃહસ્થોના સંબંધમાં આવી તે સંબંધે વધારે ને વધારે માહિતી મેળવવા લાગ્યા અને આખરે સને ૧૯૧૦ના એપ્રિલ માસની પહેલી તારીખે સમાધિમાંથી જાગી પોતાનો વ્યવહાર શરૂ કર્યો.

જ્યારે જ્યારે આવાં સાર્વજનિક કામો ઉત્સાહથી અને નિષ્કામ વૃત્તિથી ઉપાડી લેવામાં આવે છે ત્યારે ત્યારે તેવાં કાર્યો નિભાવવા ઇશ્વર બીજી સગવડો પણ કરી આપે છે જ. જણાવતાં આનંદ થાય છે કે શરૂઆતમાં નાણાંની જે મુસ્કેલીઓ લાગતી અને તેને લીધે નાસીપાસ થવા કારણો મળતાં તે અદ્રસ્ય થઇ ગયાં છે. ઘણા ગૃહસ્થો મદદ આપવા બહાર પડયા અને જુદીજુદી યોજનાઓ કરી શાળાની આર્થિક સ્થિતિ સારી કરી હંમેશના નિભાવને અર્થે કાયમની મદદની પણ જોગવાઇ કરી શકયા. આમાં આ ગામના નોકર વર્ગ પોતાની કમાણીનો વાર્ષિક સારો હિસ્સો આપી જે સારી મદદ કરી રહ્યો છે તે ન ભૂલાય તેવો છે. તેમનોજ દાખલો લઈ ગામના ગૃહસ્થો પણ પોતાનો વાર્ષિક ફાળો ઉત્સાહથી આપે છે. તે ઉપરાંત વેપારી વર્ગે પણ પોતાની જવાબદારી સમજી શાળાની પૈસા સંબંધી સ્થિતિ

સુધારવા જે ઉદારતા બતાવી છે તે પ્રશંસાપાત્ર છે. તમાકું પકવનાર પણ વગર આનાકાનીએ ઉત્સાહપૂર્વક જે મદદ આપે છે તે પણ પ્રશંસાપાત્ર છે.

સદરહુ સંસ્થાની શરૂઆતમાં એટલે સને ૧૯૧૦ માં પહેલા ધોરણમાં ૯ અને બીજા ધોરણમાં ૧ મળી કુલ દશ જ વિદ્યાર્થીઓ હતા. આ વખતે ફક્ત એકજ અનકવૉલીફાઇડ શિક્ષકને રોકવામાં આવ્યો હતો.

આ સંખ્યા વધીને સને ૧૯૧૧ માં વીસની થઇ. આ વખતે પહેલા ધોરણમાં નવ અને બીજા ધોરણમાં અગિયાર વિદ્યાર્થીઓ હતા. એક વધુ શિક્ષકની જરુર જણાવાથી એક વર્નાક્યુલર ફાઇનલ પાસ થએલા માણસને રોકવામાં આવ્યો.

છોકરાઓને અંગ્રેજી શીખવાનો ઉત્સાહ લોકોમાં વધતો ગયો તેથી છોકરાઓની સખ્યા વધી અને સને ૧૯૧૨ માં ત્રીજું ધોરણ ખોલવામાં આવ્યુ. તે વખતે પહેલા ધોરણમાં ચોવીસ, બીજા ધોરણમાં ચૌદ, અને ત્રીજામાં આઠ મળી કુલ ૪૬ વિદ્યાર્થીઓ હતા. આ વખતે બે કવૉલીફાઇડ શિક્ષકો રોકવામાં આવ્યા હતા. સને ૧૯૧૨ ના ઑક્ટોબર માસની ૩૧ મી તારીખે મેં. ડીરેક્ટર સાહેબ બહાદુરે કૃપા કરી આ શાળા ત્રણ ધોરણ માટે મન્જુર કરી.

શાળા મંજુર થયા પછી સને ૧૯૧૩ માં ચોથું ધોરણ ખોલવામાં આવ્યુ. આ વખતે પહેલા ધોરણમાં ૨૮, બીજા ધોરણમાં ૧૭, ત્રીજા ધોરણમાં ૧૫, અને ચોથા ધોરણમાં ૮ મળી કુલ ૬૮ વિદ્યાર્થીઓ હતા. તે સાલના ડીસેમ્બર મહિનાની ૧૫ મી તારીખે આ શાળા ચાર ધોરણ માટે મંજુર થઇ અને ગ્રાન્ટને માટે નોંધાઇ.

સને ૧૯૧૪ માં પહેલા ધોરણમાં ૨૮, બીજા ધોરણમાં ૨૦, ત્રીજા ધોરણમાં ૧૦, અને ચોથા ધોરણમાં ૯ મળી કુલ ૬૭ વિદ્યાર્થીઓ હતા.

ચાલુ સાલે એટલે સને ૧૯૧૫ માં પહેલા ધોરણમાં ૨૭, બીજા ધોરણમાં ૧૭, ત્રીજા ધોરણમા ૧૧, અને ચોથા ધોરણમાં ૬ મળી કુલ ૬૧ વિદ્યાર્થીઓ છે.

ચાર વરસ જેટલી મુદતમાં આ સંખ્યા ૧૦ થી વધી ૬૧ ની થઇ છે, છતા પણ આ સંખ્યા ધારવા મુજબ થઇ નથી. આપણા જથાનાં ગામો (જેવાં જે નાર, ઓડ ઉતરસંડા વગેરે) ની શાળાઓની સંખ્યા સાથે સરખાવતાં આ શાળાની સંખ્યા ઘણીજ થોડી છે. તો ભવિષ્યમાં આ સંસ્થાનો લાભ લઇ ગૃહસ્થો પોતાનાં છોકરાંઓને મોકલી આપી આ શાળાને પૂરતી મદદ આપશે એવી આશા છે.

શાળામાં સારૂં શિક્ષણ અપાય તથા સરકારી શાળાઓની પેઠે આ શાળા પણ વ્યવસ્થિત અને ઉત્સાહપૂર્વક કામ કરે તેવા વિદ્યાર્થીઓના લાભ તરફ દોરાઈ સ્કૂલ કમિટિએ પાંચ કવૉલીફાઈડ શિક્ષકો રોકેલા છે. તેની અસર એ થઇ છે કે આજુબાજુનાં ગામ જેવાં કે પીપળાવ, પાળજ, કાસોર વગેરે ગામોના વિદ્યાર્થીઓ આ શાળામાં ઉમંગથી દાખલ થયા છે.

શાળાના અભ્યાસ ઉપરાંત અત્રે ડ્રૉઈન્ગ, કસરત, ડ્રીલ, ક્રીકેટ, દેશી રમતગમતોમાં પણ વિદ્યાર્થીઓ ઘણો સારો ભાગ લે છે. ભવિષ્યમાં વિદ્યાર્થીઓ સામાજીક કાર્યોમાં ભાગ લેતા થાય તે ઉદ્દેશથી સને ૧૯૧૩ ની સાલથી ડિબેટીન્ગ કલબ (Debating Club) પણ ભરવામાં આવે છે, જેની અંદર વિદ્યાર્થીઓ જાતેજ શિક્ષકની દેખરેખ નીચે નીતિના નિબંધો વાંચી છુટથી ચર્ચી શકે છે. વિદ્યાર્થીઓનું બહારનું વાંચન પુરૂં પાડવા શાળાને અંગે એક લાયબ્રેરી રાખવામાં આવેલી છે, તેમાં દર સાલે અંગ્રેજી પુસ્તકો ખરીદવા ઘણી સારી મદદ મળે છે. તેમાં ૭૪ ગુજરાતી અને ૩૨૭ અંગ્રેજી મળી કુલ ૪૦૧ ચોપડીઓ છે.

સને ૧૯૧૪ ની સાલમાં આ શાળામાંથી પાંચ વિદ્યાર્થીઓને ડ્રૉઈન્ગની પહેલા ગ્રેડની પરીક્ષા આપવા માટે મોકલવામા આવ્યા હતા, જેમાંથી ત્રણ પાસ થયા હતા. આથી વિદ્યાર્થીઓમાં ખંત વધ્યો અને ચાલુ સાલે ડ્રૉઇન્ગનો અભ્યાસ કરવા ત્રીસ ઉપરાંત વિદ્યાર્થીઓ આગળ પડયા છે. વિદ્યાર્થીઓનો આવો ઉત્સાહ જોઇને સ્કૂલ કમિટિએ થર્ડ ગ્રેડ પાસ થયેલા ડ્રૉઈન્ગ માસ્તર રોકેલા છે અને ડ્રૉઈન્ગ કલાસને માટે જરૂરનો સામાન પૂરો પાડયો છે.

શરૂઆતથી વર્ષવાર ખર્ચનો હિસાબઃ—

સાલ	ગામઇ ફંડ	ફી	ખર્ચ	ગ્રાન્ટ.
૧૯૧૦	૬૩	૪૦	૧૦૩	૦
૧૯૧૧	૧૪૪	૧૧૦	૨૫૪	૦
૧૯૧૨	૫૨૯	૩૩૪	૮૬૩	૦
૧૯૧૩	૫૩૭	૬૭૮	૧૨૫૩	૦
૧૯૧૪	૬૯૫	૮૦૦	૧૪૯૫	૨૫૦

આ શાળાને સંગીન પાયાપર લાવવાને માટે મે માજી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ મગનલાલ માણેકલાલ બલસારી સાહેબે જે જે અમૂલ્ય સૂચનાઓ કરી હતી તેને માટે તેઓ સાહેબનો આ પ્રસંગે આભાર માનવો ઘટે છે. આ ઉપરાંત શાળાના કામમાં વાકેફ થયેલા અને આ સંસ્થાના ઉત્પાદક તરીકે ઉત્સાહભર્યો ભાગ લેના ગામના ગૃહસ્થોની અમૂલ્ય મદદ માટે ભવિષ્યની પ્રજા હમેશને માટે ઋણી છે.

નિશાળને આવા પાયા પર મૂકવા ગૃહસ્થોએ ઉત્સાહપૂર્વક બને તેટલું કર્યું છે, છતાં આટલેથીજ તેમનુ કર્તવ્ય અદા થતું નથી. ભવિષ્યની પ્રજા હજુ પણ તેમની મદદની અપેક્ષા રાખે છે ને તેમને સંપૂર્ણ વિશ્વાસ છે કે વડિલ વર્ગ તેમને નિરાશ નહિ કરે. આ તેમની આશા વ્યાજબી છે અને સર્વ રીતે ઉપાડી લેવા યોગ્ય છે. તેમની તે આશા એક સારા સગવડ વાળા જમાનાને યોગ્ય નવા મકાન સંબંધી છે. મકાનને પતરાં જડેલાં હોવાથી ઉનાળામાં તથા ચોમાસાના અન્તમાં સખત ગરમી પડે છે, તેથી જે વિદ્યાર્થીઓ પાસેથી આવા સખત અભ્યાસની આશા રાખીએ છીએ તેમનાં કુમળાં મગજને આ ગરમી કેટલી સખત પડતી હશે તે સમજી શકાય તેમ છે. નાની વયમાં બાળકોનું સર્વ રીતે પોષણ કરવું એ વડિલોનું કર્તવ્ય છે કે જેથી તેઓ ભવિષ્યમાં ઉંચા અભ્યાસમાં આગળ વધી શકે. તે ભૂલી જઇ આટલી નાની વયે તેમને આવી મુસ્કેલીઓમાં રાખીએ તો આપણી આશાઓ ફળીભૂત થાય નહિ. માટે વિદ્યા-

ર્થીઓની તન્દુરસ્તી તથા મગજશકિતની ખીલવણીને માટે યોગ્ય મકાનનો બંદોબસ્ત કરવો ખાસ જરૂરનો છે.

ઇશ્વરની ત્રિગુણાત્મક માયા અકળિત છે. ત્રિગુણાત્મક જગત હોવાથી હરકોઇ યોજના કે કાર્ય તરફ બધાની પસંદગી હોઇ શકે નહિ એ બનવા યોગ્ય છે, ને વ્યવહારમાં જોવામાં પણ આવે છે. આ શાળા નભાવનાં આગેવાનોને ઘણી મુસ્કેલીઓ નડતી હશે, પરંતુ તેમણે યાદ રાખવું કે કોઈ પણ પ્રજાની આબાદી તે પ્રજામાં જેટલે અંશે સુકેળવણી હોય તે પરજ આધાર રાખે છે. બધા સારા નરસાનો ભેદ સમજી શકે તેવા હોતા નથી, આથી આવી યોગ્ય અને જરૂરી સંસ્થા તરફ કેટલાકનો અભાવ પણ હોયજ, અને તે અભાવને લીધે આગેવાનને કંઇ વેઠવું પડે, તો તે વેઠીને પણ આવાં જનસમાજના હિતનાં કાર્યો ચાલુ રાખવાં એ તેમનુ કર્તવ્ય છે. જેમ મોભને ઘણા ખૂટા વાગે છે ને વળીને એકજ વાગે છે, તેમ પ્રભુએ જેમને મોભ બનાવ્યા છે તેમને ઘણી અડચણો આવે તો પણ તેથી નહિ કંટાળતાં પોતાનો શુભ ઉદ્દેશ સંસ્થા તરફનો ચાલુ રાખે છે ને રાખશેજ, તો શાળાની ઉન્નતિ કરવા માટે જે ગૃહસ્થો ઉત્સાહપૂર્વક અને નિષ્કામ વૃત્તિથી કામ કરી રહ્યા છે તેમાં પરમ કૃપાળુ પરમેશ્વર તેમને સામર્થ્ય આપો અને તેમના આ પ્રયાસમાં તેમને અબાધિત વિજય મળો તથા જે સદ્ ઉદ્દેશથી આ સંસ્થા સ્થાપવામાં આવી છે તે સફળ થાઓ એજ દયાળુ નિયંતા પરમેશ્વરને નમ્ર પ્રાર્થના.

૨૩ (બ) સાર્વજનિક પુસ્તકાલયની હકીકત.

નવુંનવું જાણવાની ઇચ્છા મનુષ્ય માત્રમાં સ્વાભાવિક રીતેજ રહેલી છે. એ વૃત્તિને લીધેજ તથા તેના પોષણને અર્થે ભિન્નભિન્ન પ્રવૃતિ થતી આપણે જોઇએ છીએ. આ પ્રવૃત્તિ વડે મનુષ્ય પોતાનું અને અન્ય સમાજનું હિત સાધવા તત્પર રહી ઐહિક અને પારલૌકિક ઉન્નતિને માર્ગે વળે છે. આ આગળ વધતા જમાનામાં જિજ્ઞાસાવૃત્તિ તૃપ્ત કરવા સારાં પુસ્તકોનુ વાંચન અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ સર્વ મનુષ્યોની આર્થિક સ્થિતિ ઉપયોગી પુસ્તકો, વર્તમાનપત્રો, માસિકો વગેરે ખરીદી શકે તેવી હોતી નથી; તેથી તે ખોટ ઉદારચિત્ત ગૃહસ્થોની દાનવૃત્તિ પૂરી પાડે છે. પુસ્તકાલયોનું અસ્તિત્વ એ દાનવૃત્તિને જ આભારી છે. આપણા નાનકડા સુણાવ ગામમાં વધતી જતી કેળવણીના પરિણામે કેટલાક શિક્ષિત યુવક વર્ગને આજુબાજુ શ્રીમંત ગાયકવાડ સરકારના આશ્રયે છેક નાના ગામડામા પણ સ્થપાએલાં પુસ્તકાલયો જોઇ હરિફાઇ ઉત્પન્ન કરવાની ભાવના પ્રગટ થઈ. વળી આ શુભ યોગના સમયમાં પ્રાતઃસ્મરણીય પુસ્તકાલયના પિતા સમાન લેખાતા શ્રીયુત મોતીભાઈ અમીન સાહેબ જેઓ તે વખતે પેટલાદ હાઇ સ્કૂલના હેડમાસ્તર સાહેબ હતા તેમની કૃપાદ્રષ્ટિ આ ગામપર થવાથી તથા તે વખતના ગુજરાતીશાળાના હેડમાસ્તર સાહેબ મુળજીભાઈ કરૂણાશંકરના સતત પ્રયાસથી આ ગામમાં નાના પાયાપર સને ૧૯૦૬-૦૭ માં પેટલાદના મિત્રમંડળ સાથે સંબંધ રાખતુ મિત્રમંડળ પુસ્તકાલય ખોલવામાં આવ્યું. પણ ગુજરાતીઓ ઉપરના "આરંભશૂરાનો દોષ" લાગુ પડી તે બાળવયમાંજ સમાધિસ્થ થયું, પણ ત્યાર પછીના હેડમાસ્તર સાહેબ છબજીભાઈ મકનજીભાઇના ઉત્સાહથી તેમજ શ્રીયુત અમીન સાહે-

બની વારંવારની અમુલ્ય સૂચનાઓના પરિણામે તે ફરીથી જાગૃત થવા ભાગ્યવંત નિવડયું. તેમણે કેટલુંક ઉધરાણું કરી ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ કર્યો. પણ આ ઉત્સાહ લાંબો વખત ટકયો નહિ. તેમજ તેના કાર્યનેતાના મદદગારોના ઉત્સાહના અભાવે તે ગાઢ નિદ્રામાં સૂતું. તથા કેટલાંક પુસ્તકોપણ કેટલાક ઉદારચિત્ત ગૃહસ્થો!! દબાવી પડયા તે હજુ સુધી પણ પાછા આપવાની મહેરબાની કરતા નથી તે ઘણું દિલગીરી ઉપજાવનારૂં છે.

સુભાગ્યે તેને ગાઢ નિદ્રામાંથી જગાડવાનો ઉત્સાહ અત્રેના આફ્રિકા વસતા ઉદાર બંધુઓએ નાણાં સંબંધી કેટલીક મદદ કરી જાગૃત કર્યો. તથા તે વખતના એ. વી. સ્કૂલના હેડમાસ્તર નારનિવાસી રા. રા. છોટાભાઇ ખુશાલભાઇ કે જેઓ શ્રીયુત્ અમીનશ્રીના સહવાસમાં આવવાથી આવી સંસ્થાઓની ઉન્નતિ કરવામાં ઉત્સાહ ભર્યો ભાગ લેવામાં તત્પર રહેતા, તેમના પ્રયાસથી ત્રીજી વખત પુસ્તકાલય નવીન જીવન મેળવી શકયુ અને હાલ પણ તેની જે કંઇ આબાદ સ્થિતિ જોતા હોઇએ તો તે એજ સાહિત્યવિલાસીની સામાજિક સેવાનુ પરિણામ છે. તેમજ તે વખતના અંગ્રેજી સ્કૂલ તથા ગુજરાતી સ્કૂલના સ્ટાફે તેના પોષણ માટે જેજે પ્રયત્નો કર્યા છે તે બધાંનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. વળી ગામના સર્વ સદ્ગૃહસ્થોએ આ ઉછરતી સંસ્થા તરફ પ્રેમ બતાવી તેના પોષણ માટે કાયમના ફંડ તરીકે ગામમાંથી પરણતા દરેક યુવકના લગ્ન પ્રસંગે ઓછામાં ઓછો રૂપીઓ ૧) આપવોજ એવો નિયમ કરી સંસ્થાને આભારી કરી છે તેને માટે નેતાઓને ધન્યવાદ ઘટે છે. ખરૂં જોતાં પુસ્તકાલય લાંબુ આયુષ્ય ભોગવે તેવું કરવાનુ માન ધર્મજનિવાસી રા. રા. છોટાલાલ ભાઇલાલભાઇને ઘટે છે. કારણકે તેમણે પોતાની સદ્ગૃહસ્થાઇને છાજે તેવી ઉદારવૃત્તિ બતાવી રૂ. ૫૧) આપી પુસ્તકાલયને ગુજરાત વર્નાકયુલર સોસાયટી સાથે રજીષ્ટર કરાવી આપ્યુ છે. તેમજ પા. વલવભાઇ બહેચરભાઇના વતી તેમના આફ્રિકા વસતા ચી. રા. રા સોમાભાઇ વલવભાઇએ રૂ. ૭૫) બક્ષીશ આપી પુસ્તકાલયને જરૂરીઆતનો લાકડી સામાન પૂરો પાડી ઉપકારી કર્યું છે. આવી જ સારી રકમની ઇચ્છા આફ્રિકામાં વસતા અન્ય બંધુઓ (રા. છોટાભાઇ શંકરભાઇ તથા રા. ભાઇલાલભાઇ વાઘજીભાઇ વગેરે) તરફથી આશા રાખવામાં આવે છે જે મળશે જ. વળી વિદ્યાર્થી વર્ગ તથા અન્ય ગૃહસ્થોને ત્યાં સંગ્રહ કરવા લાયક કેટલાંક પુસ્તકો અવ્યવસ્થિત રખડતાં હતાં તે પણ આ સંસ્થાને ભેટ તરીકે આપ્યાં છે. હાલમાં આ સંસ્થામાં નીચે પ્રમાણે પુસ્તકો તથા સરસામાન વગેરે છે

લાકડી સામાન.

	ભેટ વા ખરીદ	નંગ.	કિંમત.	કોના તરફથી.
ખુરશી	ભેટ	૫	૧૫—૦—૦	જુદા જુદા સદ્ગૃહસ્થો
કબાટ	ભેટ	૨	૨૫—૦—૦	સોમાભાઇ વલવભાઇ
ટેબલ (ચારકકડે)	ભેટ	૧	૪૦—૦—૦	,,
બેન્ચ	ભેટ	૨	૮—૦—૦	ગામ લોક તરફથી
કબાટ	ખરીદ	૧	૨૪—૦—૦	ફંડમાંથી
કબાટ	ખરીદ	૧	૬—૦—૦	શરૂઆતનું ખરીદ

પુસ્તકો.

			નંગ.
પુસ્તકો	ગુજરાતી	ખરીદ	૧૦
પુસ્તકો	ગુજરાતી	ભેટ	૫૩૧
પુસ્તકો	અંગ્રેજી	ભેટ	૪૩

કુલ ૫૮૪ પુસ્તકો છે જે પૈકી ૫૧ ચારિત્રો; ૧૨૫ નવલકથાઓ; ૬૭ ધાર્મિક તથા નૈતિક; ૧૨૫ સાહિત્ય અને ૧૯૩ બીજાં પરચુરણ છે.

આવતાં પત્રો.

નામ.	લવાજમ.	કોના તરફથી.
	દૈનિક	
મુંબાઈ સમાચાર.	૨૨—૦—૦	ગામ લોક તરફથી.
	અઠવાડીક.	
ગુજરાતી	૪-૧૪—૦	ભાખાભાઇ તળસીભાઈ
પ્રજાબંધુ	૩—૦—૦	ખુશાલભાઇ શંકરભાઈ
આર્યપ્રકાશ	૨—૦—૦	ગોરધનભાઇ સોમાભાઈ
ઇન્ડીઅન એમ્પાયર	૩—૦—૦	છોટાભાઇ ખુશાલભાઈ
	માસિકો.	
બુદ્ધિ પ્રકાશ	૧—૮—૦	ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી
પટેલબન્ધુ	૧—૬—૦	કેશવલાલ ગોરધનદાસ
સુન્દરીસુબોધ.	૩—૦—૦	મોતીભાઇ કાશીભાઇ
સાહિત્ય	૨—૦—૦	ફંડમાંથી
વસન્ત	૨—૮—૦	ફંડમાંથી
આયુર્વેદ રહસ્ય	૧—૦—૦	મહીજીભાઇ બહેચરભાઇ
નવજીવન અને સત્ય	૨—૩—૦	ફુલાભાઇ કુબેરભાઈ
સસ્તી વાર્તામાળા	૨—૦—૦	વીઠ્ઠલભાઈ ઝવેરભાઇ
વિવિધ ગ્રંથમાળા	૩—૦—૦	આશાભાઇ નારાયણભાઈ
ચારિત્રમાળા	૩—૦—૦	ડાહ્યાભાઈ કલ્યાણભાઇ
કથાકુંજમાળા	૨—૦—૦	બાબરભાઇ જોરાભાઇ
બ્રાહ્મણ ધર્મ	૧—૦—૦	મંગળભાઇ નાથાભાઇ
ભાગ્યોદય	૨—૦—૦	ફંડમાંથી

ઉપર પ્રમાણેનાં પેપરો તથા માસિકો ચાલુ છે. જેમના નામપર ભેટ તરીકે આવે છે તે ઉદાર ગૃહસ્થો હમેશ માટે ચાલુ રાખી પુસ્તકાલયને ઉત્તેજન આપશે એવી આશા છે.

આ સિવાય પુસ્તકાલયને કાયમ રાખવા માટે કાયમી ફંડ ઉઘાડવામાં આવ્યુ છે, જેમાં લગભગ દોઢ વરસમાં લગ્નપ્રસંગ તથા પરચુરણ ભેટ મળેલી છે જેનો હિસાબ પા. નારાયણભાઇ બાજીભાઇ વગેરેની દુકાનમાં જમાં મૂકેલા છે. અને રૂ. ૧૪) સુણાવ બોર્ડિંગ હાઉસના વિદ્યાર્થીઓ તરફથી ભેટ મળેલા છે, જે રા. રણછોડભાઇ દ્વારકાંદાસને ત્યાં જમા મૂકેલા છે.

હાલના ઉત્સાહી સેક્રેટરી રા. ગોરધનભાઈ મોતીભાઇ પોતાના હોદ્દાનું જોખમ સમજી ગામ લોકો તરફથી તેમજ દાતાઓ તરફથી જે પુસ્તકો, સામાન, વગેરે મળ્યો હોય તેને વ્યવસ્થિત રાખી તેમાં દિનપ્રતિદિન વધારો કરી આ સંસ્થાને આબાદ કરશે એવી આશાછે.

શારદાસ્તવન.

લેખક–કીશાભાઇ લલ્લુભાઇ પટેલ.

ગરબો.

મૈયા શારદા માત, (૨) તને સેવે ભલી ભાત, (૨) કરે કૃપા સાક્ષાત, (૨)
વસી ઉપાસકહૃદય સદાય;

વીણા પુસ્તક ધારી, (૨) કરે હંસની સ્વારી, (૨) તુજ પ્રભાવ ભારી, (૨)
નમીએ નમીએ તુજને માય. (ટેક)

માત તુજ કૃપા વિના, મનુષ્યત્વ નવ પંકાય;
હોય કૃપા લક્ષ્મી ભલે, પણ નિસ્તેજ લેખાય.

નવ મહિમા અપાર, (૨) આ જગ મોઝાર, (૨) કરી કૃપા આ વાર; (૨)
કર અમ સ્થિતિ અતિ ઉદાત્ત. મૈયા;–વીણા. ૧

શુભ સુવર્ણ મહોત્સવ તો. સુણાવ ગામે હાલ;
ઉઝવવાનો પ્રસંગ તો, આપ્યો માત ધરી વ્હાલ.

દીસે વિદ્યાપ્રભાત, (૨) હજુ સુધી હે માત, (૨) કર મધ્યાન્હ સાક્ષાત (૨)
જગદેવી કરી દોષોનો ઘાત. મૈયા;–વીણા. ૨

છીએ છોરૂ આ તાહરાં, દેવી હે જગદાધાર;
કૃપાવારો રાખ વરસતી, થાય સફળ વિચાર.

તું અશરણશરણી, (૨) તું ભવભયહરણી, (૨) તું સુખજ કરણી, (૨)
સંપતિ વાધી કર અમ વિખ્યાત. મૈયા;–વીણા. ૩

બ્રહ્મચારી ઉપાસકો, સ્તવે પૂન્ય ભાવે તુજ;
કરૂં કૃપા જે શિષ્યને, તેને નમાથે શિષ સહુજ.

માત દયાળુ મારી, (૨) તુજ ગતિ છે ન્યારી, (૨) ગણાઉ સદા કુંવારી, (૨)
પાર ન પામ્યા દેવ માનવ જાત. મૈયા;-વીણા. ૪

તુજ કૃપાએ ઉત્સવ આ, નીરખ્યો અમ સૌ બાળ;
કર કૃપા પ્રતિદિન અધિક, ગ્રેઇ હર નિશ સંભાળ.

નમી નમી આ હાર, (૨) માગીએ વારંવાર, દેવી કલ્યાણકાર;
પ્રેરો શુભ મત આ તુજ બાળ. મૈયા;-વીણા. ૫

व्यभिचार निषेधक.

માઢ

પરસ્ત્રીયાર, સદા ખુવાર, સમજે સુજ્ઞ સજ્જન;
શાસ્ત્રપોકાર, નથી કંઈ સાર, પરસ્ત્રીયાર સદા ખુવાર—સમજે સુજ્ઞ.

પરસ્ત્રીની યારી કરશે, નહિ રહે ધંધે તેનું મન;
હંમેશ તે બાવરો બનીને, ગુમાવશે બળ ધન રે—
જેવા કીચક સાર, મુઆ અન્ય હજાર, પરસ્ત્રીયાર, સદા ખુવાર,—સમજે સુજ્ઞ. ૧

વિચારો ઐતિહાસિક દાખલા, પ્રથમ રામ રાવણ;
સીતાને માટે રાજકુળ ખોયુ, ખોયા પ્રાણ ને તન રે—
બનશે ગુમાર ખોશે ભાર, પરસ્ત્રીયાર સદા ખુવાર—સમજે સુજ્ઞ. ૨

કીર્તિમંત હતો સિદ્ધરાજ, વળી શહેર પાટણ;
રાણકદેવી માટે લડી, ખોઇ આબરૂ ધન રે—
કરી વિચાર, સમજો સાર, પરસ્ત્રીયાર, સદા ખુવાર—સમજે સુજ્ઞ. ૩

આબુરાયની કુંવરી માટે, ગુર્જરપતિ રાજન;
અંદર અંદર લડાઈ કરી, રાજ્ય આપ્યું યવન—
ગોત્ર સંહાર, કુસંપ અપાર, પરસ્ત્રીયાર, સદા ખુવાર—સમજે સુજ્ઞ. ૪

મૃગ જળ જેવું સુખ દેખીને, નવ લલચાવો મન;
સમજુ તો ચેતીને ચાલશે, મૂર્ખ ખોશે નિજ જીવન રે—
દિલ મોઝાર, ખેંચોને સાર, પરસ્ત્રીયાર, સદા ખુવાર—સમજે સુજ્ઞ. ૫

કી. લ. પટેલ

બાળકોની કેળવણીમાં માતાનો હિસ્સો.

(લેખક-નારણભાઇ વાઘજીભાઇ પટેલ.)

બાળક માતાના ખોળામાં ઉછરી મોટું થાય છે, અને નિશાળે બેસાડયા પછી પણ તે માતાની પાસેજ ઘણો સમય રહે છે. માતાના વાત્સલ્યમાં ઉછરતા બાળકનું ચિત્ત સદા તેના તરફ આકર્ષાયલું રહે છે, અને તેને વિષેજ પ્રેમભાવથી સદા ઢળેલું રહે છે, તેથી તેના દરેક આચરણનું પ્રતિક્ષણે તે અનુકરણ કરે છે. માનવહૃદય ઉપર તેમાં વિશેષે કરીને બાળકોનાં હૃદય ઉપર શબ્દોમાં આપેલા બોધ કરતાં વર્તનના સંસ્કાર દૃઢ પડે છે. કુટુંબમાં માતાનો અધિકાર નિરકુંશપણે પ્રવર્તે છે, અને તેજ ગૃહરાજ્યની અધિષ્ઠાત્રી દેવી છે. તેથી નાનાં મોટાં સર્વનાં હૃદય ઉપર તે બળવાન અસર કરી શકે છે. મોટી ઉંમરનાં માણસો બોધક વચનો ગ્રહણ કરી શકે છે, પરંતુ નાનાં બાળકોમાં એવી ગ્રાહક શક્તિ હોતી નથી. તેમનાં કુમળાં મગજ ઉપર તો માતાના ચારિત્ર્યનીજ અસર થાય છે. બાળક આજુ-બાજુના જનમંડળના પરિચયમાં આવે છે; તથાંપિ તે પોતાનાં માતાપિતાને સર્વશક્તિમાન અને સદ્‌ગુણસંપન્ન સમજે છે. કેમકે તેજ તેનુ આશ્રય સ્થાન છે, તેજ તેના સુખ ધામ છે, અને તેજ તેના આનંદનું કારણ છે. આમ હોવાથી માતાની હૃદયભાવના એજ બાળકની હૃદય ભાવના બની જાય છે, અને બાળક માતાના આચારવિચાર, રહેણીકરણી, ધાર્મિક ભાવનાદિનું અનુકરણ કરી મોટપણે તેને અનુરૂપ બને છે. માતાના ચારિત્ર્ય ઉપરજ બાળકનું ચારિત્ર્ય ઘડાવાનો આધાર છે, અને ઉચ્ચ ચારિત્ર્ય એ જ બાળકના જીવનની ઉન્નતિનું કારણ છે. એ પ્રમાણે માતાના ઉછંગમાં ઉછરતાં બાળકો ભવિષ્યની પ્રૌઢ પ્રજાના બીજ છે. માટે એ બીજ જે રીતે કેળ-વાશે તે રીતનીજ આખા દેશની સ્થિતિ થશે. આમ બાળકોનાં ચારિત્ર્ય ઘડનારો માતા ઉપરજ સમાજની ઉન્નતિનો આધાર છે.

કહે નેપોલ્યન દેશને કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે દો માતાને જ્ઞાન.

ઉપરનાં ધીરવીર નેપોલિયનનાં વચનો પણ એવોજ બોધ કરે છે.

બાળકનાં ચારિત્ર્ય ઘડવામાં માતાની સમાનતા કરે એવો બીજા કોઇ શિક્ષક નથી. "યોગ્ય માતા સો શિક્ષક કરતાં પણ અધિક છે." શિક્ષક બાળકોની નીતિનો પ્રણેતા છે, ત્યારે માતા મૃદુ હૃદયભાવોથી તેમને અજબ રીતે આકર્ષનારી છે; શિક્ષકનો અધિકાર બાળ-કને યોગ્ય માર્ગે વાળે છે, ત્યારે માતાના પ્રેમદ્વારા અપાતા શિક્ષણ વડેજ બાળક જાણે અજાણે યોગ્ય માર્ગે વળી જાય છે; અને શિક્ષક સ્વીકારેલા ધંધાને લીધે બાળકોનાં ચારિત્ર્ય ઘડવા પ્રયત્ન કરે છે, ત્યારે માતામાં કુદરતી રીતેજ બાળકોનાં ચારિત્ર્ય ઘડવાની શક્તિ–મૃદુતા, વાત્સલ્ય, સહનશક્તિ, ધીરતાદિ ગુણોથી ઉદ્‌ભવતી દીવ્ય શક્તિ રહેલી છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે દેશની ઉન્નતિ અથવા અવનતિનો આધાર સ્રીઓની સ્થિતિ ઉપર રહેલો છે. સ્રીઓની સ્થિતિ સુધારવા માટે તેમને કેળવણીની જરૂર છે. કેળવણી વડે તેમનામાં રહેલી જડતા નાશ પામી મૃદુતા, રસિકતા, લાવણ્ય, પાતિવ્રત્ય, સ્વાર્પણવૃત્તિ, ભક્તિભાવ, પ્રેમભાવનાદિ ઉચ્ચ સદ્‌ગુણો વધારે ને વધારે વિકાસ પામે છે અને જેટલે

દરજ્જે તેમના એ ઉમદા ગુણો વિકાસ પામે છે, તેટલેજ દરજ્જે તેઓ સમાજની ઉન્નતિ સાધવા રૂપ કીંમતી સેવા બજાવે છે.

સ્ત્રીજાતિ ઉપર ' તેઓ વહેમી છે, ' ' સ્ત્રીની મતિ પાનીએ ' વગેરે આક્ષેપો મૂકી તેમને અજ્ઞાન અંધકારમાં રાખવી એ અન્યાય ભરેલું છે, એટલુંજ નહિ, પરંતુ સમાજની ઉન્નતિને રોકનાર છે. કેળવણીના અભાવને લીધેજ તેઓ વહેમી, બીકણુ, મૂર્ખ અને નઠોર બની રહેલી છે. તેઓને કેળવણી મળતાં આપોઆપજ મૂળરૂપે પ્રકાશી રહેસે, અને સમાજને ઉજવાળશે. ગૃહરાજ્યતંત્રમાં પુરૂષ રાજા અને સ્ત્રી પ્રધાન છે. આથી પ્રધાનવટાનું જોખમ ભરેલું કાર્ય બજાવનાર સ્ત્રીને કેળવણીની ઓછી જરૂર નથી. અલબત તેઓનાં કાર્ય પરત્વે તેમની કેળવણી પુરૂષ કેળવણીથી ભિન્ન હોવાની જરૂર છે. આ પ્રમાણે સ્ત્રીકેળવણી એ જ સમાજની ઉન્નતિનું કારણ છે એમ દૃઢ રીતે માની જે દેશોમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા પ્રયત્નો થાય છે, તેમની યોગ્યતા જળવાય છે, અને તેમની સ્થિતિના પ્રમાણમાં તેમનું સન્માન થાય છે, ત્યાંજ જનમંડળ ઉંચી સ્થિતિ ભોગવે છે, ને તે દેશજ ચઢતી કળાએ પહોંચે છે ભગવાન મનુમહારાજનું **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** એ વાક્ય પણ આપણને ગર્જના કરીને એજ બોધ આપી રહ્યુ છે કે જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે, અર્થાત્ તેમની યોગ્યતાના પ્રમાણુમા તેમનું સન્માન કરવામાં આવે છે, ત્યાં જ દેવતાનો વાસો રહે છે, અર્થાત્ તે દેશજ ચઢતી દશાએ પહોંચે છે. આપણા દેશમાં પ્રાચીન સમયમાં સ્ત્રીકેળવણી છુટથી અપાતી. તે સમયની માતાઓએ જ રામ, કૃષ્ણ, બુદ્ધાદિ વીર પુરૂષોને જન્મ આપ્યા છે. હાલ દુર્ભાગ્યે સ્ત્રીકેળવણીની આવશ્યકતા સ્વીકારવા છતાં પણ ઘણા સમયથી મૂળ ઘાલી બેઠેલા રિવાજોને લીધે તેનો અનાદર થાય છે, અને તેટલે દરજ્જે હિંદ દુર્દશાનો ભોગ થઈ પડયું છે. માટે સ્ત્રીની ઉન્નતિ વગર કુટુંબની ઉન્નતિ નથી અને કુટુંબની ઉન્નતિ વગર દેશની ઉન્નતિ નથી એ નિરંતર ધ્યાનમા રાખી કેળવણીના હિમાયતિઓએ અને સમાજનું હિત સાધવામાં તત્પર રહેનારાઓએ સ્ત્રીકેળવણીના પ્રચાર થાય એવા સઘળા પ્રયત્નો કરવા ચૂકવું નહિ.

જ્યાં માતા અજ્ઞાન, વહેમી, આળસુ, સ્વછંદી અને દુરાચારી હશે ત્યાં બાળકોમાં સુનીતિના, સદાચરણના કે ધાર્મિક ભાવનાના વિચારો પ્રગટવાના નહિજ; અને જે માતાઓ કેળવાએલી હોઈ સદાચરણી, નીતિમાન અને ઉંડી ધાર્મિક ભાવનાવાળી હશે તે પોતાનાં બાળકોનું ચારિત્ર્ય વધારે ઉચ્ચ બનાવી શકશે. અને તેઓમાં ધર્મભાવના પ્રગટાવશે. ધર્મભાવના એ આત્માનું કલ્યાણ સાધનારી છે. યોગ્ય માતાવડે પોષાએલાં બાળકનાં હૃદયમાં રહેલાં ચારિત્ર્યબીજ વડે ઐહિક અને પારલૌકિક સુખોની પ્રાપ્તિ થાય છે. આમ પોતાનું અને પોતાના પૂર્વજોનું કે ભાવિ પ્રજાનું સર્વનું ઐહિક અને આમુષ્મિક કલ્યાણ સ્ત્રીના હાથમાંજ છે.—**दाराधीनस्तथा स्वर्गः पितृणामात्मनश्च ।**

ગતાવલોકન.

(લેખકઃ—લીંબાસીનિવાસી ત્રીકમભાઇ મથુરભાઈ પટેલ. સ્કૂલ માસ્તર.)

શારદાસ્તવન.

વંદુ શ્રી શારદા (૨) જન મન રંજની અખિલ નિરંજની
સ્થિર રસ પોષક થા. થા. થા. વંદુ શ્રી શારદા. (૨)

અશરણશરણી, અભરણભરણી, અમૃતઝરણી, કરૂણા કરણી,
પરમ પ્રેમપય પા. પા. પા. વંદુ શ્રી શારદા. (૨)

ચરણ વંદિએ ચિત્ત નિત્ય ચાહીને, હર્ષિત થઇએ તુજ ગુણ ગાઇને,
વિજય વિજય જય જય વરદા. વંદુ શ્રી શારદા. (૨)

ભારતવર્ષના ભૂષણ રૂપ, ગુર્જર બગીચાની ચારૂત્તર ભૂમિમાં આવેલા આ સ્થળનું બ્યાન આપતાં મને ઘણો આનંદ થાય છે. લાલિત્ય અને અનેક રસમય વૃક્ષોથી આચ્છાદિત થએલી, કુમકુમ અને સુવર્ણ મિશ્રિત રંગથી રંગાએલી, સદા રસ કસ અને કુદરતી બક્ષીસે પોષાએલી, આપણું ગૌરવ વધારતી આ પૂનિતપાવન ભૂમિને હું વારંવાર વંદન કરૂં છું.

કોઇ પણ કાર્યની શરૂઆત અને સમાપ્તિ વચ્ચે તેને વિસ્તૃત થઇ પરિપૂર્ણતાની પરિપકવ દશા ધારણ કરતાં અનેક વિકટ પ્રસંગોથી પસાર થવું પડે છે. તે મુજબ આપણી શાળાની શરૂઆત અને ક્રમે ક્રમે થએલી ઉત્ક્રાંતિને ઇતિહાસ રૂપે યાદ કરતાં, અનેક વિઘ્ન પસાર કરી આ શુભ પ્રસંગના મેળાવડાથી આપણને કાંઇક નવીન જાણવાનું મળ્યું છે ને મળશે.

જે વિદ્વજ્જનો—શારદા દેવીના કર્મવીર ઉપાસકોએ માતૃભૂમિનું યશોગાન કરવા આપણને એકત્ર કર્યા છે, તે શાળાભૂમિને હું વંદન કરૂં છું. ખરેખર શાળાભૂમિ એ તીર્થભૂમિજ છે.—પવિત્ર ભૂમિના યજ્ઞોનાં પ્રાસાદિક સ્થાન તે પૂજનીય જ છે!

આ સંબંધે શાળા પત્રમાં નીચેનું પદ્ય છપાએલું છે.

શાળા અમારી તીર્થ ભૂમિ, જ્ઞાનગંગા ત્યાં વહે;

શિક્ષાગુરૂ ત્યાં દેવ છે, ત્યાં શારદા તો ધ્યેય છે.
સંગીત નીતિગેય છે, અભ્યાસ ભક્તિમાં રહે; શાળા.

શાળા અમારી ફુલવાડી, ત્યાં સુવાસ સુશીલતા;
આનંદ ગમ્મત ખેલ નાના, સંગને ઓપાવતા. શાળા.

શાળા અમારી રાજધાની, શારદા રાણી તણી;
વહાલાં અમો બાલો, અમોને નિરખી રાજી ઘણી. શાળા.

આ યજ્ઞ વેદી યત્નની, છે રંગભૂમિ ઉમંગની;
જયવંત ક્ષેત્ર નિપુણની, સર્વસ્વ સૌ ઉરમાં બની. શાળા.

શાળા અમારું સ્વર્ગ છે, નિશાળ નંદન વન છે;
ત્યાં દેવનાં દર્શન છે, દેવી ગિરા સુપ્રસન્ન છે. શાળા.

આ શાળાના ૫૦ વર્ષની પૂર્ણાહુતિના પ્રસંગથી સમગ્ર જનમંડળને અને ભવિષ્યની પ્રજાને ઘણુંજ શીખવાનું મળ્યું છે. આ શુભ પ્રસંગથી માતૃભૂમિનું ઋણબંધન ફેડી ફરજ મુક્ત થવાનો લાભ પ્રાપ્ત થયો છે. શિક્ષક વર્ગ અને શારદ દેવીના પૂનિતપાવન પ્રવાહથી ઉદ્દ્ભવતા, આનંદ સાગરમાં રસબસ થતા, ગામ લોકનો પ્રેમ-સુજ્ઞ ને કદરદાન સદ્‌ગૃહસ્થોનો ઉત્સાહ અને શારદાસેવકોએ બજાવેલી ઉમદા સેવાથી આજનો માંગલિક દિવસ હમેશને માટે ખરેખર, એક યાદગાર બનાવ તરીકે મોજુદ રહેશે.

આ શાળા સાથે મારે આજેજ પરિચય છે એમ નથી; પરંતુ વર્ષ દરમિયાન એક બે વખત મુલાકાત થતાં હંમેશાં કંઇક કંઇક નવુંજ શીખવાનું મળે છે. મારી બાલ્ય-કેળવણીનો પ્રથમ આરંભ તે આજથી ૩૦ વરસ ઉપર આ શાળામાંજ થયો હતો, તેમ સને ૧૯૦૬માં મારી આ ગામે નોકરી દરમિઆન વસ્તુસ્થિતિ તપાસતાં આજ સુધીમાં ઉત્સાહી અને દદાગ્રાહી શિક્ષકોથીજ આ ગામને કેળવણીના સારા સંસ્કારનો લાભ મળ્યો છે.

આજથી લગભગ ૨૦ વર્ષ ઉપર આ શાળાનુ કામ મહેતાજી દેવશંકર ઉદયરામ જેવા સુશિક્ષિત વિદ્યાગુરૂઓના વખતમાં પણ ઘણુંજ મંગીત ગણાતું હતું. આજનો ઉત્સવ-જ્યુબિલી મહોત્સવ એ ખરેખર શરૂઆતની કેળવણીના શુભ પરિણામનુજ ફળ કહી શકાય એમાં કાઇ પણ સદેહ નથી. આ સમયે શાળામાં શિક્ષણ લેના બાળકોને એક તરફ વડીલોની નિશાળે મૂકવાની ઉત્કટ ઇચ્છા-ઉપાધિ, ત્યારે બીજી તરફ શિક્ષાગુરૂની નાની ટૂંકી નેતરની સોટી તો જાણે જવાબ લેવાને હંમેશાં હાજરજ રહેતી; "સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ" આ જુની કહેવત પ્રસંગવશાત્ સ્વાભાવિક રીતેજ યાદ આવે છે. ભય અને ત્રાસમાંથી મુક્ત થવાને વિદ્યાર્થીઓ વારંવાર ગામ કુવાનાં શેરડીનાં ખેતરો કરણું તળાવ ને અગોચર જગાઓનો આશ્રય લઇ ભયમુક્ત થતાં હતાં. આજે આ સ્થિતિ કેટલી બધી પલટાઇ ગઇ છે. તેનો ખ્યાલ કરો! જે બાળકો નિશાળનુ નામ સાંભળી બજાર કે શેરીમાં "મહેતાજી આવે છે" એમ સાંભળી છોકરાં સંતાઇ જતાં, છુટીને દિવસે પણ ઘેર તોફાન કરતો છોકરો "મહેતાજીને બોલાવું છું" એટલુંજ કહેતાં તોફાન કરતો બંધ થઇ જાય, આવી સજ્જડ છાપ બાળકોના મનમાં બેઠેલી હતી, છતાં તેઓ એટલી ક્રૂરતા વાપરતા નહિ. સારા શિષ્યોપ્રત્યે ભાવથી કામ લેતા અને લોકો સાથે માયાળુપણે વર્તતા. માબાપને પણ વિશ્વાસ હતો કે મહેતાજી જે કરે તે વ્યાજબીજ હોય. વિદ્યાર્થીને નિશાળે મૂકવા જાય ત્યારે પણ એમજ કહેતા, કે આને ભણાવજો "એની હાડ ચામડી અમારી છે" મતલબ કે ગમે તેમ કરી શીખવજો. બુદ્ધિ શક્તિ આપજો. એ શક્તિ આપનાર-જ્ઞાન દાન દેનાર તમે છો" એવો ભાવ હંમેશાં બતાવતા. લાડકવાયો છોકરો હોય તો પણ મહેતાજીના વાંકમાં આવે તો વચમાં કોઇથી બોલી શકાય નહિ. આ સ્થિતિને અનુભવી આગળ ચાલતાં, ખરેખરી સ્થિતિનો ચિતાર આપવાને આજથી બે દાયકા ઉપર થયેલી

પ્રગતિથી શરૂ કરી, આગળ વધીએ. આપણા ગામે પાટીદાર વર્ગની સંખ્યા વિશેષ હોઇ સૌ કોઇ કૃષિકાર વર્ગમાં હતા, સુધારાની શરૂઆતમાં ભોળા, ભલા, સાદા પણ નમ્ર અને વિવકી પાટીદારોની સ્થિતિ સાધારણ હતી. આજની સ્થિતિ સાથે સરખાવતાં આચાર વિચાર વ્યાવહારિક રીતભાત અને કેળવણીનો લાભ લેવામાં પછાત હતા. આ સ્થિતિનું સ્વરૂપ–દિશા બદલાવાનું મુખ્ય કારણ શાળાનેજ આભારી છે. શરૂઆતમાં આગળ પડતું કામ બજાવી પરિણમો ઉત્સાહી અને માતૃભૂમિ પ્રત્યે સ્વમાન દર્શાવતા અનેક દાનવીરો ઉત્પન્ન કર્યા. ગામના ઉત્સાહી અને ખંતીલા શિક્ષકોથીજ શરૂઆતમાં પાંચ સાત નોકરો હતા. છેલ્લા બે દશકામાં ક્રમશઃ વૃદ્ધિ ગતિ થતાં પાડોશમાં આવેલી નામદાર ગાયકવાડ સરકારની હાઇસ્કુલના વાતાવરણના પાશ્ચાત્ય દેશમાંથી સ્ફુરી આવેલા પવને આપણું ધ્યાન ખેંચ્યું. પરિણામે જો કે આજ સુધીમાં બહુ નહિ, તો પણ જે જે ગૃહસ્થોએ ઉંચા દરજ્જાની લાયકાત મેળવી છે. અને જેમને કોઇ પણ જાતનો સ્વાર્થ નથી છતાં ગામના પોતાના ભાઇઓના બાળકોના હિત ખાતરજ આંગળીનાં ટેરવાંપર ગણી શકાય તેટલી સંખ્યાના ઉદાર હૃદય વાળા સુજ્ઞ ને સુશિક્ષિત વિદ્વાનોએ આપણા ગામને ખરેખર જેબ આપી યશસ્વી કર્યું છે તેઓ સર્વથા અભિવંદનને યોગ્ય છે.

ધીમે ધીમે શાળા કેળવણીના પ્રભાવથી બધી વ્યક્તિઓનું–ગામ લોકનુ સંમેલન થતાં સને ૧૯૧૦માં એંગ્લો વર્નાક્યુલર સ્કૂલની સ્થાપના થવાથી આપણી ઉમદા નેમ ઘણે ખરે અંશે પાર પડી છે. આજ સુધી અમી દૃષ્ટિથી પોષી, માવજતથી ઉછેરી, જે બગીચાના વૃક્ષને ખીલવી, અમૃત ફળો ચાખવાની ઇચ્છા રાખેલી, તે ધારણા કાંઇક ઝાંખી દૃષ્ટિયો પ્રત્યક્ષ થઇ છે.

હું આશા રાખું છુ કે ભવિષ્યમાં આ કેળવણીનુ પરિણામ ફળદાયી નિવડયા વિના રહેશે નહિ.

આપણી શાળામાં આજ સુધીમાં પ્રારબ્ધાનુસાર વિદ્યા દેવીની પ્રસાદીથી કેટલાક માણસો લાયક દરજ્જે આવેલા છે. આથી દિન પ્રતિદિન આપણા વેપાર રોજગાર અને આંતર્જીવનને નવુંજ બળ પ્રાપ્ત થયું છે. અર્થિક સ્થિતિ તરફ દૃષ્ટિ કરતાં પણ ઘણોજ તફાવત દેખાઇ આવે છે. આજથી ૫૦ વર્ષ ઉપર આપણી જે સ્થિતિ હતી તેના મુકાબલે આજની સ્થિતિનું દિગ્દર્શન કરતાં હર્ષિત છુ. હું મુક્તકંઠે કહીશ કે ગામમાં સારા પાયા ઉપર ચાલતી ગુ. સ્કૂલમાં લગભગ સવા ત્રણસો વિદ્યાર્થીઓ કેળવણીનો લાભ લે છે. આ દિન પ્રતિદિન થતા જતા વધારાથી ગામ લોકને કેળવણીના ફાયદા અને મળેલો લાભ પ્રત્યક્ષ થાય છે.

અંગ્રેજી સ્કુલની સ્થાપનાથી ઘણા ટુંક સમયમાં પણ લગભગ ૭૫ વિદ્યાર્થીઓ લાભ લેતા થયા છે. વસ્તીના પ્રમાણમાં ભણનારની સંખ્યા સેંકડે ૧૧ ટકા લગભગ છે, જે પ્રગતિના સ્થાનમાં આપણે કેટલા દરજ્જે આગળ વધ્યા છીએ, એ બતાવી આપે છે. પ્રાથમિક કેળવણીનું ફળ આ દિશાથી આપણને પ્રાપ્ત થતાં બ્રિટિશ રાજ્યમાં વધતા જતા જમાનાની સાથે આપણે કાંઇક કરી શકયા છીએ ગામમાં વાંચનનો શોખ પુરો પાડવા નાના પાયા ઉપર પણ વ્યવસ્થા પૂર્વક ચાલતી એક **લોકોપયોગી** લાયબ્રેરીની સંસ્થાથી

પ્રજામાં વાચનનો શોખ શરૂ કર્યો છે. આવાં લોકોપયોગી સુધારણાનાં કામ કરવા આખું ગામ એક સંપી થાય એ કામ કેળવણીએ ઓછું કર્યું કહેવાય નહિ. દરેક શાળાના શિક્ષકો જાહેર પ્રજાથી વિદ્યોત્તેજક ફંડ ખાતાં ઉઘાડી ધારે તો લોકોની દૃષ્ટિ ખેંચી શકે, અને એ પ્રમાણે ફંડનાં નાણાંનો સદુપયોગ કરી આપણી દિન પ્રતિદિનની હાજતોને પહોંચી વળવું. એમાંજ શિક્ષક વર્ગ અને જન સમાજનું કલ્યાણ સમાયેલું છે. શાળા, એ જનમંડળને સુધારા અને સ્થાનમાં લઇ જનારૂં ઉત્તમ સાધન છે.

શાળા એ નૌકા છે, ને શિક્ષકો એ નૌકાને ચલાવનાર નાવિક છે. જે નૌકાનો નાવિક કુશળ અને બાહોશ હોય, તેનુંજ નાવ વિના અડચણે ધારેલા લક્ષ્ય સ્થાને પહોંચી જાય એ દેખીતુંજ છે. હાલમાં આપણી શાળાઓની ઉન્નતિ માટે નામદાર સરકારના સ્તુત્ય પરિણામે દરેક શાળામાં નાના પાયા ઉપર ચાલતાં સંગ્રહસ્થાન, રમત ગમ્મત કરવાનાં સાધનો અને સાહિત્ય ખિલવણી માટે ગુજરાતી ભાષાની ઉત્કૃષ્ટતા દાખવતી, વર્નાક્યુલર ટેક્સ બુક્સ રિવિઝન કમિટિની વાચનમાળાઓ, વગેરે આપણા શિક્ષણનાં સાહિત્યો દિન પ્રતિદિન વધારે સંગીન થતાં જાય છે. બાલ્ય કેળવણીની શરૂઆત એક સારા ટ્રેન્ડ અનુભવિ શિક્ષકથીજ કરવામાં આવે છે, શાખવવાના વિષયો પણ રમ્મત ગમ્મત સાથે આનંદ આપે એવા રૂપમાં શીખવાય છે. શાળા એ બાળકોનું આનંદ સ્થાન અને રમત ગમત કરવાની નિર્ભય જગા છે. વર્ષમાં બે ત્રણ વખતે આવા નૈમિત્તિક પ્રસંગોથી બાળકોને પોતાની હરિફાઇ બતાવી, ઇનામ અને કોઇ કોઇ વાર જમણવારના પ્રસંગથી શાળા પ્રત્યે વધારે ચાહના રાખતાં થયાં છે.

આપણી શાળાની આવશ્યક્તાઓ—આપણી પ્રાથમિક શાળાના બંધારણમાં દિન પ્રતિદિન સુધારો થાય છે એ પ્રતાપી માયાળુ અંગ્રેજ સરકારનો પૂર્ણ પ્રભાવ છે. ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપી સારૂં ઉત્તેજન આપે છે, એટલુંજ નહિ પણ નવીન પદ્ધતિથી વિચારપૂર્વક રચાયલી ગુજરાતી બુકોથી ઘણોજ લાભ થયો છે.

માયાળુ સરકારે ધર્મની કેળવણીમાં ડહાપણથી હાથ ઘાલ્યો નથી. પણ એની ઘણી અગત્ય છે, એ હવે સૌને સમજાયુ છે. ધર્મ ભાવના-ઇશ્વરપ્રીતિ-ઇષ્ટોપાસના વિના એકલી નીતિ લુલી અને લુખી છે. તેને માટે...........

(૧) શાળાઓમાં ધાર્મિક કેળવણીને યોગ્ય સ્થાન આપવું જોઇએ.

(૨) શાળાઓને લગતાં બોર્ડિંગોની વ્યવસ્થા કરવામાં આવે તો સંગીન લાભ થવા સંભવ છે.

(૩) મહેતાજીને જેમ બને તેમ કેટલીક જરૂરી સ્વતંત્રતા પુરતાં ને યોગ્ય સાધન આપવાં.

(૪) શિક્ષકને પોતાના નિર્વાહની લેશ પણ ફીકર ન હોવી જોઇએ. સંસ્થાના અધિકારીઓ કદર કરે એમ હોવું જોઇએ.

(૫) બાળકના માબાપે શિક્ષણના કામમાં શિક્ષકની માફક ભાગ લેવો જોઇએ અને તેમ કરવામાં માતા ડાહી, ભણેલ અને સુશિક્ષિત હોવી જોઇએ.

(૬) હૃદય કેળવવાનાં તત્વો વધારવાં જોઇએ.

મારે છેવટમાં કહેવું જોઇએ કે–પ્રાથમિક કેળવણીનું તારતમ્ય કાઢવાનું, જન્મભૂમિનું સ્વાર્થક કરવાનું અને સમગ્ર જનમંડળને સુધારાની ટોચના અગ્રસ્થાને મુકવાનું માન તારા ખરેખરા ચુનંદા ભક્તોનેજ આભારી છે.

હું પરમાત્મા પાસે અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું કે નમુનેદાર શિક્ષાગુરૂ વડે ત્રણે પ્રકારની કેળવણીથી ચતુર થએલાં બાળકો પોતાના ધર્મ અને નાતિને અનુસરી ઇષ્ટ સિદ્ધિ મેળવો અને આપણો ઉદ્ધાર કરી પૂર્વવત્ આનંદ અનુભવો. તથાસ્તુઃ

પ્રાચીનકાળમાં આર્યાવર્ત્તમાં કેળવણીની મહત્તા.

લેખકઃ—આશાભાઇ નારણભાઈ પટેલ.

પ્રાચીનકાળથી જ આપણા આર્યપૂર્વજો કેળવણી વિષયને સર્વ વિષયો કરતાં કેટલી મહત્તા આપતા તે આપણને આપણાં ધર્મપુસ્તકો તથા ઐતિહાસિક પુસ્તકો વાંચવાથી જણાઇ આવે છે. પોતાની ભાવિ પ્રજાને પોતાના કરતાં વિશેષ ઉન્નત સ્થિતિમાં આણવા માટે બીજી સંપત્તિ વારસામાં આપવા કરતાં વિદ્યા દેવીની સંપત્તિ આપવામાં મહત્તા માનતા. પોતાની આ ઇચ્છા સંપૂર્ણ કરવા તથા તે વ્યવસ્થિત અને નિયમિત રીતે આપી શકાય તે માટે તેમણે પોતામાંથી વિદ્વાન અને કેળવાયલો વર્ગ જુદો કાઢયો. આ કેળવણી આપનાર વર્ગને બ્રાહ્મણ અને ગુરુપદવીની માનનીય પદવી આપી. તેમને ફક્ત ભણવું, ભણાવવું, દાન આપવું, દાન લેવું, યજન કરવો અને યજન કરાવવો આટલી જ પ્રવૃત્તિ સોંપી, તેમના ભરણ પોષણનો, રક્ષણનો તથા તેમને સંસાર વ્યવહારમા કોઇપણ જાતની અડચણ ન પડે તેનો બંદોબસ્ત કરવાનું કામ પોતાને માથે રાખ્યું. આથી તેઓ ફક્ત વિદ્યા દેવીની ઉપાસના કરવામાં તથા વિદ્યાનું દાન આપવામાં જ મગ્ન થયા. વળી અન્ય વર્ણના લોક માનવા લાગ્યા કે જ્યારે બ્રહ્માએ સૃષ્ટિ રચી ત્યારે તેના મુખમાંથી પેદા થયા તે બ્રાહ્મણ. આવી રીતે વિદ્વાન વર્ગને બ્રાહ્મણ અને ગુરુ સંજ્ઞાની માનનીય ઉપાધિથી વિભૂષિત કર્યો, એટલું જ નહિ પણ તેમની આજ્ઞાને પરમેશ્વરની આજ્ઞા માફક માની પાલન કરતા. **ब्रह्मवाक्यं जनार्दनः॥** આ વાકયજ બતાવી આપે છે કે બ્રાહ્મણની આજ્ઞા તે ઇશ્વરનીજ આજ્ઞા છે. વિદ્વાન વર્ગને આવી આવી માનનીય ઉપાધિથી અલંકૃત કરનાર, તેમની આજ્ઞાનું પાલન કરનાર, તેમના પ્રતિ પૂજ્યભાવથી જોનાર તથા તેમનું પાલન પોષણ કરવામાં મહત્તા માનનાર આર્યવર્ગ શું ઓછો પ્રશંસા પાત્ર છે? આવી રીતે જ્યાં ગુરુઓ પ્રભુતુલ્ય પૂજાય, દેવ સમાન મનાતા હોય ત્યાંની પ્રજા સર્વ સુખો પ્રાપ્ત કરી સ્વર્ગીય આનંદ અનુભવે, એવું મહાન્ પ્રજાહિત કાર્ય કરવામાં ગુરુવર્યો પોતાના અમૂલ્ય વખતનો વ્યય કરે, એ શું દેશનું

ઓછું મહદ્ ભાગ્ય છે ? જ્યાં આવા ઉત્તમ વિદ્યાગુરુઓના કદરદાન સદ્દગૃહસ્થ વસતા હોય, વિદ્યાગુરુઓ માનનીય દૃષ્ટિથી પૂજ્ય મનાતા હોય, ત્યાં વિદ્યા દેવી પણ પોતાનો નિવાસ કરે તેમાં શું આશ્ચર્ય ! વિદ્યાદેવીના વસવાટ સાથે સંપ, નીતિ, સદાચાર, રિદ્ધિ, સિદ્ધિ,એની મેળેજ ધસડાતી આવે. આવી રીતે ઉન્નત સ્થિતિનાં સર્વ સાધનો સાનુકુળ થાય તો પછી તે પ્રજા આ લોકમાં માન અને કીર્તિ મેળવે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. જ્યાં સુધી આપણા આર્યપૂર્વજોની એ પ્રાચીન શ્રેણીનું યથાયોગ્ય પાલન થયુ ત્યાં સુધી આપણી પ્રજાએ સ્વર્ગીય આનંદ અનુભવી પોતાની જયપતાકા સર્વ દેશોમાં ફેલાવી, તથા પોતાના બુદ્ધિબળની ચમત્કારીક શોધોથી તે સમયની દુનીઆને આશ્ચર્યચકિત કરી, પરંતુ કાળચક્રના નિયમને અનુસરી કમભાગ્યે પ્રાચીનકાળના પવિત્ર નિયમોનું ઉલ્લંઘન થવા માંડયું કે દેશમાં વિદ્યા-કળાની પડતી આવી. હાલમાં માયાળુ નામદાર બ્રિટિશ સામ્રાજ્યના શાન્ત અમલ નીચે અવનત સ્થિતિમાં આવી પડેલી ભારતીય પ્રજાને પોતાની પૂર્વસ્થિતિમા આવવાનો શ્રી પર-માત્માએ અલભ્ય લાભ આપ્યો છે, તો તેનો સદુપયોગ કરી પોતાની ગયેલી કીર્તિ પાછી મેળવવાનો પ્રયત્ન કરી પોતાના દેશની જયપતાકા દરીઆપારના દેશમાં ઉરાડવાનું સામર્થ્ય શ્રી પરમકૃપાળુ પરમાત્મા અર્પો તેવી તેના પ્રતિ નમ્ર વિનતિ છે.

સામાન્ય લોકો વિદ્વાનો તરફ માનની દૃષ્ટિથી જોતા તેમ નહિ, પરંતુ જે યોદ્ધાઓ પોતાના સામર્થ્યના પ્રભાવથી ફક્ત ઇશ્વર સિવાય કોઈને પણ પોતાનું અડગ મસ્તક નમા-વતા નહિ, તેવાઓ પણ આ વિદ્વાન વર્ગના ચરણમાં પોતાનું શિષ ઝુકાવી રહેવામાં આનંદ માનતા; અને તેમની કૃપા મેળવવા તથા તેમને ખુશી રાખવા પ્રયત્ન કરતા. આવી રીતે રંકથી તે રાજા વર્ગ સુધી વિદ્વાન વર્ગ માન પામતો, તથા તે સર્વજનો તેમનું આજ્ઞાપાલન કરવા તત્પર રહી તેમને કોઈ પણ જાતની અડચણ પડવા દેતા નહિ. કેટલીક વખત તેમની અડચણો ટાળવામાં સ્વાર્થ તથા પ્રાણનો ભોગ આપવો પડે તો પણ પાછા હઠતા નહિ. આવી ઉચ્ચ વૃત્તિ ધારણ કરીને જ અયોધ્યાના મહાન્ પ્રતાપી દશરથ રાજાએ વસિષ્ટ ગુરુની આજ્ઞાને વશ થઇ, પોતાની આંખની કીકી સમ પ્રિય ગણાતા બાર બાર વર્ષના સુકુમાર કુંવ-રોને પ્રચંડ અને બળવાન રાક્ષસોથી યજ્ઞનું રક્ષણ કરવા માટે વિશ્વામિત્ર ગુરુને સ્વાધીન કર-વામાં જરાપણ આનાકાની કરી નહિ. જનક રાજાએ અષ્ટાવક્ર ઋષિ પાસેથી જ્ઞાન મેળવ્યા પછી ગુરૂદક્ષિણામાં તન, મન અને ધન અર્પણ કરવામાં પાછી પાની કરી નહિ, તથા ધનુ ર્ધારી અર્જુનજીએ પોતાના ગુરુ દ્રોણાચાર્યનું અપમાન કરનાર બળવાન દ્રુપદરાજાને અનેક વિપત્તિ વેઠી ગુરુના ચરણમાં નમાવી અપરાધની ક્ષમા મંગાવી ગુરુઆજ્ઞાનું પાલન કર્યું. પોતાને આશ્રયે આવી રહેલી ભાવિ ભારતીય પ્રજા યોગ્ય કેળવણી મેળવી કેવી રીતે ઉન્નત થાય તે સંબંધીના જ વિચારોમાં વિદ્વાનો મગ્ન રહેતા. તેઓ સારાં હવા પાણીવાળા, વસ્તીથી દૂર નિર્જન પ્રદેશવાળા જંગલમાં પોતાનો આશ્રમસ્થાન બાંધી પોતાના કુટુંબ અને વિદ્યાર્થી વર્ગ સાથે વસી જંગલને પણ સરસ્વતી દેવીની કૃપાથી મંગલમય પ્રદેશ બનાવી આનંદ ભોગવતા. તેમને પોતાના ભરણપોષણની કે રક્ષણ કરવાની ચિંતા નહિ હોવાથી પોતાના હાથ નીચે કેળવણી લેતા શિષ્યો ભવિષ્યમાં પોતાનો સંસારવ્યવહાર નિર્વિઘ્ને ચલાવે તેવા નીતિ-માન અને સદાચરણી બને અને પોતાના કરતાં પણ વધારે કીર્તિમાન થાય તેવા બનાવવા પ્રયત્ન કરતા. શિષ્યો ઉપર પોતાના સંતાન માફકજ દેખરેખ રાખતા, તથા તેમને સુખે સુખી

અને દુઃખે દુઃખી બનતા. જેમ બને તેમ તેમને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરતા, અને માબાપના વિયોગથી તેમને કાંઇપણ જાતનું ઓછું ન આવે તે સંબંધી સંપૂર્ણ કાળજી રાખતા. ગુરુ-પિતા સમાન અને ગુરુપત્ની માતા સમાન પ્રેમ દર્શાવતાં. આવા વર્તનથી વિદ્યાર્થીઓને પોતાના માબાપના જેવો જ તેમના પ્રતિ પૂજ્યભાવ ઉત્પન્ન થતો, અને પોતાના જન્મદાતા માતપિતાનો વિયોગ દુષ્કર લાગતો નહિ. તેમને દરરોજ નિયમિત વિદ્યાદાન આપવું, નિત્ય કર્મમાં પ્રવીણ કરવા, ભરણપોષણની સંભાળ રાખવા તથા બધા વિદ્યાર્થી વર્ગ પ્રતિ સહાનુભૂતિ દર્શાવવી, અને તેમનાં મન આનંદમાં રાખવાનું મહાન્ કાર્ય ગુરુ અને ગુરુપત્નીઓના હસ્તક હતું, જે તેઓ સંપૂર્ણ બજાવી પોતાની ફરજ અદા કરતાં. જે આવા કાર્યમાં વધારે નિપુણ હતા તેમની પાસે શિષ્યવર્ગની સંખ્યા વધારે થતી. જેમની પાસે શિષ્યોની સંખ્યા વધારે થતી તેમની પ્રતિષ્ઠા વધારે ગણાતી. આથી પોતાના જ્ઞાનમાં વધારો કરવા તથા વિદ્યાર્થીઓને સારી રીતે કેળવવા માટે વધારે લક્ષ આપવામાં સંપૂર્ણ કાળજી રાખતા. તે વખતનો વિદ્વાનવર્ગ પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે બીજા વિદ્વાનોની અદેખાઈ ન કરતાં પોતાનું જ્ઞાન વધારી, પોતાની પાસે ભણનાર વિદ્યાર્થીઓનાં મન મેળવી તેમની સંખ્યા વધારી તથા વિદ્વાનોની મહાન્ સભાઓમાં પોતાના જ્ઞાનની કસોટી બતાવી હરિફાઇ કરી પ્રતિષ્ઠા મેળવવા ઉદ્યુક્ત થતો. જ્ઞાન આપવા માટે દરેક વિષયોનાં મહાન પુસ્તકો લખતા. વળી વિદ્યાર્થીઓને ઝટ યાદ રહે તે માટે ગદ્ય લખાણ કરતાં પદ્ય લખાણને વધારે મહત્વ આપતા. થોડા શબ્દોમાં વધારે જ્ઞાન મળે તે માટે નિયમોનાં ટૂંકાં ટૂંકાં સૂત્ર લખતા, જેથી વિદ્યાર્થીઓ ઝટ યાદ કરી શકતા. તે વખતે હાલની માફક કાગળ બનાવવાનો કે છાપવાનો હુન્નર હાથ લાગ્યો નહોતો, તેથી પુસ્તકોનો તાડપત્ર કે તમાલપત્ર ઉપર ઉતારો કરતા. આવી રીતે લખવા અને વાંચવાના સાધનોના અભાવને લીધે પુસ્તકોનો બહોળો ફેલાવો નહોતો, તેથી વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓની કેળવણી કરતાં સ્મરણશક્તિ વધારે કેળવાતી. વળી જ્યારે લખવાની પદ્ધતિની શોધ થઇ નહોતી ત્યારે તો ફક્ત સ્મરણશક્તિ કેળવવા ઉપરજ આધાર રહેતો. આવાં જ્ઞાન અને વ્યાવહારિક બાબતોનાં પુસ્તકો લખવામાં –વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, વ્યાસજી, જમદગ્નિ, પાણિનિ વાલ્મીકી, કણાદ, કપિલ વગેરે એ આગેવાની ભર્યો ભાગ લીધેલો છે. આવા મહાન ગુરુઓના સતત પ્રયાસથી સંસ્કૃત ભાષા વધારે ગૌરવશાળી બની, એટલુંજ નહિ પણ તેમણે પોતાના જ્ઞાન બળથી–ધાર્મિક, તાત્વિક, અને સંસારિક વિષયોને લગતાં એવાં અત્યુત્તમ પુસ્તક લખ્યાં છે કે આટલો લાંબો સમય થયા છતાં હાલમાં સુધારાની ટોચે પહોંચી અગ્ર ગણાતી પ્રાશ્ચાત્ય પ્રજા મુક્તકંઠે તેમના જ્ઞાનના યશોગાન ગાયા કરે છે, તથા હાલના જમાનામાં મહાન્ ગણાતો વિદ્વાન વર્ગ તેનો પાર પામવા અહર્નિશ પ્રયત્ન કરવા છતાં સંપૂર્ણ ભાવાર્થ સમજી શકવા સમર્થ થયો નથી. હાલના વખતમાં અજાયબી પમાડનાર મહાન શોધો તથા સુખોપભોગનાં સર્વ સાધનો કે જેનો અનુભવ કરીને અગર શ્રવણ કરીને આશ્ચર્ય ચકિત થઇએ છીએ તે શોધ ખોળો પણ અસલના સંસ્કૃત ગ્રંથોને આભારી છે.

વિદ્યાર્થીઓને આઠ વર્ષની ઉંમરે ઉપવીત સંસ્કાર કરવામાં આવતો કે તરતજ તેમને ગુરૂને સ્વાધીન કરતા. ત્યાં તેઓ ગુરૂ તથા ગુરૂપત્નીને માબાપ સમાન ગણી તેમની આજ્ઞાનું પાલન કરતા, તથા તેમને કોઈ પણ જાતની અડચણ પડવા દેતા નહિ. પોતાની

જાતે અસહ્ય સંકટ સહન કરીને પણ તેમના તરફનો પવિત્ર પ્રેમ મેળવવામાં મહદ્ ભાગ્ય માનતા. આપણા હિંદુ ધર્મમાં પૂજ્ય ગણાતા શ્રીકૃષ્ણ પરમાત્મા, સુદામા અને બળભદ્રજી ગુરૂ ભક્તિની મહાન્ ફરજ સમજીને જ વરસતા વરસાદમાં ભયંકર જંગલની અંદર ગુરૂ-પત્નીની આજ્ઞાને શિરસાવદ્ય માન્ય કરી કાષ્ટ લેવા ગયા હતા. શું ગુરૂભક્તિની આ ઓછી મહત્તા છે? પોતાની બાળવય છતાં શ્રી રામચંદ્ર તથા લક્ષ્મણજી વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનું રક્ષણ કરવા પધાર્યા હતા. એ પણ ગુરૂભક્તિનું અત્યુત્તમ ઉદાહરણ છે વિદ્યા અભ્યાસ કરી રહ્યા પછી પણ વિદ્યાર્થી વર્ગ ગુરૂ પ્રતિના સ્નેહમાં ઉણપ આવવા દેતા નહિ, પણ જીંદગીભર તેમના પ્રતિ પૂજ્યભાવથી જોતા. પોતાની સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પોતાના સહોદર કુટુંબ જેવોજ સ્નેહ બતાવતા, તથા ગૃહસ્થાશ્રમી થયા પછી પણ તેમને જો કોઈ જાતનું સંકટ આવે તો તે મટાડવા બનતી મદદ કરતા. વિદ્યાશ્રમમા અધ્યયનમાં એક બીજાને મદદ કરતા, તથા રાજા કે રંક તમામ વર્ગના શિષ્યો એક બીજા સાથે સ્નેહથી વર્તતા અને પોતાનાં આચરણથી કોઈની પણ લાગણી ન દુઃખાય તેવી કાળજી રાખતા. સર્વ કોઇના જાણવામાં છે કે રાજ્ય પદવી પામ્યા છતાં અને અનેક જાતની રિદ્ધિસિદ્ધિ મેળવી સંપૂર્ણ સુખ ભોગવતા શ્રી કૃષ્ણચંદ્રે પોતાની સાથે અધ્યયન કરતા રંક સુદામા પ્રતિ મોટી ઉમરે બાલ્ય કાળનો સહવાસ યાદ કરી તેમના પ્રતિ સહાનુભૂતિ દર્શાવી ગરીબાઇ ફીટાડવા અનેક સુખ વૈભવનાં સાધન આપી સુખી કર્યા. આ શું ગુરૂભાઇ પ્રતિ ઓછો સ્નેહ છે? આવી જંગલમાં રહી એકજ ગુરૂના હાથ નીચે સમભાવ વૃત્તિથી મેળવેલી કેળવણીથી તે સમયનો વિદ્યાર્થી વર્ગ નિરભિમાની, વિનયી, આજ્ઞાપાલક, અન્યોન્યાશ્રયી અને સ્વાશ્રયી થતા, જે સદ્ગુણો આગળ ગૃહસ્થાશ્રમના સમયમાં ઘણા ઉપયોગી થતા. જંગલનાં સુરમ્ય હવા પાણી, બ્રહ્મચારી અવસ્થા, સંસારિક ઉપાધિ રહિત નિશ્ચિંત જીવનથી તેમની શારીરિક અને માનસિક સંપતિ બળવાન થતી. વળી કુદરતની અવનવી લીલા નિહાળી તેના ગુણાનુવાદ ગાવાની પૂજ્યવૃત્તિ પોષાતી અને તેના તરફ પૂજ્યભાવ ઉત્પન્ન થતો. આપણે ક્ષણેકવાર કલ્પનામાં આવા ઉત્તમોત્તમ સ્થળમાં ગુરૂ વર્યોના સહવાસમાં રહેતા વિદ્યાર્થી વર્ગની દિનચર્યાનું અવલોકન કરીએ. રાત્રીના ચારેક વાગતાના શુમારે તમામ શિષ્યવર્ગ નિદ્રા દેવીનો ત્યાગ કરી શ્રી પરમ કૃપાળુ પરમાત્માના યશોગાન કરતો આશ્રમની નજદિક આવેલા સરોવર કે નદી તટ તરફ શરીર શુદ્ધિને માટે ગમન કરતો માલમ પડે છે. ત્યાં શૌચાદિક ક્રિયાથી પરવારી નદીના પવિત્ર જળમાં સ્નાન કરી દેવ સેવા માટે ફળ ફુલ લઇને તથા યજ્ઞ માટે દર્ભ સમિધ વગેરે યજ્ઞક્રિયાના આવશ્યક સાધનો લઇ ઇશ્વરસ્તવનના સુરમ્ય ઘોષથી ગગન ગરજાવતો શિષ્યસહ આશ્રમ તરફ આવતો દેખાય છે. આશ્રમે આવી ગુરૂ તથા ગુરૂપત્નીને ચરણ નમી આશીર્વાદ મેળવી પોતાને અધ્યયન સ્થાને જાય છે, પોતાના નિવાસસ્થાન તથા આશ્રમસ્થાનને સાફ કરે છે, અને અધ્યયનની તૈયારી કરી ગુરૂઆગમનની રાહ જોતો દેખાય છે. ગુરૂ શ્રી પોતાના નિત્ય કર્મથી પરવારી ઇશ્વર સ્તવન કરતા અધ્યયન સ્થાને પધારે છે, જે વખતે સર્વ શિષ્યો ઉભા થઈ ગુરૂને નમન કરે છે. ગુરૂના બેઠા પછી પોત પોતાને આસને બેસે છે. વેદની ધુનમાં મચી રહેલા ગુરૂની સાથે તમામ શિષ્યો મધુર અને મોહક કંઠે સંસ્કાર પામેલી સંસ્કૃત ભાષાના શુધ્ધોચ્ચારથી આશ્રમને તથા તેની આજુ બાજુના

ઉપવનને ગગનભેદક ગર્જનાથી ગજાવી મુકે છે, જે આપણા કાનને પવિત્ર કરી પાપ-મય તેમજ ક્ષણિક વિદ્યાભિમાની વૃત્તિનો નાશ કરાવી સર્વ મંડળ પ્રતિ સ્નેહ અને પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન કરાવે છે. ઇશ્વરસ્તવનનું કાર્ય પૂર્ણ થયા પછી શિષ્યો પોતાનો આગલા દિવસનો પાઠ ગુરૂને આપે છે, કેટલાક પોતાની શંકાઓનું ગુરૂ પાસેથી સમાધાન મેળવી પ્રફુલ્લ થાય છે, કેટલાક નવીન પાઠ લેતા માલમ પડે છે. આવી રીતે પઠન પાઠન ક્રિયા પૂરી થયા પછી આજુ બાજુના વસ્તી સ્થાનમાં જઇ "વિદ્યાર્થીના આશીર્વાદ" કરી શિષ્ય વૃત્તિ લઇ આવે છે, અગર જંગલમા જઇ ફલ ફુળ લાવી આહારાદિક ક્રિયાથી નિવૃત્ત થના દેખાય છે. પછી કેટલોક વખત વિશ્રાન્તિ લે છે. વિશ્રાન્તિ લઇને ઉઠયા પછી થોડો વખત લીધેલો પાઠ પાકો કરે છે. ત્યાર પછી આશરે પાંચેક વાગે કુદરતી રચનાનું અવ-લોકન કરતા તથા શીખેલા વિષયોનો માંહોમાંહે વાદવિવાદ કરી નિર્દોષ આનંદ મેળવતા આશ્રમ બહાર જંગલમાં ફરવા નીકળે છે. સાયંકાળ થતાં આશ્રમમાં પાછા આવી ગુરૂ વર્યની સાથે શાન્ત ચિત્તે ઇશ્વર સ્તવન કરે છે, તથા દિવસે કરેલી પ્રવૃત્તિ ગુરૂને વિદિત કરે છે. પછી ગુરૂની સેવા ચાકરી કરી તથા થયેલા અપરાધોની ક્ષમા માગી ગુરૂને ચરણે નમી ઇશ્વર સ્તવન કરતા નિદ્રા દેવીને આધીન થાય છે. આવી પ્રાચીન કાળના વિદ્યાર્થી-ઓની દિનચર્યા હતી. આમ ગુરૂને આધીન રહી બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરી એક નિષ્ઠાથી લગભગ સોળ વર્ષ સુધી વિદ્યા મેળવતા. ગુરૂઓ પણ **सर्वेषामेव दानानां विद्या-दानं विशिष्यते ।** એ સૂત્રને ધ્યાનમાં રાખી નિઃસ્વાર્થ વૃત્તિથી પોતાના હાથ નીચે અભ્યાસ પૂરો કરી વિદ્યાર્થીઓ ગૃહસ્થાશ્રમમાં દાખલ થતા. આવી ઉત્તમ રીતે કેળવાયલી પ્રજાની શારીરિક માનસિક અને આધ્યાત્મિક સંપત્તિ બળવાન થાય એમાં શુ આશ્ચર્ય ! વળી તે પ્રજા પોતાના ઉત્તમ આચાર વિચારોથી હુન્નર ઉદ્યોગ કળા કૌશલ્ય અને વિદ્યાકળાની નવી નવી શોધ ખોળથી દુનિઆને ચકિત કરી પોતાના દેશની જયપતાકા દિગંત ફેલાવે તથા લક્ષ્મીની રેલ છેલથી દેશ દુનીઆમાં ઉચ્ચ સ્થિતિ ભોગવે તેમાં નવાઇ નથી.

હે પરમ કૃપાળુ પરમાત્મા ! મારા પ્રાચીન ગૌરવશાળી આર્યાવર્તને પહેલાના જેવાજ મહાન પુરૂષો અર્પી પ્રાચીન કાળનાજ જેવી ઉચ્ચ સ્થિતિ ભોગવવાનો સુયોગ વેળાસર આપો તથા હાલના સદ્‌ગૃહસ્થોને દેશોન્નતિના મહાન કાર્યમાં પોતાની લક્ષ્મીનો વ્યય કરવાની સદ્‌બુદ્ધિ આપો એવી પ્રાર્થના કરી વિરમું છું. **शुभं भवतु ।**

આધુનિક સ્ત્રીસમાજ.

લેખક-કીશાભાઇ લલ્લુભાઇ પટેલ.

ભૌતિક પદાર્થ કેળવણીથી જનસમાજને ઉપયોગી થઇ પડે છે. જમીન સારી રીતે કેળવીએ તો પાક સારો થાય છે. લોટને સારી રીતે કેળવી રોટલી કરે તો તે રોટલી સારી બને છે, વૃક્ષોને કેળવણીથી ઉછેરીએ તો ઉત્તમ જાતિનાં ફળ આપે છે; પથ્થર મૂળમાં બેડોળ હોય છે પણ કારીગરીથી સારા ઘાટ થાય છે; એમ અનુભવથી જાણીએ છીએ કે દરેક વસ્તુ કારીગરીથી (કેળવણીથી) સારી થાય છે. કેળવણી વગર મનુષ્યમાં મનુષ્યત્વ આવતું નથી; પુરુષનું અર્ધું અંગ જે સ્ત્રી છે તેને કેળવવાની ખાસ જરૂર છે એક સદ્‌ગુણી માતા સો શિક્ષક જેટલું કામ કરે છે. માટે બાળકોને કેળવવા અને ઘરનો વ્યવહાર ચલાવવા સ્ત્રીઓ કેળવાએલી હોવી જોઇએ. સ્ત્રી ઘરનો પ્રધાન છે ને પ્રધાન સદ્‌ગુણી હોય તો ઘર સંસાર સારી રીતે ચાલી શકે. માણસને પક્ષઘાત થાય અને અર્ધું અંગ નકામું થવાથી જેમ સુખ ભોગવાતું નથી, તેમ કેળવણી વગરનું અર્ધું અંગ સ્ત્રી પણ તેવું પક્ષઘાત જેવું છે. કેટલાક કહેછે કે સ્ત્રીઓ કેળવણી લે છે એટલે સ્વતંત્ર થઈ જાય છે પુરુષોને ગાંઠતી નથી, અને સ્વચ્છંદે વર્તી દુરાચરણી બને છે. આ કહેવું અને કેળવણીને માથે દોષ મૂકવો એ ઊંડા વિચારથી જોશો તો સ્પષ્ટ જણાશે કે કેળવણીનો વાંક નથી, પણ કેળવણી લેનારનો દોષ છે. ઘરના સંસ્કાર સારા હોય નહિ; ખાનદાની કુટુંબ હોય નહિ, પાતિવ્રત્ય ધર્મનું રહસ્ય સમજવામાં આવ્યું ન હોય, ગરીબાઈમાંથી પૈસાની પ્રાપ્તિ થઇ હોય તો પોતાનો સ્વધર્મ ભૂલી જઇ સ્વચ્છંદે વર્ત્તે છે વાંચતાં લખતાં આવડયું એટલે કેળવણી લીધી ગણાતી નથી. સારા સાગપર ઓપ આવી શકે છે. જંગલી લાકડાપર ગમે તેટલી કારીગરી લાગે તોપણ સફાઈ આવતી નથી, તેમ માત્ર વિદ્યા વિદ્યાપણ દીપતી નથી. પ્રાચીન કાળમાં સ્ત્રીઓ ભણતી તેમાંની લીલાવતી જેણે ગણિત બનાવ્યુ, મંડનમિશ્રની સ્ત્રીએ શંકરસ્વામી સાથે વાદ ચલાવ્યો, આવી રીતે અસલની સ્ત્રીઓ કેળવણી લઈ સતીઓ ગણાઇ છે. નિશાળમાં પાંચ છ કલાક રહે અને બાકીના ૧૮-૧૯ કલાક વખત ઘેર રહે ત્યાં પોતાની માતા, પાડોશી કે સંબંધી સ્ત્રીઓના મોંમાંથી હરતાં ફરતાં, કુતરાંને, બિલાડાંને, ઢોરને, છોકરાંને, પાડોશીને ગાળો ભાંડે તે સાંભળ્યામાં આવે, નવરાં બેસે ત્યારે નિંદા ને ચુગલી; ધુંધવાતો સ્વભાવ, ઘર આંગણા અને અંગનું મેલાપણું--ભુત, ડાકણ શાકણની ને વહેમી વાતો, આવા આવા દુર્ગુણરૂપી વાતાવરણના મહાન તોફાન આગળ જે નિશાળમાં નીતિનો ઉપદેશ એક કે બે કલાક મળ્યો હોય તે કયાં સુધી ટકે; માટે પુરૂષોએ પોતાના ઘર આગળનો વહીવટ સુધારવો જોઇએ.

સ્ત્રીઓને નીતિને રસ્તે ચઢાવવા પ્રથમ તો ઉપરની ગાળો દેવાની ટેવ, ને ટોળાં મળી વહેમી વાતો કરવાની ટેવ અટકાવવા તેમને સવડ ન આપવો. વખતે પીએરના આયપદને લીધે પુરુષને દાબમાં રાખતી હોય તો દાબમાં દબાઇ ન જવું, ને સ્ત્રીને મિત્ર બનાવવા યોગ્ય લાગે તો મિત્રભાવે અગર દાબથી આજ્ઞામાં રાખવી. સ્ત્રીઓ ધણી કે સાસુ સસરાની આજ્ઞા

પ્રમાણે વર્તશે તો બાળકો આપ આપ વર્તશેજ. કહેવત છે કે "દેખ દેખે ને શીખ શીખે" છોકરાંને તથા ઢોરોને ગાળો દેતાં અટકાવવી તથા ખોટાં ગપ્પાં કે વહેમી વાતો કરતાં અટકાવવી.

ઘણી સ્ત્રીઓને પોતાના સ્વધર્મનુ ભાન હોતું નથી. આ બાબત આચાર્યો તરફથી સારા ઉપદેશ મળવાની યોજના થવાની ખાસ જરૂર છે. આપણા વૈષ્ણવ સંપ્રદાયોમાં તો આચાર્યોને સંસારી થવાની છુટ છે. તે વહુજી મહારાજોનું કામ ખાસ કરી સ્ત્રીસમાજ સુધારણાનું છે. બાકી સાધુ ત્યાગીને મહંત સંસારી થવાનું બીજું કારણ કયું હોય ? હાલતો વહુજી મહારાજોએ ગાડી અને વાડીમાં કૃતાર્થ થઇ ઉપદેશ આપવાની વાત કોરે મૂકી દીધી છે. ફક્ત ગામડા કે શહેરોમાં ધર્મનો ઉપદેશ તો માણભટ્ટો અને હગ, મર, ટપર, જેવું લખતાં અને અક્ષરે અક્ષર છુટો પાડી વાંચનારા મંદિરના સાધુઓ અને બ્રાહ્મણો તરફથી જે સ્થળે કથા કરતા હોય ત્યાં જઇ સાંભળે તો ઉપદેશ મળે અને તે ઉપદેશ પણ ઇતિહાસ સાંભળવાનો, પણ તે ઈતિહાસ પરથી સાર ખેંચી બોધદાયક દૃષ્ટાંતોથી સ્વધર્મમાં પ્રવૃત્ત થવા માટે અસરકારક વ્યાખ્યાન કયાં મળેછે ? ને તેવા કથાકાર પણ કયાં જોવામાં આવે છે. તેમને માટે સારા અનુકરણીય બોધકારોની જરૂર છે. સ્ત્રીનું હૃદય ઘણું સરળ અને નરમ હોવાથી તેમાં ધર્મની ઘણી સારી છાપ પડી શકે છે. પણ પોતાનો સ્ત્રી ધર્મ શો છે તે આખી જીંદગીમાં એક દિવસ પણ સાંભળવામાં આવતો નથી. ફુરસદના વખતમાં ગામમાં મરેલા હોય તેમને ઘેર રડવા કુટવા તથા ગપ્પાં મારવામાં જાય છે. આવા વાતાવરણમાં ઉછરતાં બાળ નાનાના સંસ્કાર શી રીતે સારા થાય, ને મનુષ્યપણાની ફરજો સમજે, આને માટે ધર્માચારીણીઓ કે સારા કથા કારોથી આ સુધારો કરવા જરૂર છે. નીતિવાળા કથાકારોને મહેલ્લે કે ખડકીઓએ બેસાડી પ્રથમ સતી સ્ત્રીઓનાં ચરિત્રો પછી યોગ્યતા વધે તેમ બીજી પુરાણોની કથાઓ અસરકારક રીતે સમજાવવાના ઉપાયો હાથમાં લેવાની જરૂર છે. અને એવું થશે તોજ સ્ત્રીસમાજ સુધરશે, ગોયરોનુ વ્રત મોળું ખાઇ મન અને શરીરને નિયમમાં રાખવા અને કસોટી ચઢાવવા માટેનું છે, તે વખતમાં તો છોડીઓ રડતાં કુટતાં તથા નઠારાં વચનો બોલતાં શીખે છે. વિચારો કે આ હેતુ કેટલે દરજ્જે પલટાઇ ગયો છે. આ વખતમા છોડીઓને એકઠી થવા દેવી ન જોઇએ, પોતપોતાને ઘેર રાખી સારાં નીતિનાં ગીતો કે ભજનો શિખવવાં જોઇએ. વગેરે કુચાલો સુધારશો તોજ સ્ત્રીકેળવણીનું રૂપ સારૂ જોવામાં આવશે ને સુધારવા દરેકના મનમાં પ્રેરણા શ્રી હરી પ્રેરો એજ તેજ પ્રત્યેની નમ્ર પ્રાર્થના છે.

शुभं भवतु.

હાથ અને આંગળાં.

લેખક—કીશાભાઇ લલ્લુભાઇ પટેલ.

હાથમાં આંગળાંમાં એક અંગુઠો (નરજાતી) અને ચાર આંગળીનો સમુહ (નારીજાતી) છે. તે આંગળાંનો નરજાતી અને નારીજાતીના સંપથી પોતાનો વ્યવહાર ચાલે છે તેમ સ્ત્રી પુરુષમાં સંપ હોય તો પોતાનું ઘર સારી રીતે ચાલે છે. તે સુખરૂપ નીવડે છે. કેવળ અંગુઠો નિરૂપયોગી થઇ પડેછે તેમ કેવળ આંગળીઓથી કંઇ કાર્ય થતું નથી તેમ સ્ત્રી પુરૂષની જોડમાં કુસંપ હોય તો સંસાર દુઃખરૂપ નીવડી પ્રજા પણ તેવી બને છે ને આ દુનીયામાં કંઇ સુખ મેળવી શકતાં નથી.

સૃષ્ટિના ઉપાદાન કારણમાં પુરુષ અને પ્રકૃતિ (માયા) છે તેમના ભિન્નપણાથી સૃષ્ટિનો સંભવ નથી; તેમ આંગળીને અંગુઠાના ભિન્નપણાથી કંઇ કાર્ય બનતું નથી. તો સ્ત્રી પુરૂષે સંપીને ઘર વ્યવહાર ચલાવવો જોઇએ.

આંગળીઓમાં બધી સરખી નથી. તેમજ એકજ ઘરમાં, ગામમાં કે એક સંસ્થામાં બધાં માણસો સરખી બુદ્ધિવાળાં કે સરખું કામકાજ કરનારાં હોતાં નથી. તેમ સરખું પેદા કરનાર પણ હોતાં નથી. આંગળીઓ જેમ નાના મોટાનો બાધ ન ગણતાં નિર્વાહ ચલાવે છે તેમ ઘર, ગામ કે સંસ્થાના સંબંધમાં આવેલા માણસોએ મતભેદ વગર પોતાનો વ્યવહાર ચલાવવાથી સુખરૂપ નીવડે છે.

જેમ અંગુઠો મોભી હોઈ બધી આંગળીઓને મદદ આપે છે ને પોતાનો વ્યવહાર ચલાવી લેછે તેમ ઘર, ગામ કે સંસ્થામાં ઈશ્વરે જેને મોભીપણું આપ્યુ હોય તેણે બધાની મદદનાં રહી પોતાનો વ્યવહાર સરળ કરવો એ તેની ફરજ છે, તે ફરજમાંથી ચુકે તો તે જગતમાં વગોવાય છે. છાપરામાં એક મોભને બીજી વળીઓ હોય છે તે તમામ વળીના ખુંટા ખમવાની ફરજ છે તે ફરજ અદા કરતો નથી, તો ઇશ્વરને ત્યાં જવાબદાર છે. અને આ જગતમાં કલંકિત રહે છે.

જેમ પાંચ આંગળીઓના એકસ્થ થવાથી એટલે એક મન થવાથી ખાવા, પીવા, લેવા, દેવાનું કામ થઈ શકે છે. તેમ પંચના એક મતથી કરેલું કામ માન્ય ગણાય છે.

"પંચ ત્યાં પરમેશ્વર" એ મુજબ પાંચ માણસ એકમત થઈ જે કાર્ય કરવાનુ કહે ને તે પ્રમાણે જે ન વર્તે તે દુઃખી થાય છે. સમૂહબળથી કે મતથીજ કામ સારૂં દીપે છે.

હાથનાં આંગળાં શરીરના બીજા ભાગોને ચોખ્ખા રાખવામાં તથા પોષવામાં મદદ કરે છે એટલે શરીરરૂપી નગરમાં નાગરીકનો ઉંચો ધર્મ બજાવે છે, કોઇ મારવા આવે તો પોતે મોખરે સન્મુખ થઇ માર પોતાપર ઝીલી લે છે. એટલે સેનાપતિનું કામ કરે છે. શરીરના બીજા ભાગોનું પોષણ કરવામાં એટલે ખાવા પીવાની વસ્તુ પહેલી હાથમાં લઇ

મોંઢામાં મુકે છે. એ રીતે ત્રીજોરરર જેમ બધા નોકર વર્ગને પોષણ માટે પગાર વહેંચે છે તેમ શરીરના બીજા ભાગનું પોષણ થઇ ટકી રહેવામાં ત્રીજોરરનું કામ કરે છે. શરીરના બધા ભાગો સાફ કરવામાં તે તૈયાર રહે છે, આંખ દુ:ખે છે, મોંમાંથી દુર્ગંધ કાઢવા દાંત ઘસે છે, લીલ ઉતારે છે, ચોળી મસળી પાણી રેડી ચામડી સાફ રાખે છે, શરીર પર ટાઢ તાપથી રક્ષણ કરવા લુગડાં પહેરાવે છે, બફારો થયે વા ઉરાડી ઠંડક કરે છે, એમ વૈદનું કામ કરે છે એટલે શરીરને નિરોગી રાખવા મદદ કરે છે, શરીરને આનદ આપવા વાજીંત્રો બજાવવામાં મદદ કરે છે, દાન આપવામાં મદદ કરે છે, લેખ લખી સબરજીષ્ટ્રારનું કામ કરે છે, વગેરે બાબતોમાં હાથ દરેકદરેકમાં ઉપયોગી થઈ પડે છે. તેમ માણસે જન સમાજમાં ઉપયોગી થઇ દરેકમાં મદદ આપવી ઘટે છે. અને તે જેમ અભિમાન વગર ફરજ સમજી નિસ્પૃહી રહી પેટનું તથા શરીરનું પોષણ કરેથી પોતાનું પોષણ મેળવે છે, અને ઇશ્વર ભજન, વંદનાદિ કરે છે. તેમ મોભી માણસ પોતાનું કર્તવ્ય સમજી નિસ્પૃહી રહી જનસમાજને ઉપયોગી થાય છે, તો તેનું પણ સારી રીતે પોષણ થઇ આ લોક ને પરલોક સુધારી શકે છે. વનમાં સિંહ એકજ હોય છે, છાપરામાં આધારરૂપ મુખ્ય મોભ એકજ હોય છે તેમ ગામમાં એકજ માણસ મુખ્ય હોય છે તે નિ:સ્વાર્થપણે ધારે તેટલું ભલું કરી શકે, પરંતુ આજ કાલ મોભી માણસોને કંઇ અપવાદ મળતાં કંટાળી જાય તો શરીરનો નિર્વાહ થઈ શકે નહિ તેમ મોભા પુરુષોએ અપવાદથી કંટાળવાથી ગામનું ભલુ થઇ શકે નહિં. તેમણે તો દરેક બાબતની સંભાળ રાખી પોતાની ફરજ અદા કરવી ઘટે છે. પ્રભુ મોભા પુરુષોની મદદમાં રહો.

કૃતજ્ઞતા વિષે.

લેખક:—**કીશાભાઈ લલ્લુભાઈ પટેલ.**

કૃત + જ્ઞ + તા = કૃતજ્ઞતા એટલે કરેલાં કામ ઉપકારને—જાણવા અને તેનો બદલો વાળવાની લાગણી રાખી પ્રસંગે બદલો વાળવો. આપણામાં કૃતજ્ઞતા નથી ? આપણામાં કૃતજ્ઞતા છે. આપણા ખેતરમાં એક દિવસ નીંદવા, વાઢવા કે પગર કરવાની મદદ કરે છે. તો તેને આપણે તેવી રીતે મદદ કરીએ છીએ. આપણા સગાંવહાલાંના મરણ પ્રસંગે સ્મશાન કે લૌકિક ક્રિયા કરવા માટે સાથે આવે છે, તો તેમને ત્યાં પણ એવો પ્રસંગ આપણે સાચવીએ છીએ. આપણા મંદવાડમાં ચાકરી કરી હોય તો તેના મંદવાડમાં આપણે બનતી બરદાશ કરીએ છીએ, આપણે ઘેર મરણ કે વિવાહના ખર્ચ વખતે કામકાજ કરવા મદદ કરી હોય તેવી રીતે તેમને ઘેર તેવા અવસરમાં તે પ્રસંગ સાચવીએ છીએ. આ બધું કૃતજ્ઞતાની લાગણીથીજ કરીએ છીએ. આપણામાં જેવી કૃતજ્ઞતા છે, તેવી જનાવરમાં પણ છે. દષ્ટાંતો સાંભળીએ છીએ કે સિંહે ઉંદરને મારી આપી હતી. તો તેનો બદલો વાળવાને પ્રસંગે સિંહ જાળમાં સપડાયો હતો તે જાળ કાપી નાખી સિંહને છુટો કર્યો હતો. વિગેરે ઘણાં દષ્ટાંતો કુતરાંઓનાં અને બીજાં પ્રાણીઓનાં આપણા વાંચવામાં

આવ્યાં છે. આથી સિદ્ધ થાય છે કે કોઇ નીચ વૃત્તિના માણસ સિવાય સેંકડે ૯૯ ટકા માણસ કૃતજ્ઞતાવાળાં હોય છે. પરંતુ ખરેખરી કૃતજ્ઞતા જે સંબંધમાં હોવી જોઇએ, તે ઘણામાં જોવામાં આવતી નથી અને તે જરૂરની કૃતજ્ઞતા સંબંધી હવે વિચાર કરીએ.

આ દુનિઆના દરેક ભૌતિક પદાર્થ આપણે પૈસાથી મેળવી શકીએ છીએ, પૈસાથી આગબોટો બંધાવી વેપાર ખેડી શકીએ છીએ, કુવા વિગેરે નવાણુ સ્વાર્થ કે પરમાર્થ માટે બંધાવીએ છીએ, જમીન ખરીદી શકીએ છીએ, સારાં ઘરો, બંગલા, હવેલીઓ વગેરે બંધાવી શકીએ છીએ, વસ્ત્રાલંકાર અને હીરા માણેક મન પસંદ ખરીદી શકીએ છીએ. ઘરનો સુશોભિત ફરનિચર ખરીદી શકીએ છીએ, રાજસત્તા અને ધનનો શુભ ઉપયોગ કરતાં આવડે તો આબરૂ પણ મેળવી શકીએ છીએ. આપણે ધનવાન હોઇએ ને પુત્ર ન હોય અને પુત્રેચ્છા હોય તો યજ્ઞથી કે છેવટ દત્તક લઇને પણ પિતા થઇ શકીએ છીએ. એમ દ્રવ્ય હોય તો આ દુનિયાના ભૌતિક પદાર્થો દરેક દરેક ન્યૂનાધિક મેળવી શકાય છે. પરંતુ ગમે તેટલા પૈસા ખર્ચતાં માબાપ અને તેમનો દૈવી પ્રેમ મળી શકતો નથી. આવી અમુલ્ય વસ્તુ તરફ કૃતજ્ઞતાની લાગણીથી આપણામાંના કેટલા જણ વર્તન કરી છીએ. તે જોવાનું છે.

દીનદયાળ પ્રભુ જે આપણી રાત દિવસ સંભાળ રાખી આપણું રક્ષણ કરે છે–પોષણ કરે છે તે પ્રભુના તરફ તથા તેની રચેલી સૃષ્ટિ તરફ પ્રેમ વૃત્તિથી જોવું એ મનુષ્યની પહેલી ફરજ દરેક મહા પુરૂષો અને શાસ્ત્રો ગણાવે છે. તેનાથી ઉતરતો ઉપકાર માબાપનો છે. તેના તરફ પ્રેમ વૃત્તિથી જોવું, એ મનુષ્યની બીજી ફરજ છે. એ બીજી ફરજ અદા કરવા યા માબાપના ઉપકારનો બદલો વાળવા આપણાથી બની શકે તેમ છે. પણ આપણામાંના કેટલાક તે ફરજ અદા કરતા નથી. ઇશ્વર તરફના મળેલા ઉપકારનો બદલો તો વાળી શકવા સમર્થ નથી. ફક્ત તેની રચેલી સૃષ્ટિ ઉપયોગી થઈ આપણું તેના પ્રત્યેનુ કર્તવ્ય બજાવીએ તો પ્રભુ સંતોષ રહી સુખમાં વૃદ્ધિ કરશે. માબાપના ગુણનો બદલો પણ આપણાથી વાળી શકાશે નહિ. અહા ! માબાપે કેટલો ઉપકાર કર્યો છે ! ! આપણે સ્વાર્થ વગર કોઈનાં ગંદા લુગડાં ધોઇશું ? કોઇનું મળ મુત્ર ધોઇશું ? સારાં સારા મીઠાં ભોજન તજી દઈશુ ? રાત દિવસ મહેનત કરીશું ? સદા ભલાને માટે કાળજી રાખીશું ? ના તે સ્વાર્થ વગર કરનાર મહા પુરુષો વિરલાજ હોય છે તો આપણા દરેકનાં માબાપ ઉપલાં કાર્યો હંમેશ વગર સ્વાર્થે આપણા ભલાને માટે કરે છે. તેમના તરફ આપણે સંપૂર્ણ કૃતજ્ઞતાની લાગણીથી જોતા નથી એ આપણી કેટલી પશુવૃત્તિ છે. આપણી ફરજ સમજી તેમના તરફ પૂજ્ય બુદ્ધિથી વર્તી તેમની સેવા ચાકરી કરીશું તો આપણે ઋણમુક્ત થઈશું. અને આપણું વર્તન હશે તે પ્રમાણે બાળકો અનુકરણ કરીને તે પ્રમાણે વર્તનાં શીખશે. બાળકમાં માબાપ તરફની પ્રેમલાગણી અનુકરણથી ઉત્પન્ન થશે. તે આપણને ઉપયોગી થઇ પડશે; આમ માબાપની સેવામાં આપણને લાભ છે. અને માબાપના ઋણમાંથી મુક્ત થઇ શકીશું. માબાપની સેવા કરવામાં સદ્‌ગુણનું પહેલું પગથીયું જે વિનય છે. તે વિનય વડે વર્તવાનું છે.

સવારમાં ઉઠીને માબાપને પ્રણામ કરવા જોઇએ. ઘણાં કુલીન ઘરોમાં તો માબાપને પ્રણામ કરે છે. ભાગવત તથા રામાયણમાં સાંભળીએ છીએ કે શ્રી રામચંદ્રજી તથા શ્રી કૃષ્ણ ભગવાન જેવા માબાપને નમન કરતા હતા. ને તે પ્રમાણે કરવા ઉદ્ધવાદિકને ઉપદેશ પણ આપેલો છે. તો તેવા મહા સમર્થ ભગવાનની તુલનામાં આપણે એક પામર જીવ છીએ અને સ્વધર્મથી વિમુખ થઇએ છીએ. તો તેનું પ્રાયશ્ચિત ક્યારે ભોગવીશું ! ! બાળકને નાનપણથી માબાપે સારા સંસ્કાર પાડવા જોઇએ. આને બદલે અન્ય કુટુંબીઓ છોકરાની માને " વહુ " " ગધેડી " " લુચ્ચી " વગેરે શબ્દો લાડમાં ગમ્મતખાતર કહેવરાવે છે. તથા લાકડી લઇ મારતાં શીખવે છે. આ બધું આપણ મઝા અને આનંદને માટે કરીએ છીએ. આથી માની દીકરાપરની જે અનુકંપાની લાગણી છે, તેતો ઓછી થતી નથીજ, પણ બાળકને ખોટા સંસ્કાર પડે છે. નાનપણમાં રામ, કૃષ્ણ, અલ્લા, વગેરે પોતાના ઇષ્ટ દેવના શબ્દો શીખવવા મૂકી નીચ શબ્દોનું વારંવાર શ્રવણ કરાવીએ છીએ; આથી બાળકની મા પરની અનુકંપામાં તથા બાળકના સ્વભાવમાં ફેર પડે છે. દરેક કુટુંબીજને માબાપને તથા અન્ય વડીલોને પગે લાગતાં શિખવવું જોઇએ. કુમળા છોડમાં કાષ્ટ તંતુનો ભાગ ઓછો હોય છે. તેથી તે જેમ વાળીએ તેમ વળે છે. મોટું થયે તે વળતું નથી ને અક્કડ થઇ જાય છે, એ આપણે અનુભવીએ છીએ, તેમ બાળકને પણ આપણે જોઇ શકીએ છીએ કે મોટપણમાં તે અક્કડ થઇ જાય છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ આપણા જેવામાં આવે છે. કે આપણી પાડોશ પેટલાદના પ્રાતઃસ્મરણીય સ્વર્ગસ્થ શેઠ નારણભાઇના બાગમાં પૂજ્ય પાદ મહાત્મા સ્વામી શ્રી જાનકીદાસજી આ સાલ ચાતુર્માસ કરવા નિવાસ કર્યો છે. ત્યાં આપણે અહીંના બાળકો દર્શન કરવા જાય છે. તેમને સદુપદેશ આપી મુખ્યત્વે દુર્વ્યસન નહિ કરવા તથા માબાપને પ્રણામ કરવા સમજાવે છે, તે વખત બાળકનાં મન મીણ જેવાં હોવાથી બોધથી પીગળી બોધની છાપ સારી પડે છે. તે પ્રતિજ્ઞા કરે છે કે અમે હવે બીડી આદિ વ્યસન કરીશું નહિ. માબાપને પગે લાગીશું; આમાનું ઘણા ખરા ભૂલી જઇ તે પ્રમાણે વર્ત્તતા જોવામાં આવતા નથી; એનું કારણ શું ? એનું કારણ આજુબાજુનું વાતાવરણ એવું જુવે છે કે કોઇ મોટા માણસને માબાપને પગે લાગતાં દેખતા નથી, અને તેમણે આટલી ઉમર સુધી પ્રણામ કરેલા નહિ હોવાથી માથાના અને કેડના તંતુઓ અક્કડ થઇ જવાથી વળી શકતા નથી; માબાપે આપણા ઉપર જે ઉપકાર કરેલો છે તે બાળપણમાં તો ફક્ત પ્રણામ કરવાથીજ વળી જાય છે, ને મોટપણે સેવા કરવાથી વળે છે. માબાપની લાગણી દુખવીશું તો આપણો કોઇ પ્રકારે ઉદ્ધાર થવાનો નથી; ઘરનાં તીર્થ બરાબર રીતે કર્યા સિવાય બહારનાં તીર્થ કદી પણ ફળ આપવાનાં નથી.

માબાપની ભક્તિથી મોક્ષ પામેલા શ્રવણના શ્રવણાખ્યાનમાં કહ્યું છે કે,

જો જિન્હો પિતુ માત કો, લીધાં ન આશીર્વાદ;
વ્યર્થ જન્મ તાકો ગયો, નર નહિ સોઈ નિષાદ.

જેણે માબાપની પ્રીતિ સંપાદન કરી નહિ, તેમની આશિષ ન લીધી તે રાક્ષસ જેવો જાણવો; ભાઇઓ આ આપણા પૂણ્યોદયે મળેલો ચિંતામણી તુલ્ય મનુષ્ય જન્મ કે જે મનુષ્ય જન્મને માટે દેવો પણ વાંછના રાખે છે, તે મનુષ્ય કોટીમાંથી રાક્ષસ કોટીમાં

ગણાવાનું આપણુને પસંદ પડશે ? મનુષ્યને ઇશ્વરે વિચાર શક્તિ બક્ષેલી છે, તો ઝીણી દ્રષ્ટિથી વિચાર કરો અને પુરાણો—શાસ્ત્રો સાંભળો છો તેનું રહસ્ય સમજી તે પ્રમાણે વર્તવામાંજ કલ્યાણ માનો. ધર્મ શાસ્ત્રોમાં સાંભળીએ છીએ છતાં પ્રસંગાનુસાર યાદ દેવડાવવા નીચેનાં ધર્મશાસ્ત્રનાં વચન લખું છું.—

माता गंगा समं तीर्थं, पिता ्ष्करमेवच;
गुरुः केदारसमं तीर्थं, माता तीर्थं पुनः पुनः ॥ १ ॥

અર્થ સ્પષ્ટ.

माता लक्ष्मीमूर्तिः साक्षात्, पिता नारायणो हरिः
पितरौ सदा वंदेतज्ञौ, अहर्निशं बुधै श्चैव.

માતા એ સાક્ષાત લક્ષ્મીજીની મૂર્તિ છે, પિતા નારાયણ સ્વરૂપ છે. માટે બુદ્ધિમાન માણસે રાત દિવસ માબાપ વંદવા યોગ્ય છે.

आचार्यो ब्राह्मणो मूर्तिः पिता मूर्तिः प्रजापतेः ॥
माता पृथिव्या मूर्तिस्तु माता स्व ्र्तिरात्मनः ॥

વેદશાસ્ત્ર કહે છે કે આચાર્ય ગુરુ પરમાત્માનું સ્વરૂપ છે. કારણ કે તેના બોધ વડે પરમાત્માને જાણવામાં આવે છે, પિતા પોતાને ઉત્પન્ન કરે છે. માટે જગતના બ્રહ્મા સ્વરૂપ માનવા, માતા જનેતા પૃથ્વીનુ સ્વરૂપ છે, અને ભાઇ એકજ ક્ષેત્રમાંથી ઉત્પન્ન થનાર છે. માટે પોતાની મૂર્તિરૂપ ગણી હમેશાં એ ચારેને દેવતારૂપ ગણી જ્ઞાની પુરૂષો હોય તેમણે માન આપવું.

आचार्यश्च पिताचैव, माता भ्राता च पूर्वजः ।
नार्त्तेनाप्यवमन्तव्या ब्राह्मणेन विशेषतः ॥

આચાર્ય, પિતા, મા અને મોટા ભાઇ કદાપી દુઃખ કરનાર હોતાં નથી, અને આપણને કદાચ કોઇ વખત દુઃખ કરતાં જણાય તોપણ તેનું અપમાન કરવું નહિ. અને વિશેષ કરીને બ્રાહ્મણોએ તો નજ કરવું એમ શાસ્ત્ર કહે છે.

यं माता पितरौ क्लेशं, सहेते संभवेनृणां ।
न तस्य निष्कृतिः शक्या, कर्तुं वर्षशतैरपि ॥

બાળકના જન્મ પહેલાં ગર્ભમાં માતાને, અને જન્મ પછી બાળકને ઉછેરવા અને તેનું લાલનપાલન કરવામાં માબાપને સંકટ સહન કરવું પડે છે. તેના ઋણમાંથી છુટવા બાળક આવી જીંદગી એટલે આયુષ્યનાં સો વર્ષ પુરાં માબાપ ઉપર ઉપકાર કરે તોપણ તેનો બદલો વળતો નથી માટે માબાપને દેવરૂપ ગણી તેમનું કોઇ દિવસ અપમાન કરવું નહિ તથા કટુ વચન કહેવું નહિ.

तपो नित्यं प्रियं ्र्यादाचार्यस्य सर्वदा ।
तेष्वेव त्रिषु तुष्टेषु, तपः सर्वं समाप्यते ॥

જે પુરૂષ આચાર્ય તથા પોતાના માબાપને પ્રિય વર્તન ચલાવે છે, તેને સર્વ તપનું ફળ મળે છે. અર્થાત્ સઘળાં પુણ્યકાર્યો કરતાં આ ત્રણને સંતો બધાં શ્રેષ્ઠ પુણ્યનું ફળ મળે છે.

तेषाम् परोधेन, पारव्यं यद्यदाचरेत् ।
तत्तन्निवेद वेतेभ्यो, मनोवचनकर्मणि ॥

આચાર્ય અને માબાપની સેવામાં કંઇ પણ અંતર પાડયા સિવાય મન, વચન અને કર્મથી ભવિષ્યમાં થનારા પુણ્ય માટે ધર્મકાર્ય કરવું હોય તો તેમને કાને વાત નાખી તેમની આજ્ઞા હોય તોજ કરવું. તેમની મરજી વગર કરવું નહિ. ઉપર પ્રમાણેની શાસ્ત્રાજ્ઞા મુજબ વર્તીશું નહિ, અને ઘરનાં તીર્થ કરીશું નહિ, ત્યાં સુધી બહારનાં તીર્થ કલ્યાણકારક નિવડવાનાં નથી, ત્યાં સુધી દેવદર્શન, વ્રત નિયમ, આબરૂ મેળવવી, ઇશ્વર સ્તવન, યજ્ઞાદિ કરો તે બધું નકામું છે, એમ શાસ્ત્ર કહે છે. પ્રભુ કહે છે કે માબાપની સેવા કરવી એ મનુષ્યની ફરજ છે. માટે ફરજ બજાવે નહિ, અર્થાત્ મારી આજ્ઞા ન માને તો પછી મારી સ્તુતિ કંઇ પણ ફળદાયી નીવડતી નથી. માબાપની મરજી વિરૂદ્ધ તો સંન્યાસ પણ ફળ આપતો નથી. અને માબાપ હયાત હોય ત્યાં સુધી સંન્યાસ ન લેવાય એમ શાસ્ત્રનું વિધાન છે.

આપણે માબાપની સેવામાં કાંઈ ખોવાનું નથી, પણ કૃતજ્ઞતાજ સાર્થક કરીએ છીએ, પરંતુ શાસ્ત્રો સાંભળો છો તેમાં શ્રી રામચંદ્રજીએ પોતાને સવાર થતાંજ મળનાર રાજ્ય પિતાનાં વચન ખાતર ત્યાગ કરી વનવાસ ભોગવવા ગયા. આજ તો માબાપ નાના ભાઇને કાંઇ વધતું આપવાનું કહે તો આપે નહિ અને જુજ મિલકતને માટે સરકારમા લડી ખરાબ થાય છે.

શ્રવણે સ્ત્રીની દરકાર તથા સાસરીની આયપદની દરકાર ન રાખતાં સ્ત્રીને તજી પોતાનાં માબાપને ખાંધે બેસાડી જાત્રા કરાવી સદ્દગતિ પામ્યો, આજે તો સાસરી તરફથી સો બસેંની મિલકત મળતાં માબાપને દુઃખ આપી જુદા થાય છે. ભીષ્મપિતામહ પિતાની આજ્ઞા માનવા કુંવારા રહ્યા. જે આજ એવી કોઇ મોટી પ્રતિજ્ઞાને ભીષ્મપ્રતિજ્ઞા કહેવાય છે. પાંચે પાંડવો માતાજીની આજ્ઞા મુજબ દ્રૌપદિને પરણ્યા, આ'વા આ'વા સુપુત્રોએ ઘણું દુઃખ વેઠી માબાપની આજ્ઞા પાળી છે. તો તેના મુકાબલામાં માબાપની વૃદ્ધા અવસ્થામાં ચાકરી કરવી અને તેમની આજ્ઞા માનવી એ કામ અઘરૂં નથી. આતો કૃતજ્ઞતાનો સાધારણ ધર્મ છે. અને આવા આવા સાધારણ ધર્મોથી વિમુખ થઇએ છીએ તેથી તેવાં પાપો જનસમૂહનાં એકત્ર થવાથી તે પાપના પ્રભાવે ઈશ્વર વારંવાર દુકાળ, પ્લેગ વગેરે વિપત્તિઓમાં નાખી ધર્મને રસ્તે ચાલવા કસોટીમાં નાંખે છે, પરંતુ આ આર્થિક પ્રવૃતિ પ્રાબલ્ય કાળમાં સ્વધર્મ પર પ્રીતિ નથી; આથી દરેક સુજ્ઞે ખાસ ધ્યાનમાં લેવાનું છે કે મનુષ્ય દેહ જેવો અમૂલ્ય દેહનો લાવો લઇ સ્વધર્મે વર્તવું ને પોતાનાં બાળકોને વર્તાવવાં પ્રભુ સર્વેને સ્વધર્મમાં વર્તવાની સદ્દબુદ્ધિ આપો **इति शिवम्**.

કેળવણી એટલે શું?

લેખકઃ—મોતીભાઈ કાશીભાઇ પટેલ.

કેળવણી શબ્દ "કેળવ" ધાતુ ઉપરથી નીકળ્યો છે અને તેનો ખરો અર્થ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ ખીલવવી એવો થાય છે. આવી ત્રણ પ્રકારની શક્તિઓ ખીલવનારી કેળવણિનેજ .કેળવણી કહી શકાય. જર્મન ફીલસુફ કેન્ટ કહે છે કે "Education is the developement in the individual of all the perfection which he is capable" એટલે માણસ જેટલી પરિપૂર્ણતાએ પહોંચી શકે તેટલી સર્વ પરિપૂર્ણતાનો વિકાસ એજ કેળવણી છે. વળી ગ્રીસ દેશનો મહાન તત્ત્વ-વેત્તા પ્લેટો કહે છે કે "The purpose of education is to give to the body and to the Soul all the beauty and all the perfection of which they are capable." અર્થાત્ શરીર અને આત્મા જેટલી સંપૂર્ણતા અને પરિપૂર્ણ-ના તેમનામાં મૂકવી એજ કેળવણીનો ઉદ્દેશ છે. જુના વખતના ઇતિહાસ ઉપરથી એટલુ તો જણાય છે કે સર્વ કાળમાં કેળવણી એજ પ્રજાને ઉન્નત કરનાર છે. કેળવણીનો સામાન્ય હેતુ માણસને રાજ્યભક્ત, દેશભક્ત, અને ઉપયોગી નાગરિક બનાવવાનો છે. ઉચ્ચ કેળ-વણીનો હેતુ માણસની સ્વાર્થ અને સંકુચિત દૃષ્ટિને પરમાર્થી અને સાધનો પૂરાં પાડવા ઉપરાંત જનસમાજને સુખનાં સાધનો પૂરાં પાડવાં એ કેળવાયલાનું કર્તવ્ય છે, એટલે કેળવણી મેળવવી તેનો અર્થ નિશાળમા જઇ ભણવું અને વાચતાં લખતાં શિખવું અથવા બી. એ. કે બીજી એવી કોઇ ડીગ્રી મેળવવી એવો નથી, પણ પોતાનું કર્તવ્ય કરવાને પૂરેપૂરી રીતે લાયક થવું અને ખરેખરા ગૃહસ્થોના ગુણને યોગ્ય નિવડવું એવો છે.

ગમે તેટલું સુખ વૈભવ હોય તોપણ નાતંદુરસ્ત શરીરને કાંઇજ ગમતું નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થ તંદુરસ્ત શરીરથી સાધી શકાય છે.વળી A healthy body contains a healthy mind" એટલે "નિરોગી શરીરમાં નિરોગી મન રહી શકે છે માટે શરીરની તંદુરસ્તી ઉપર દરેકને ધ્યાન આપવું જરૂરનુ છે. સંસારમાં ગૃહસ્થાશ્રમી સ્ત્રી પુરુષ બન્નેએ ધર્મના સાધનરૂપ ગણાતા શરીરની તંદુરસ્તી ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. જેમ સ્ત્રી વિનાનો સંસાર સંપૂર્ણ સુખી ગણાતો નથી તેમ તંદુરસ્ત શરીરવાળો માણસ સંપૂર્ણ સુખી ગણાતો નથી. કારણ કે કહેવત છે કે "પહેલું સુખ તે જાતે નર્યાં" આથી સ્પષ્ટ માલૂમ પડે છે કે શારીરિક કેળવણી ઉપરજ બાજી બધી કેળવણીનો આધાર છે, તેથી બાળક જન્મે ત્યારથીજ તેની શારીરિક કેળવણી ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ.

માનસિક કેળવણીનો મુખ્ય આધાર શારીરિક કેળવણી ઉપર છે એટલુંજ નહિ પણ તે ઉપરાંત બીજી ઘણી બાબતો ઉપર આધાર રાખે છે. બાળક અવતરતાંજ એક નવી દુનિ-

વામાં આવે છે અને જે જે વસ્તુ તે જુએ છે તેનું સ્વાભાવિક રીતેજ અનુકરણ કરે છે. આચાર વિચાર, વાણી, સ્વભાવ, અને વૃત્તિ સર્વના બંધારણનો બાલ્યાવસ્થા એજ ખાસ અગત્યનો સમય છે. સહવાસથી બાળક તે વખતે જુદા જુદા રંગ લે છે. શિક્ષણ તો હમેશાં દરેકને મળ્યાંજ જાય છે, પણ દરેક નવો શિક્ષક જુના શિક્ષક કરતાં થોડું શીખવી શકે છે. જો આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર પોતાની બાલ્યાવસ્થામાં જે શીખે છે તેના કરતાં આ પ્રદક્ષિણામાં ઘણુંજ ઓછું શીખી શકે છે એવું સ્પષ્ટ માલૂમ પડે છે. આમ હોવાથી બાળકની પાસે સારાં દૃષ્ટાન્તો હમેશાં ખડાં કરવાની ખાસ જરૂર છે. કહેવાં કરતાં કરી બતાવવું એ વધારે અસરકારક છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ કહ્યુ છે કે "**यद्यदाचरतिश्रेष्ठस्तत्तदेवेतराेजनः । सयत्प्रमाणं कुरुते लोक स्तदनुवर्तते ॥** અર્થાત્ મોટા માણસો જે જે પ્રમાણે આચરણ કરે છે તે તે પ્રમાણે બીજા મનુષ્યો પણ કરે છે અને તેઓ જે વાતને પ્રમાણ કરે છે તે પ્રમાણે લોકો વર્તે છે. બાળકની નજર આગળ જે પ્રતિમાઓ હમેશાં તાજી રહ્યાં કરે છે તે તેની માતાની કૃતિનીજ છે. માટે માતાઓનાં વર્તન ઉચ્ચ હોવાં જોઇએ. યોગ્ય માતા સો શિક્ષક કરતાં પણ અધિક છે. વળી કહ્યું છે કે "**सर्वेषामेव गुरूणां माता परमेको गुरुः ।**" અથવા **नास्ति मातः समो गुरुः** " । એટલે સર્વે ગુરુઓમાં માતા શ્રેષ્ઠ ગુરુ છે. અથવા માતાના જેવો બીજો કોઈ ગુરુ નથી દરેક જગ્યાએ માતાનું વર્તન બાળકને આકર્ષે છે અને તેનું અનુકરણ થયાંજ જાય છે. જે ઘરમાં કહેવા પ્રમાણે વર્તન કરવામાં આવતું નથી તે ઘરમાં ઉછરતું બાળક કોઇપણ રીતે સદ્‌વર્તનવાળુ થતું નથી. બાળકનું લક્ષ હમેશાં કૃતિ ઉપરજ જાય છે. નહિ કે ઉપદેશ અથવા વાણીપર. કૃતિ અને ઉપદેશ પરસ્પર વિરુદ્ધ હોય તો કાંઇ લાભ થતો નથી. પરંતુ ઉલટી હાનિ થાય છે. કારણ કે આથી બાળક ઠગાઇ શીખે છે, બેવચની થાય છે અને વાણીમાં સર્વેને ઉડાડતાં શીખેછે. બાળક પણ માણસની કૃતિ અને વાણીના ઐક્ય વિશે વિચાર બાંધી શકે છે ને માબાપના વર્તન તરફ હમેશાં ધ્યાન આપી તે ઉપરથી પોતાના વિચારો બાંધે છે. બાળકની નજર હમેશાં તેની માતા ઉપરજ રહે છે કારણ કે તેના પિતાના કરતાં તેની પાસે તે વધારે વખત રહે છે; ઘર સ્ત્રીઓનું નાનું સરખું રાજ્ય છે. ત્યાં તેનો અધિકાર નિરકુંશ હોય છે માતાના આચાર વિચારમાંજ બાળકનું મન જાય છે અને તેથી તેનુંજ અનુકરણ કરે છે. નાના કુમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે છે તેમ બાળકના હૃદય ઉપર નાનપણમાં જે છાપ પડે છે તે નિરંતર ટકી રહે છે. માટે બાળકના ખરી કેળવણીનો આધાર તેની માતા ઉપરજ છે તેથી બાળકને કયા પ્રકારના અને કેવી રીતે કેળવણી આપવી તેનું જ્ઞાન સ્ત્રીઓને ખાસ જરૂરનું છે. આખા જગતનો આધાર બાળક ઉપર છે અને બાળકો સારાં નિવડવાં એ તેઓની માતા ઉપર આધાર રાખે છે. માટે સ્ત્રીકેળવણી તરફ ખાસ લક્ષ આપવું જોઇએ. સમ્રાટ્ નેપોલીયન કહે છે કે જો દેશને આબાદ કરવો હોય તો સ્ત્રીઓને યોગ્ય રીતે કેળવણી આપવી જોઇએ.

સ્ત્રી પુરૂષના વ્યવહાર તદ્દન જુદા છે તેથી જોકે આરંભમાં સ્ત્રી પુરુષને એકજ પ્રકારની કેળવણી આપવી જોઇએ. તોપણ સ્ત્રીઓને અમુક વયે પહોંચ્યા પછી પુરુષોથી ભિન્ન કેળવણી મળવી જોઇએ. તેઓને ગૃહવ્યવસ્થા, આરોગ્યશાસ્ત્ર, પાકશાસ્ત્ર, હસ્તશિક્ષણ વગેરે વિષયોનું જ્ઞાન આપવા ઉપરાંત જાતિ અને ધર્મને લગતી કેળવણી આપવાની ખાસ આવશ્ય-

કતા છે. તેમની હૃદયભાવનાની યોગ્ય ખીલવટ થયેથી તેમનામાં સ્વામીભક્તિ, સ્વાર્પણવૃત્તિ, વગેરે ઉમદા ગુણો દૃઢ થઇ તેમનું સ્ત્રીત્વ સંપૂર્ણ વિકાસ પામે છે. સ્ત્રીઓને ઇતિહાસ ભૂગોળની સાથે સતી સ્ત્રીઓનાં દૃષ્ટાન્તો વંચાવવાં જોઇએ અને ધર્મશિક્ષણ જોકે સામાન્ય શિખવાય તેવું નથી તોપણ તેને દાખલ કરવાની જરૂર છે. કારણ કે તે ધર્મની કેળવણીથી ઇશ્વરે વિશેષ કરીને સ્ત્રીઓને બક્ષેલાં દયા, પ્રેમ, અને મમતા ખીલી નીકળે છે.

જ્યારે સ્ત્રીઓને આવી કેળવણી આપવી જોઇએ ત્યારે આપણે સાથે સાથે ભૂલી જવું જોઇતું નથી કે પુરુષોને પણ પુરુષને યોગ્ય કેળવણી આપવીજ જોઇએ. પુરાતનકાળમા પુરુષો પોતાની આડથી વીસ વરસની ઉમ્મર સુધા ગુરુને ઘેર જઇ વિદ્યાભ્યાસ કરતા, ત્યાં તેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થ સાધી શકાય એવું જ્ઞાન મળતું અને વિશેષે કરીને ધાર્મિક શિક્ષણ ઉપર વધારે લક્ષ આપવામાં આવતું. પણ ચાલુ જમાનામાં બાળકોને નિશાળોમાં અર્થ તથા કામ સાધી શકવા પુરતું શિક્ષણ મળે છે. તેમના ધાર્મિક તેમજ વ્યવહારિક શિક્ષણ તરફ પુરતું ધ્યાન દેશમાં અનેક પંથોના ઝગડાની અડચણોને લીધે આપવામાં આવતું નથી પરીક્ષા પાસ કરવા પુરતુંજ શીખવું અને ભણીને નોકરીજ કરવી એવો કેળવણીનો ઉદ્દેશ લોકોના સમજવામાં છે.તેમને ખાસ સમજાવવું જોઇએ કે વિદ્યા કેવળ ઉદરનિર્વાહ માટે નથી પણ માનસિક આદિ શક્તિની ખીલવણીને માટે વિદ્યા ખાસ આવશ્ય છે. અને યોગ્ય રીતે વિકાસ પામેલી માનસિક શક્તિઓજ દુઃખમાં સહાય થાય છે. વળી તેમને જીવનનો શુભ ઉપદેશ સમજાવવો જોઇએ. મનુષ્ય જીવન ફક્ત ખાવા, પીવા, ખેલવા માટે નથી પણ શાશ્વત, શાન્તિ અને સુખનો માર્ગ કેવી રીતે પ્રાપ્ત કરવો તે તેનો મુખ્ય ઉદ્દેશ છે, પણ આવું શિક્ષણ મળતું નહિ હોવાથી મૂર્ખતાને આધીન થઇ જીવનનો ખરો ઉપયોગ ભૂલી જવામાં આવે છે.

આપણી માયાળુ સરકાર આપણને યોગ્ય કેળવણી મળે તે માટે સતત પ્રયાસ કરી રહેલી છે પણ આપણી ૩૦ કરોડની વસ્તીમાં જ્યાં ૨૭ કરોડ માણસ અશિક્ષિત છે ત્યાં બધાને યોગ્ય શિક્ષણ આપવા તે પૂરતું કરી શકે એમ નથી. સરકારને બીજી ઘણી બાબતો ઉપર ધ્યાન આપવાનું હોય છે તોપણ આપણે માટે તે જે પ્રયાસ કરી રહેલી છે તેને માટે આપણે તેનો ઉપકાર માન્યા સિવાય રહી શકીએ તેમ નથી.

જો કેળવણી સ્વભાષાદ્વારા જ આપવામાં આવે તો તે બાળકોના મગજમાં બરાબર ઠસે છે અને હમેશને માટે જડ ઘાલીને રહે છે. પરભાષાદ્વારા જે જ્ઞાન આપવામાં આવે છે તે ઉપરચોટીયુંજ રહે છે અને મેળવતાં ઘણો શ્રમ વેઠવો પડે છે. ઇતિહાસ ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે કે પરભાષાદ્વારા જ્ઞાન આપવાથી કોઇપણ પ્રજાની ઉન્નતિ થઇ નથી. "પ્રજાની ભાષા, વિચાર અને હયાતિને એવો ગાઢો સંબંધ છે કે એ ત્રણને જુદા પાડી શકાય નહિ, એ ત્રિપુટીને લીધે જ એક પ્રજાના માણસોમાં એકસંપ રહે છે." છતાં પણ આપણા દેશની સ્થિતિ જોતાં આપણને એક સારી ભાષાનું જ્ઞાન મેળવવાની આવશ્યકતા છે. આપણો રાજ્યકારભાર પરદેશીઓને હાથ છે તેથી રાજભાષાનું જ્ઞાન પણ મેળવવું જોઇએ.

હિન્દુસ્તાનમાં ઘણી ભાષાઓમાંની કોઇ પણ એક ભાષા શિખવાથી હાલનું નવું જ્ઞાન મેળવી શકાય તેમ નથી માટે આપણે અંદર અંદરના તેમજ બહાર દેશ સાથેના વેપાર રોજગાર સારૂ પણ એક સારી વિસ્તાર પામેલી પરભાષા શિખવાની અગત્ય છે. આ અર્થ અંગ્રેજી શિખવાથી સાધી શકાય તેમ છે તેથી આપણે અંગ્રેજી કેળવણી લેવી તે પણ જરૂરનું છે.

શારીરિક અને માનસિક શકિતની ખીલવટ ઉપરાંત મનુષ્યને ધાર્મિક શિક્ષણની ખાસ જરુર છે. ધાર્મિક શિક્ષણ એટલે અમુક દેવ દેવીની ઉપાસના કરવી અગર પીપળાને પાણી ચઢાવવું એ નથી; પરંતુ દયાની ભાવના કેળવાય, પરમાર્થની વૃદ્ધિ થાય, એક બીજા તરફ સહાનુભૂતિની ફરજો સમજાય એ છે.

મનની ઉન્નતિથી આપણે યોગ્યાયોગ્યનો વિચાર કરી શકીએ છીએ તેથી સ્વાભાવિક રીતે આપણું વલણ નીતિ તરફ દોરાય છે, નીતિએ ચાલવાથી માણસ પાપ કરતાં અટકે છે અને ધર્મમાં તેની પ્રવૃત્તિ થાય છે તેથી પોતાનો પરમેશ્વર સાથે શો સંબંધ છે તે સમજવા માંડે છે અને જ્યારે તે પરમેશ્વરની કૃતિઓ જુએ છે અને તેમાં તેણે વાપરેલી અદ્ભુત શકિતઓનો વિચાર કરે છે ત્યારે સહજ જ તેવા સર્વ શકિતમાન્ પ્રભુ તરફ ભકિતભાવ થયા વિના રહેતો નથી. આથી "**आत्मवत् सर्वं भूतेषु**" અથવા "**वसुधैव कुटुम्बकम्**" એમ સમજે છે અને શાશ્વત સુખ અનુભવે છે.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

પ્રાસ્તાવિક દોહરા.

1 સંગ્રહ કરનાર—**કીશાભાઈ લલ્લુભાઇ પટેલ.**

તુલસી આ સંસારમાં, ભાત ભાતકે લોક;
સબસે હીલમીલ ચાલીએ, નદી નાવ સંજોગ.

ખાય ન ખરચે સુમધન, તો અકળાઇ રસ્તે થાય;
પછી જેમ મધમાખીઓ, પગ ઘસીને પસ્તાય.

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ;
જો આવેલું જાય તો, જાય સમુળું સુખ.

ચિંતાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.

કુસંપ મૂળ કંકાસનું, મૂળ સુડીનું જાય;
કુળનું મુળ કાઢે કદી, દુઃખ દાવાનળ થાય.

જે જન પામે પૂર્ણતા, તે કદી નવ છલકાય;
પુરો ઘટ છલકાય નહિ, અધુરો ઘટ છલકાય.

અભિમાનીને ઉચરતાં, છે સર્વે ગમ છુટ;
અંતે આપણુ થાકીએ, કરતાં માથાકુટ.

નાણું બિન નીતિતણું, નિશ્ચે નહિ રહેનાર;
મીયાંજી લાવે મુઠીએ, અલ્લા ઉંટ હરનાર.

સિંહ, નારી ને સમુદ્રનો, કરીએ નહિ વિશ્વાસ;
જાળવીએ તો જીવીએ, નહિ તો થાય વિનાશ.

નદી, નખી સ્ત્રી રાજકુળ, શસ્ત્ર હોય જે પાસ;
શૃંગી જનાવર એમનો, કરવા નહિ વિશ્વાસ.

આગેવાન આગળ વિના, સઘળું લશ્કર અંધ;
ગુરૂ વિના નિશાળીઆ, પળમાં મચવે ધંધ.

દયા ધર્મકા મુલ હે, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમાં પ્રાણ.

સંત સમાગમ કીજીએ, રૂદીયે રાખી ભાવ;
કહે પ્રીતમ સંસારમાં, તરવાનું એ નાવ.

ચંદ્ર વિના જેમ જામની, કંથ વિણ જેવી નાર;
કહે પ્રીતમ એમ ગુરૂ વિના, પ્રાણી પશુ ગમાર.

સુબોધમાળા.

(સંગ્રાહક—નારણભાઇ વાઘજીભાઇ પટેલ.)

મુણાવના સરસ્વતી મંદિરના સુવર્ણ મહોત્સવના સુવર્ણાંકિત મંગલમય પ્રસંગે જિજ્ઞાસુ યુવકવર્ગને તેમજ ધાર્મિક ભાવનાવાળા વૃદ્ધમંડળને આપણાં પ્રાચીન ધર્મશાસ્ત્રોમાંનાં તેમજ ચાણક્યનીતિ વગેરે અન્ય પુસ્તકોમાંનાં વિદ્વત્તાભરેલાં નીતિધર્મવિનોદાત્મક પ્રકીર્ણ પદ્યોનું દર્શન કરાવવું એ મારા ધારવા પ્રમાણે અપ્રાસંગિક નથી; રે, પ્રસંગને બહુ અનુકૂળ છે. એ પદ્યોમાં દર્શાવેલા વિચાર આચારમાં મૂકતાં મનુષ્યની ઉત્તરોત્તર ઉન્નતિ થયા વિના રહેશે નહિ. પવિત્ર ગ્રંથોમાંનાં પવિત્ર વચનામૃતોનું પાન આબાલવૃદ્ધ સર્વને એક સરખું રુચિકર થઇ પડે એ સ્વાભાવિક છે, અને તેનું વારંવાર સેવન કરવાથી તેમાંના પવિત્ર વિચારો આચારમાં પરિવર્તન પામતા જાય એવા ઉચ્ચ આશયથી અહિં તેનો સંગ્રહ કરવો ઉચિત

ધાર્યો છે. આશા છે કે જનમંડળ તેમાંનો બોધ ગ્રહણ કરી પોતાનાં જીવનને વિશેષ ઉજ્વળ કરવા ચૂકશે નહિ.

મનુષ્યજીવનનો હેતુ ઐહિક અને પ્રારલૌકિક ઉન્નતિ સાધવાનો છે. એ હેતુની સફલતાનો આધાર મનુષ્યની જ્ઞાનશક્તિ કરતાં તેના હૃદયબળ ઉપર વિશેષ રહેલો છે. વિદ્યાભ્યાસથી માનસિક શક્તિ ગમે તેટલી ખીલેલી હોય તોપણ જ્યાં સુધી હૃદયની ખીલવટ થઇ નથી, જ્યાં સુધી સદ્‌વૃત્તિઓથી અને સદાચરણથી તેને પોષણ મળ્યું નથી, ત્યાં સુધી મનુષ્યત્વમાં મોટી ઉનતા—અધુરાપણુંજ છે એમ સમજવું. પૂર્ણ મનુષ્યત્વ પ્રગટવા માટે મનુષ્યજીવન વધારે ને વધારે પવિત્ર, ઉદાર, અને પ્રભુમય બનવાં જોઇએ. આમ થવા માટે મનુષ્યને ધર્મવિષયક જ્ઞાન અતિ ઉપયોગી છે. મનુષ્યજીવન એ અતિ કીંમતી વસ્તુ છે. "**शरीरमाद्यं खलु धर्मसाधनम**" અર્થાત્ એ જીવનમાંજ—મનુષ્યદેહ વડેજ આત્માની ઉન્નતિ થઇ શકે છે; અને પૂર્વનાં અનેક પુણ્યોના ઉદય વડેજ મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે માટે એનો સદુપયોગ કરવા ચૂકવું એ ખરેખરૂં અજ્ઞાન છે.

ધર્મ શબ્દનો સામાન્ય અર્થ બહુ પ્રચલિત છે, પરંતુ કેટલીક વસ્તુઓ એવી છે કે તેનો ઘણો પ્રચાર હોવા છતાં તેનું જોઇએ તેવું જ્ઞાન ઘણા થોડામા જોવામાં આવે છે. અહિં વાચકવર્ગની યોગ્યતા ધ્યાનમાં રાખીને તેનુ કંઇક નિદર્શન કરાવવુ ઉચિત ધારૂં છું. નિરંતર ધર્મને ધારણ કરી મેળવેલા અર્થ વડે ઇચ્છાઓ તૃપ્ત કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. મનુષ્ય-જીવનની સાર્થકતા એજ છે જો—

धर्मार्थकाममोक्षाणां यस्य कोऽपि न विद्यते ।
अजागलस्तनस्येव तस्य जन्म निरर्थकम् ॥

અર્થ—મનુષ્યજીવનના ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ પૈકી જેણે એક પણ પ્રાપ્ત કર્યો નથી, તેનો જન્મ બકરીને ગળે રહેલા સ્તનની પેઠે નિર્થક છે.

આ ક્ષણિક જિંદગીમાં ઘણીક લાલસાઓથી માણસ સત્ય માર્ગ છોડી દઇ અસત્ય માર્ગ તરફ દોરવાઇ જાય છે, અને ધર્મ સિદ્ધિમાં પ્રમત્તતા કરી **अतो भ्रष्टस्ततो भ्रष्टः** થાય છે. માટે ધર્માર્થીએ દઢતા અને શ્રદ્ધાપૂર્વક માનવું કે,

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः ॥

અર્થ—શરીર અનિત્ય નાશવંત છે, વિભવ શાશ્વત-સદા ટકનારો નથી, અને મૃત્યુ હંમેશ પાસેજ રહેલું છે; માટે ત્વરાથી ધર્મનો સંગ્રહ કરવો ઉચિત છે.

"જિંદગી ક્ષણિક છે" એ વિચાર ભૂલી જઇ માયાના આવરણમાં ઘેરાયલો મનુષ્ય ધર્મ સાધના જેવી અતિ ઉપયોગી અને ઝટ સાધી લેવાની વસ્તુ માટે બેદરકાર રહી તેને

વૃદ્ધાવસ્થા માટે મુલતવી રાખે છે; પણ માણસ કામથી પરવારી રહ્યું છે કે નહિ તેની મૃત્યુ વાટ જોનાર નથી એમ દૃઢ રીતે માનીને મનને, દેખાઇતી આહ્‌લાદક કિન્તુ પરિણામે વિષરૂપ એવી વિષય લાલસાઓથી વાળીને કલ્યાણને માર્ગે વાળવું.

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वा- देष्यति हसिष्यति पङ्कजं च ।

इत्येव चिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उन्मुमूल ॥

અર્થ–રાત્રિ વીતી જશે અને સુંદર પ્રભાત થશે, સૂર્ય ઉગશે, અને કમળ વિકસિત થશે એ પ્રમાણે ભ્રમર કમળપત્રના કોશમાં ઘેરાયલો ઘેરાયલો વિચારે છે, એવામાં અરેરે! કોઇ તોફાની હાથીએ નલિનીને ભાંગી નાખી!

એ પ્રમાણે પામર જીવોનાં માયામાં ઘેરાયેલા ચિત્ત તેમાંથી છુટી શકતાં નથી, એવામાં મૃત્યુ આવી પહોંચે છે. ખરૂંજ છે કે—

बन्धाय [illegible] सङ्गे मुक्तं निर्विषयं मनः ।
मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥

અર્થ—વિષયોનુ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) સેવન એ બન્ધનું કારણ છે, અને વિષય માત્રથી દૂર રહેતું મન સદા મુક્ત રહે છે. આમ મનજ મનુષ્યને બન્ધનનુ અને મુક્તિનુ કારણ છે.

મનને કલ્યાણ માર્ગે વાળવા માટે તેને સત્યાસત્યનું પૂર્ણ જ્ઞાન થવાની જરૂર છે. એ જ્ઞાન ધાર્મિક ભાવના થકી પ્રાપ્ત થાય છે. માનવ હૃદયમાં એ ભાવના બીજ રૂપે સ્વાભાવિક રીતે રહેલી છે જ, પરંતુ તેનો વિકાસ થવા માટે તેને જ્ઞાનવારિના સિંચનની આવશ્યકતા છે. મનુષ્ય જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં ધર્મસિદ્ધિ એજ પરમ કર્તવ્ય છે.

धर्मः सर्वसुखाकरो हितकरो धर्मं बुधाश्चिन्वते ।
धर्मेणैव समाप्यते शिव[illegible]खं धर्माय तस्मै नमः ॥

धर्मान्नास्ति परः सुहृद् भवभृतां धर्मस्य तत्त्वं परं ।
धर्मे चित्तमहं दधे सुमनसा हे धर्म मां पालय ॥

અર્થ—ધર્મ સર્વ પ્રકારનાં સુખની ખાણ છે, અને (આ લોકમાં તથા પરલોકમાં આત્માનું) ભલું કરનાર પણ એજ છે. માટે ડાહ્યા માણસો નિરંતર તેનેજ શોધે છે.

અર્થાત્ તેને હૃદયમાં ધારણ કરી પોતાના સર્વ વ્યવહાર ચલાવે છે. ધર્મ વડેજ કલ્યાણ કારક સુખ (અક્ષય સુખ–નિત્ય સુખ) પ્રાપ્ત થાય છે. તે ધર્મને નમસ્કાર હો. દુનીઆના જીવોને ધર્મથી શ્રેષ્ઠ કોઇ મિત્ર નથી અને ધર્મનું તત્વ સર્વોત્તમ છે. માટે ધર્મને વિષે હું પવિત્ર ભાવે ચિત્ત જોડું છું. હે ધર્મ! મારૂં રક્ષણ કર.

મનુષ્યનું કલ્યાણ કરનારી સર્વ વસ્તુઓમાં શ્રેષ્ઠ એવી વસ્તુ ધર્મ છે તેનાં ચિહ્નો—અંગો નીચે પ્રમાણે છે.

धर्मस्य तस्य लिंगानि दया क्षांतिरहिंसनम् ।
तपो दानं च शीलं च सत्यं शौचं वि.ष्णता ॥

અર્થ—ધર્મનાં દયા, ક્ષમા, અહિંસન (અક્રૂરપણું) તપ, દાન, શીલ (સદ્‌વર્તન) સત્ય, પવિત્રતા અને સંતોષ એટલાં ચિહ્ન છે.

એ ચિહ્નયુક્ત ધર્મ ધારણ કરનાર મહાત્મા વિરલ છે.

स जीवति गुणा यस्य यस्य धर्मः स जीवति ।
गुणधर्मवि ीनस्य जी.वेतं निष्प्रयोजनम् ॥

અર્થ—જેનામાં ઉત્તમ ગુણો રહેલા છે તેજ જીવે છે, તેમજ જેને વિષે ધર્મ રહેલો છે તેજ જીવે છે, પરંતુ ગુણધર્મ રહિત જીવન નિષ્પ્રયોજન છે.

ધાર્મિક જીવન ગાળી પોતાનો સંસાર વ્યવહાર ચલાવનાર કર્તવ્ય કરવા છતાં 'જળમાંના કમળપત્ર' પેઠે જીવનમુક્ત છે. ક્ષણિક વિષય લાલસામાં તેની વૃત્તિઓ પ્રેરાતી નથી. માત્ર સ્વભાવને લઇને જ તેની ઇંદ્રિય કર્તવ્યમાં નિમગ્ન રહે છે. પરંતુ સર્વ પ્રવૃત્તિઓ નિષ્કામ ભાવનાવાળી રહે છે. તેથી

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा क ोति यः ।
लिप्यते न स पापेन प.पत्रमिवांभसा ॥

અર્થ—જે પુરૂષ બ્રહ્મને અર્પણ કરીને, અને તેનો સંગ તજીને અર્થાત્ ફળની ઇચ્છાનો ત્યાગ કરીને કર્મો કરે છે, તે, જેમ જળ વડે કમળપત્ર લેપાતું નથી તેમ પાપ વડે લેપાતો નથી. કેમકે—

क यन मनसा .द्धया केवलैरिंद्रि ैरपि ।
यो गनः कर्म कुर्वंति संगं त्यक्त्वा ऽत्मशुद्धये ॥

અર્થ—કર્મ–યોગીઓ કાયા વડે, મન વડે, બુદ્ધિ વડે અને ઇંદ્રિયો વડે ફળની ઇચ્છા વગર જે કર્મો કરે છે તે કેવળ અંતઃકરણની શુદ્ધિને માટેજ.

અર્થાત્ કર્મ કરવાં એ આત્માની શુદ્ધિને અર્થે છે. સાંસારિક ઉપાધિઓથી કંટાળી તેનો ત્યાગ કરી अशक्तिमान् भवेत् साधुः એમ કરવું ઇષ્ટ નથી. કેમકે–

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥

અર્થ--એવો યોગી કર્મના ફળને તજીને પરમ શાંતિ અથવા મોક્ષપદ પામે છે, અને નિષ્કામ ભાવના વિનાનો મનુષ્ય લાલસા વડે ફળમાં આસક્ત થઇને બંધાય છે.

વળી પ્રવૃત્તિ એજ આ સંસારનું લક્ષણ છે. માટે સંસારીઓનાં જીવન તો સતત પ્રવૃત્તિવાળાંજ હોવાં જોઇએ. પણ

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

અર્થ--કેવળ કર્મને વિષેજ તારો અધિકાર છે, પણ તેનાં ફળની ઇચ્છાનો અધિકાર તને કદી નથી: માટે કર્મનાં ફળ મેળવવાનો હેતુ તું રાખીશ નહિ, તેમજ કર્મનો ત્યાગ પણ કરીશ નહિ.

ધાર્મિક ભાવનાવાળાં જીવન ખરેખર ઇશ્વરાર્પણજ છે. પછી એ જીવન પ્રવૃત્તિમય હો કે નિવૃત્તિમય હો; પરંતુ નિવૃત્તિ કરતાં પ્રવૃત્તિમાં જીવનની ખરી કસોટી થઇને તે વધારે નિર્મળ બને છે. ખરૂજ છે કે પવિત્ર આત્મા હશે તોજ તે જ્ઞાનના સંસ્કારથી પ્રકાશી નીકળશે, પરંતુ દુરાત્મા હશે તો તેને નિવૃત્તિ કે પ્રવૃત્તિ એમાંથી એક પણ કેરવી શકશે નહિ, અને પોચા પત્થર ઉપર કોતરણી કરતાં તે પોતાના જાતિ સ્વભાવ ઉપર જઈ ચૂરો થઇ જાય છે તેમ તેનો વિશેષ અધઃપાત થશે.

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।
लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ॥

અર્થ--જેનામાં સ્વાભાવિક બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શુ કરી શકે ? લોચન વગરનાને દર્પણનું શું પ્રયોજન ?

अंतःसारविहीनानामुपदेशो न जायते ।
मलयाचलसंसर्गान्न वेणुश्चंदनायते ॥

અર્થ--પોતાની શકિત વગરનાને ઉપદેશ અસર કરી શકતો નથી, જેમ મલયાચલના સંસર્ગથી વાંસ ચંદન બની જતું નથી તેમ.

વળી જે જ્ઞાનામૃત આત્માની ઉન્નતિ કરનારૂં છે તેજ મૂર્ખને વિષ તુલ્ય થઈ પડે છે.

ज्ञानं मददर्पहरं माद्यति यस्तेन तस्य को वैद्यः ।
अमृतं यस्य विषायति तस्य चिकित्सा कथं क्रियते ॥

અર્થ—જ્ઞાન મદ અને અભિમાનને હરનારૂં છે તેજ જેને અભિમાની બનાવે છે તેનો વૈદ્ય કોણ? અર્થાત્ કોઈજ નહિ. અમૃત જેને વિષતુલ્ય થઇ પડે તેની ચિકિત્સા શી રીતે થાય?

दुर्जनं सज्जनं कर्तुमुपायो नहि भूतले ।
अपानं शतधा धौतं न श्रेष्ठमिन्द्रियं भवेत् ॥

અર્થ—દુર્જન માણસને સજ્જન બનાવવાનો ઉપાય આખી પૃથ્વીને વિષે નથી. જેમ મળત્યાગની ઇંદ્રિયને સેંકડો પ્રકારે ધોવા છતાં તે શ્રેષ્ઠ ઇંદ્રિય બનતી નથી તેમ.

સજ્જને સદા એવા દુર્જનના સંગથી દૂર રહેવું યોગ્ય છે. કેમકે—

दुर्जनः प्रियवादी च नैतद् विश्वासकारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥

અર્થ—દુર્જન કદાચ મીઠી વાણીવાળો હોય તો પણ તે વિશ્વાસપાત્ર નથી, કેમકે તેની જીભ ઉપર અમૃત રહેલું હોય છે, પણ હ્રદયને વિષે હલાહલ હોય છે.

दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोऽपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥

અર્થ—વિદ્યા વડે અલંકૃત થએલો હોય તોપણ દુર્જન માણસ તજવા યોગ્ય છે; મણિ વડે અલંકૃત સર્પ શું ભયંકર નથી?

सर्पः क्रूरः खलः क्रूरः सर्पात् क्रूरतरः खलः ।
मन्त्रौषधिवशः सर्पः खलः केन न निवार्यते ॥

અર્થ—સર્પ ક્રૂર છે અને ખળ માણસ ક્રૂર છે પણ ખળ સર્પથી વધારે ક્રૂર છે; કેમકે સર્પ મંત્ર અને ઓષધિને વશ છે પણ ખળ કોઇ પણ રીતે અટકાવી શકાતો નથી.

આમ દુર્જન મનુષ્ય અનેક રીતે વિઘ્નકર્તા નીવડે છે માટે સર્વથી તે વર્જ્ય છે. ડાહ્યા માણસે સદા સજ્જનના સમાગમમાં રહેવું એજ ઇષ્ટ છે.

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

અર્થ—સજ્જનની સોબત બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્ય પ્રેરે છે, માન વધારે છે, પાપને દૂર કરે છે, મનને ખુશ કરે છે, અને કીર્તિને દશે દિશામાં ફેલાવે છેઃ કહો સત્સંગતિ મનુષ્યનું શું શું નથી કરતી ?

पापान्निवारयति योजयते हिताय
गुह्यं च गूहति गुणान् प्रकटीकरोति ।
आपद्गतं च न जहाति ददाति काले
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति प्रज्ञाः ॥

અર્થ—પાપને દૂર કરે છે, હિતને માર્ગે વાળે છે, ગુપ્ત વાતને ઢાંકે છે, ગુણોને પ્રકાશિત કરે છે, આપદ્કાળે તજી દેતો નથી પણ એવે વખતે સહાય આપે છે.—આ સન્મિત્રનું લક્ષણ છે એમ ડાહ્યા માણસો કહે છે.

અર્થાત્ સત્સંગતિમાંજ ઐહિક અને પારલૌકિક ઉન્નતિનું બીજ રહેલું છે. કેમકે એના વડેજ હૃદયના પવિત્ર ઉચ્ચભાવોની ખીલવટ થાય છે અને એ ભાવોને પરિણામે જીવન ધાર્મિક અને પ્રભુમય બને છે. એવું આદર્શરૂપ સાધુજીવન ગાળવું એજ જીવન સાફલ્ય છે.

दया लज्जा क्षमा श्रद्धा प्रज्ञा त्यागः कृतज्ञता ।
गुणा यस्य भवन्त्येते गृहस्थो मुख्य एव सः ॥

અર્થ—સર્વ પ્રાણીઓને વિષે દયા, પાપાચારથી દેહ ભ્રષ્ટ થતાં લજ્જા, ગાળીપ્રદાન પણ સહન કરવા જેટલી સહનશીલતા, આપ્તજનોના વચનો વિષે શ્રદ્ધા, સ્વાભાવિક બુદ્ધિ, પર-હિત માટે સ્વાર્થત્યાગ, આભારની લાગણી—એવી દૈવી સંપત્તિવાળાને ઉત્તમ ગૃહસ્થ જાણવો કેમકે—

दानाय लक्ष्मीः सुकृताय विद्या
चिंता परब्रह्मविनिश्चयाय ।
परोपकाराय वचांसि यस्य
वन्द्यस्त्रिलोकीतिलकः स एव ॥

અર્થ–જેની લક્ષ્મી દાનને માટે છે, વિદ્યા સુકૃત્યને માટે છે, ચિંતન પરબ્રહ્મપ્રાપ્તિને માટે છે, અને જેનાં વચનો પરોપકારને માટે છે, એજ ત્રણ લોકની શોભારૂપ પુરુષ વંદવા યોગ્ય છે.

केयूरा न वि[illegible]यन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न [illegible] न कुसुमं नालंकृता मूर्धजाः।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

અર્થ–પુરુષને ચંદ્ર જેવા ઉજ્વળ હારો કે બાજુબંધો શોભાવતા નથી, તેમ સ્નાન, ચંદનાદિનું લેપન, કુસુમો અથવા શણગારાએલા વાળ શોભાવતા નથી; પણ જે એક મીઠી વાણી ધારણ કરવામાં આવે છે તેજ શણગારે છે. ખરેખર! સર્વ ભૂષણો વહેલાં મોડાં નષ્ટ થાય છે, પણ વાણીરૂપી ભૂષણ હમેશનું ભૂષણ છે.

એ વાણીરૂપી ભૂષણ કુલીનતાનુ મુખ્ય લક્ષણ છે.

यदा यदा हि मुञ्चति वा[illegible] ।
तदा तदा हि जाति[illegible]लप्रमाणम् ॥

અર્થ–જ્યારે જ્યારે માણસ વચન રૂપી બાણ છોડે છે ત્યારે ત્યારે તેના જાતિ અને કુળ નિર્માણ થાય છે. અર્થાત્ મનુષ્ય ઉચ્ચ કુળનો છે કે અધમ કુળનો છે તેની પરીક્ષા તેની વાણી ઉપરથી થઇ જાય છે.

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात्तदेव वक्तव्यं वचने किं दरिद्रता ॥

અર્થ–મીઠાં વચનો વડે સર્વ પ્રાણીઓ ખુશ થાય છે તેટલા માટે તે પ્રમાણેજ બોલવું યોગ્ય છે. મીઠી વાણી બોલવામાં દરિદ્રતા શા માટે કરવી ?

વળી સત્પુરુષો જેમ જેમ ઉન્નતિને માર્ગે ચઢતા જાય છે તેમ તેમ તે વિશેષ ને વિશેષ નમ્ર બનતા જાય છે.—

भवन्ति नम्रास्तरवः फलोद्गमै—
[illegible]र्भूरिविलम्बिनो घनाः ।
अनुद्धताः स[illegible]रुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥

અર્થ—ફળો આવવાથી વૃક્ષો નમી જાય છે, નવાં પાણીઓ વડે વાદળાં વિશેષ નીચે આવે છે અને સત્પુરુષો સમૃદ્ધિઓ વડે વધારે નમ્ર થાય છે, અર્થાત્ પરોપકારીઓનો એ સ્વભાવજ છે.

संसार विषवृक्षस्य द्वे फले अमृतोपमे ।
सुभाषितं च सुस्वादं संगतिः सुजने जने ॥

અર્થ—વિષવૃક્ષ સમાન સંસારનાં બેજ અમૃત સમાન મિષ્ટ ફળ છે. રસીલાં પ્રિય વચનો અને સજ્જનની સોબત.

चन्दनं शीतलं लोके चन्दनादपि चन्द्रमाः ।
चन्द्रचन्दनयोर्मध्ये शीतला साधुसंगतिः ॥

અર્થ–લોકમાં ચંદન શીતળ ગણાય છે અને ચંદનથી ચંદ્ર વધારે શીતળ ગણાય છે પણ ચંદ્ર અને ચંદનથી પણ સાધુસંગતિ અધિક શીતળ છે.

કેમકે સાધુપુરૂષની વૃત્તિઓ એટલી અંકુશમાં રહેલી હોય છે કે સંસારની માયાનું આવરણ તેને કિંચિત પણ ચલિત કરી શકતું નથી, પણ એથી ઉલટું તે સર્વ આવરણો ઉપર પ્રભુત્વ ભોગવે છે. સાધુ પુરૂષો દૃઢપણે સમજે છેજ કે—

सुखेन वर्धते कर्म तद्विपाको हि दुस्तरः ।
हसंत्या धार्यते गर्भो रुदन्त्या परिमुच्यते ॥

અર્થ--સાંસારિક ઉપાધિઓ વધતી જાય છે ત્યારે આનંદ આપે છે પણ તેમાંથી છુટવું બહુ મુસ્કેલ પડે છે; સ્ત્રી આનંદથી ગર્ભ ધારણ કરે છે પણ તે રડતી રડતી તેનું પરિમોચન કરે છે.

એવા દૃઢ જ્ઞાનથી તેમની પ્રવૃત્તિ નિરંતર સત્ય માર્ગેજ થાય છે.—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

અર્થ—વ્યવહારનીતિને જાણનારા માણસો નિંદા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ કે ઇચ્છા પ્રમાણે જાઓ, હમણાંજ મરણ થાઓ કે યુગાંતરે થાઓ–તોપણ ધીર પુરુષ ન્યાયમાર્ગથી એક ડગલું પણ ખસતા નથી.

सपदि विलयमे. राज्यलक्ष्मी—
रुपरि पतन्त्वथवा कृपाणधाराः ।
अपहर तरां शिरः .तान्ता
मम तु मनो न मनागपैतु धर्मात् ॥

અર્થ—સર્વ રાજ્યલક્ષ્મી એકદમ નાશ પામો અથવા ઉપર તરવારની તીક્ષ્ણ ધારો પડો કે યમદેવ શિર હરી લો; તોપણ મારૂં મન ધર્મથી લગાર પણ ચલિત ન થાઓ.

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः
सत्यं ब्रूह्य.याहि साधुपदवीं सेवस्व वि.जनान् ।
मान्यान् मानय विद्विषोऽप्यनुनय मच्छादय स्वान् गुणान्
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत् सतां लक्षणम् ॥

અર્થ—તૃષ્ણાને કાપી નાખ, ક્ષમાને ધારણ કર, મદને બાળીનાખ, પાપને વિષે પ્રીતિ ન કર, સત્ય બોલ, સત્પુરૂષોને માર્ગે વળ, વિદ્વાન જનોની સેવા કર, માન્ય પુરૂષોને માન આપ, વિદ્વાનોનું અનુકરણ કર, પોતાના ગુણોને ઢાંક, કીર્તિનું પાલણ કર, દુઃખથી પીડાતાઓને વિષે દયા કર—એ સર્વ સત્પુરૂષોનાં લક્ષણ છે.

उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः ।
प्रभवति यदि पद्मं पर्वतानां शिखाग्रे
तदपि न पुनरुक्तं भाषितं सज्जनानाम् ॥

અર્થ—કદાચ સૂર્ય પશ્ચિમ દિશાએ ઉદય પામે, મેરૂપર્વત ચલિત થાય, વહ્નિ શીતળતા ધારણ કરે, પર્વતનાં શિખરો ઉપર કમળો ઉત્પન્ન થાય તોપણ સજ્જનોનું વચન મિથ્યા થતું નથી.

किं बहुना સત્પુરૂષોના જીવન સદા પ્રભુમય રહે છે. એવાં ઉદાર, એવાં પવિત્ર અને નીતિમાન જીવન ગાળનાર મહાત્માઓને મહાત્મા કહેવા કરતાં સાક્ષાત્ પ્રભુ કહેવામાં શી અતિશયોક્તિ છે.

માનવ-હૃદયમાં સત્ય, દયા, પ્રેમ, ભક્તિ, સ્વાર્પણાદિ ધાર્મિક ભાવનાનો જન્મ થવા માટે પૂર્વના સંસ્કાર આવશ્યક છે. જેમ બીજમાં રહેલી વૃક્ષ થવાની ગુપ્ત શક્તિનો જળ, વાયુ, પ્રકાશાદિ વડે વિકાસ થાય છે, તેજ પ્રમાણે સંસ્કારને જાગૃત કરવા માટે વિદ્યાભ્યાસ સત્સંગ, સ્વાનુભવાદિની જરૂર છે સ્થૂળ જ્ઞાનની સત્સંગ વડે આચાર સાથે એકતા થઇ સત્યનો અનુભવ થાય છે. તેથી પૂર્વ સંસ્કારો જાગૃત થઇ વૃદ્ધિ પામે છે. હૃદયના વિકાસ

માટે જેજે વસ્તુઓની જરૂર છે તે સર્વનો એક બીજા સાથે અરસ્પરસ સંબંધ છે. તથાપિ શારીરિક, માનસિક, નીતિવિષયક અને આધ્યાત્મિક એ ચારે પ્રકારની કેળવણી યોગ્ય રીતે પૂરી પડે એવો વિદ્યાભ્યાસ એ સર્વેનું મૂળ છે. કેવળ માનસિક શક્તિઓને પોષી યુક્તિ પ્રયુક્તિ ભરેલી રીતે જીવન નિર્ગમન કરવાની શક્તિ પ્રાપ્ત કરવી એટલોજ જ્ઞાન મેળવવાનો હેતુ નથી, પણ તેનો હેતુ હૃદયનો વિકાસ કરી જીવનને વધારે ઉચ્ચ અને સામાજિક સેવામાં તત્પરતાવાળું બનાવવું એવો અતિ ઉચ્ચ છે. એવા હેતુથી પ્રાપ્ત કરવામાં આવતી વિદ્યાનું મહાત્મ્ય અપાર છે.

कामधेनुगुणा विद्या ह्यकाले फलदायिनी ।
प्रवासे मातृसदृशी विद्या गुप्तं धनं स्मृतम् ॥

અર્થ--વિદ્યા કામધેનુ સમાન ગુણવાળી છે કેમકે તે અકાલમાં પણ ઇચ્છિત ફળ આપનારી છે, વિદેશમાં માતા સમાન સંભાળ લેનારી છે, અને વિદ્યા એ છાનું ધન છે.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ॥

અર્થ--ખરેખર વિદ્યા એ માણસનું અતુલ રૂપ છે, ઢાંકી રાખેલું ગુપ્ત ધન છે, વિદેશ ગમનમાં વિદ્યા બંધુ સમાન છે, તેમજ વિદ્યા દૈવી શક્તિ છે, રાજ્યદરબારમાં વિદ્યા પુજાય છે. ધન પુજાતું નથી, માટે વિદ્યાવિનાનો માણસ પશુ તુલ્ય છે. કેમકે--

आहारनिद्राभयमैथुनानि सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
ज्ञानं नराणामधिको विशेषो ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥

અર્થ--આહાર, નિદ્રા, ભય અને મૈથુન પશુઓ અને મનુષ્યોમાં સામાન્ય છે; પણ માણસોમાં જ્ઞાન એ વધારાનું ખાસ લક્ષણ છે; માટે જ્ઞાન વગરના માણસો પશુઓ સમાન છે. માટે--

येषां न विद्या न तपो न दानं
ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुविभारभूता
मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥

અર્થ—જેઓમાં વિદ્યા નથી, તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, સદાચરણ નથી, ઉત્તમ ગુણો નથી, ધર્મ નથી તે ખરેખર મૃત્યુ લોકમાં પૃથ્વીને ભારરૂપ થઇને મનુષ્ય રૂપમાં પશુ-ઓજ ભટકે છે.

એતો ઠીક છે કે—

साहित्यसंगीतकलाविहीनः
साक्षात् पशुः पुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमान-
स्तद्भागधेयं परमं पशूनाम् ॥

અર્થ—સાહિત્ય, સંગીત કે કોઈપણ જાતની ખાસ કળા સિવાયનો માણસ સાક્ષાત્ પુછડા અને શીંગડા વગરનો પશુ છે. તે ઘાસ ખાધા સિવાય જીવતો રહે છે એ પશુઓનું મોટું ભાગ્ય છે. અર્થાત્ તે મનુષ્ય રૂપ પશુ ઘાસ ખાતો હોત તો બિચારાં પશુઓ ભૂખે મરત ! સર્વ કાળમાં અને સર્વ ઠામમાં વિદ્યાજ વિજયતી નીવડે છે—

स्वगृहे पूज्यते मूर्खः स्वग्रामे पूज्यते प्रभुः ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥

અર્થ—મૂર્ખ માણસ માત્ર પોતાના ઘેર કદાચ પુજાય છે, ગામધણી પોતાના ગામમાં પુજાય છે અને રાજા પોતાના દેશમાં પુજાય છે; પણ વિદ્વાન સર્વ સ્થળે પુજાય છે.

વળી વિદ્યાજ મનુષ્યનું સર્વ અભીષ્ટ સાધનારી છે—

मातेव रक्षति पितेव हिते नियुंक्ते
कान्तेव चाभिरमयत्य पनीय खेदम् ।
विद्या करोति निखिलं खलु बन्धुकार्यं
सौख्यं च कीर्तिमतुलां गुरुतां च लोके ॥

અર્થ—વિદ્યા માણસને માતાની પેઠે રક્ષે છે; પિતાની પેઠે હિતકાર્યમાં જોડે છે; કાન્તાની પેઠે આનંદ આપે છે અને શોકને દુર કરે છે; વળી બંધુની પેઠે સઘળાં કૃત્યો કરે છે તથા સુખ આપે છે; અને લોકને વિષે અતુલ સુકીર્તિ પાથરે છે.

સર્વ સંપત્તિ ભલે હો પણ તે જ્ઞાનસંપત્તિ વિના વૃથા છે—

रूपयौवनसंपन्ना विशालकुलसंभवाः ।
विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुकाः ॥

અર્થ—સુંદર રૂપ અને યૌવન યુક્ત હોય તેમજ બહોળા કુટુંબવાળા હોય તો પણ વિદ્યા વગરના હોય તો ગંધરહીત ખાખરાંના ફુલની પેઠે માણસો શોભતા નથી.

તેટલા માટે મનુષ્ય માત્રને-પછી ભલે તે રાજા હો કે રંક હો, સ્ત્રી હો કે પુરુષ હો, તોપણ સર્વને-વિદ્યાની ખાસ જરૂર છે. બાળકોને ભણાવી ગણાવીને તૈયાર કરવાં એનો અર્થ સાધારણ રીતે " તેમની માનસિક શક્તિઓની ખીલવટ કરી વ્યાવહારિક કાર્યો માટે કુશળ બનાવવાં " એવો થાય છે. પરંતુ કેળવણીનો આશય એવો સાંકડો નથી પણ " પૂર્ણ મનુષ્યત્વ પ્રગટાવવુ" એવો તેનો અતિ ઉચ્ચ હેતુ છે. ખરૂંજ છે કે પાત્રભેદે કરીને, સંસ્કાર ભેદે કરીને કે પરિસ્થિતિ ભેદને લઇને એકનું એકજ જ્ઞાન જુદાં જુદાં મનુષ્યો ઉપર જુદી જુદી અસર કરે છે. જેમ

मदापनमनं शास्त्रं खलानां कुरुते मदम् ।
चक्षुः संस्कारकं तेज उलूकाना मेवान्धताम् ॥

અર્થ—મદને શાન્ત કરનારૂં શાસ્ત્ર ખળ પુરૂષોને વિષે અભિમાન ઉત્પન્ન કરે છે; જેમ ચક્ષુઓને વિકસાવનારૂં તેજ ઘુવડોને અંધાપાનું કારણ થાય છે તેમ.

પરંતુ સત્પાત્રોને વિષે તો જ્ઞાન ખરેખર બુદ્ધિનો વિકાસ કરનારૂંજ નીવડે છે-

अद्भिः शुद्ध्यन्ति वस्त्राणि मनः सत्येन शुद्धति ।
अहिंसया च पूतात्मा बुद्धिर्ज्ञानेन शुद्धति ॥

અર્થ—જળ વડે વસ્ત્રો શુદ્ધ થાય છે, સત્ય વડે મન શુદ્ધ થાય છે, અહિંસા વડે આત્મા પવિત્ર થાય છે અને જ્ઞાન વડે બુદ્ધિ શુદ્ધ થાય છે.

કોઇ મહાત્માની કૃપાપ્રસાદિ પ્રાપ્ત થાય તો અશુચિ મન પણ આપોઆપ શુદ્ધ થઈ જાય છે, કેમકે આત્માનું કલ્યાણ કરવાની તેમજ તેનો અધઃપાત કરવાની શકિત ચિત્તને વિષે સમાયલી જ છે.

जलेन जनितं पंकं जलेन परिशुद्ध्यते ।
चित्तेन जायते पापं चित्तेन परिशुद्ध्यति ॥

અર્થ—જળ વડે ઉત્પન્ન થએલો કાદવ જળ વડે જ શુદ્ધ થાય છે તેમ ચિત્ત વડે થયેલું પાપ ચિત્ત વડેજ ધોવાઇ જાય છે. તેટલા માટે-

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिबज्जलम् ।
सत्यपूतं वदेद्वाक्यं मनःपूतं समाचर. ॥

અર્થ—માર્ગને દૃષ્ટિ વડે પવિત્ર કરીને અર્થાત્ રસ્તામાં કોઇ જીવ જંતુ હોય તે જોઇને પગલું મૂકવું, વસ્ત્ર વડે પવિત્ર કરીને અર્થાત્ ગાળીને જળ પીવું, સત્ય વડે પવિત્ર કરીને વાક્ય બોલવું અને મન વડે પવિત્ર કરીને કાર્ય કરવું.

અર્થાત્ મનુષ્ય-હૃદયની ઉન્નતિ કરવી એજ વિદ્યાનું ખાસ લક્ષણ છે માટે બાલ્ય કાળમાં પોતાના બાળકોને વિદ્યા પ્રાપ્ત કરવાની યથાશક્તિ સગવડતા કરી આપવી એ દરેક માબાપની ફરજ છે. કેમકે-

मातारिपुः पिताशत्रुर्बालो येन न पाठितः ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥

અર્થ—જેના વડે બાળક ભણાવાયો નથી તે માબાપ પુત્રનાં શત્રુ છે, કેમકે હંસના સંઘમાં જેમ બગલો શોભતો નથી તેમ સભા વિષે તે (અભણ બાળક) શોભતો નથી.

બાળકોનાં હિતચિંતક માબાપે સદા ધ્યાનમાં રાખવું કે-

लालने बहवो दोषास्ताडने बहवो गुणाः ।
तस्मात् पुत्रं च शिष्यं च ताडयेन्नतु लालयेत् ॥

અર્થ—બાળકોને લાલનપાલન કરવામાં બહુ દોષો રહેલા છે. અને તેમને તાડન કરવામાં સખત દાબમાં રાખવામાં બહુ ગુણો-લાભ છે, તેટલા માટે માબાપે પુત્રને અને ગુરૂએ શિષ્યને તાડન કરવું, લાલન કરવું નહિ.

પણ દરેક કાર્યમાં સદા યાદ રાખવું કે-

अतिरूपेण वै सीता अतिगर्वेण रावणः ।
अति दानाद्बलिर्बद्धो ह्यति सर्वत्र वर्जयेत् ॥

અર્થ—અતિ રૂપને લીધે સીતા આપત્તિમાં આવી પડયાં, અતિ ગર્વને લીધે રાવણ રોળાઇ ગયો, અને અતિ દાનવૃત્તિને લીધે બલિ રાજા વચનબદ્ધ થઇ સંકડામણમાં આવી પડી દુઃખ પામ્યો; એમ સર્વત્ર અતિશય તજવા યોગ્ય છે.

માટે **अति सर्वत्र वर्जयेत्** એ સૂક્તનો યથાઘટિત ઉપયોગ કરી પોતાનાં બાળકોને નીતિમાન, ભક્તિમાન, વિનીત, સુશીલ અને સ્વાર્પણવૃત્તિવાળાં બનાવવા માટે યોગ્ય અંકુશમાં રાખવાં, અને તેને માટે યાદ રાખવું કે-

लालयेत् पञ्चवर्षाणि दशवर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रमिवाचरेत् ॥

અર્થ—પાંચ વર્ષનો થાય ત્યાં સુધી બાળકને લાડ લડાવવાં અને પછી દશ વર્ષ સુધી દાબમાં રાખવો, પરંતુ સોળ વર્ષનાં થયા પછી તેની સાથે મિત્ર પેઠે આચરણ રાખવું.

આ પ્રમાણે સર્વ પ્રયત્નો કરી કુલક્રમાગત નીતિરીતિસંપન્ન બનાવેલું બાળક કુળને શોભાવે છે, અને એવા બાળક વડે–

एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥

અર્થ—સુગંધયુક્ત પુષ્પવાળા એક પણ સારા વૃક્ષ વડે તે આખું વન સુવાસિત બને છે તેજ પ્રમાણે એક સુપુત્ર વડે આખુ કુળ શોભી ઉઠે છે. પણ એથી ઉલટું–

एकेनापि कुवृक्षेण कोटरस्थेन वह्निना ।
दह्यते तद्वनं सर्वं कुपुत्रेण कुलं यथा ॥

અર્થ–જેની બખોલમાં અગ્નિ રહેલો છે એવા માત્ર એક નઠારા વૃક્ષથી તે આખું વન બળી જાય છે, તેજ પ્રમાણે એક કુપુત્રથી આખું કુળ નિંદાય છે.

પોતાનાં બાળકોને દ્રવ્યનો મોટો વારસો આપવા કરતાં તેને વિદ્વાન બનાવવા માટે ડાહ્યા માબાપે સદા કાળજી રાખવી જોઇએ; કેમકે–

विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् ।
पात्रत्वाद्धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम् ॥

અર્થ–વિદ્યાથી વિનય આવે છે, વિનયથી પાત્રતા–સુજનતા આવે છે, પાત્રતાથી ધન મળે છે, ધનથી ધર્મ સાધ્ય થાય છે અને ધર્મથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

મૃત્યુલોકનાં માનવીઓની અનેક પ્રકારની પ્રવૃત્તિનું અંતિમ લક્ષ્ય સુખપ્રાપ્તિ છે, અને તે સુખો આ પ્રમાણે છે–

अर्थागमो नित्यमरोगता च प्रिया भार्या प्रियवादिनी च ।
वश्यश्च पुत्रोऽर्थकरी च विद्या षड् जीवलोकस्य सुखानि राजन् ॥

અર્થ—હે રાજા! અર્થપ્રાપ્તિ, હંમેશ નીરોગપણું, પતિને વિષે અદ્વિતિય પ્રેમ ધરાવનારી મધુર વાણી બોલનારી સ્ત્રી, પિતાને આજ્ઞાધીન રહેનારો પુત્ર, ઉપયોગમાં લેવાતી વિદ્યા એ છ જીવલોકનાં સુખ ગણાય છે.

માણસ જાતનાં ઐહિક સુખોમાં વિનીત ને આજ્ઞાધીન પુત્ર એ પણ ખાસ સુખ ગણાય છે. અવિનીત અને અનાજ્ઞાધીન પુત્રવાળો પિતા અન્ય સર્વસંપતિયુક્ત હશે તથાપિ તેને પોતાના સુખમાં મોટી ઊનતા-અધુરાપણુંજ લાગવાનું. સુશીલ પુત્ર પ્રાપ્ત થવો એ ખરેખર ભાગ્યશાળીનું ચિહ્ન છે.

पुण्यतीर्थे कृतं येन तपः काप्यतिदुष्करम् ।
तस्य पुत्रो भवेद्वश्यः समृद्धो धार्मिकः सुधीः ॥

અર્થ--કોઇક પવિત્ર તીર્થને વિષે જેના વડે અતિ કઠિન તપ કરાયું હોય તેનેજ આજ્ઞાધીન, સમૃદ્ધિવાળો, ધાર્મિક અને બુદ્ધિમાન પુત્ર પ્રાપ્ત થાય છે.

મંદભાગ્યને લીધેજ મૂર્ખપુત્ર પ્રાપ્ત થાય છે, કેમકે મૂર્ખ પુત્ર શત્રુની ગરજ સારનારો છે.

ऋणकर्ता पिता शत्रुर्माता च व्यभिचारिणी ।
भार्या रूपवती शत्रुः पुत्रः शत्रुरपण्डितः ॥

અર્થ—રૂણ કરનારો પિતા, વ્યભિચારી માતા, રૂપવતી સ્ત્રી અને મૂર્ખ પુત્ર એ શત્રુતુલ્ય છે. કેમકે શત્રુની માફક સંકટમાં લાવનાર છે.

कुग्रामवासः कुलहीनसेवा
कुभोजनं क्रोधमुखी च भार्या ।
पुत्रश्च मूर्खो विधवा च कन्या
विनाग्निना षट् प्रदहन्ति कायम् ॥

અર્થ—નઠારી ભૂમિમાં રહેઠાણુ, હલકા કુળવાળાની સેવા, કુભોજન, ક્રોધિષ્ઠ મુખ-વાળી સ્ત્રી, મૂર્ખ પુત્ર અને વિધવા પુત્રી–એ છ વસ્તુઓ વગર અગ્નિએ શરીરને બાળે છે; અર્થાત્ મનુષ્યને એ છ મોટાં દુઃખ છે.

किं तया क्रियते धेन्वा या न दोग्ध्री न गुर्विणी ।
कोऽर्थः पुत्रेण जातेन यो न विद्वान्न भक्तिमान् ॥

અર્થ--જે દુઝણી નથી કે ગાભણી નથી તે ગાયનું શું પ્રયોજન? અર્થાત્ એવી ગાય નકામી છે, તેમ જે પુત્ર વિદ્વાન કે ભક્તિમાન નથી તે શા કામનો?

એવા અવિદ્વાન કુપુત્રની પ્રાપ્તિ કરતાં બહેતર છે કે–

मूर्खश्चिरायुर्जातोऽपि तस्माज्जातमृतो वरः ।
मृतस्तु चाल्पदुःखाय यावज्जीवं जडो दहेत् ॥

અર્થ—લાંબા આયુષ્યવાળો મૂર્ખ પુત્ર પ્રાપ્ત થાય તેના કરતાં તે જન્મીને તરત મરણ પામે તે સારૂં, કેમકે મરણ પામે છે તે અલ્પ દુઃખ આપે છે પરંતુ મૂર્ખ તો જીવતાં સુધી બાળે છે.

આમ હોવાથી પોતાનાં બાળકોને બાલ્યકાળથીજ સદાચરણી બનાવવા માટે પુરેપુરી કાળજી રાખવી એ માબાપનુ પરમ કર્તવ્ય છે; અને તેમ કરવા માટે માબાપે પ્રથમ પોતાના જીવનને આદર્શરૂપ બનાવવું જરૂરનું છે, કેમકે બાળકોનાં જીવન માબાપના આચારવિચાર પ્રમાણે નિર્માણ થાય છે. માણસમાં સારૂં કે નરસું સઘળું ટેવથી આવે છે, માટે બાળપણથી સારી ટેવો પાડવાની પુરેપુરી જરૂર છે. "સારી ટેવો એ મુકતાફળનો હાર છે, અને તે ગુંથવાનું પ્રથમ સ્થળ ઘર છે." માટે માબાપે બાળકોને સારી ટેવો પાડવી જોઇએ. નાનાં બાળકો માબાપનાં આચરણનુજ અનુકરણ કરીને તે પ્રમાણે પોતે હરેક કાર્ય કરવા મંડે છે. તેમને વાણીમાં આપેલા બોધની અસર થતી નથી. આથી જો માબાપ સુશીલ, સદાચરણી, ભકિતપરાયણ, કર્તવ્યનિષ્ઠ અને ઉદાર વૃત્તિવાળાં હશે તોજ તેમનાં બાળકોમાં તે શુભ સંસ્કારો આવી શકશે. બાળકોને નીતિમાન બનાવવા માટે માબાપે પોતાની રહેણી કહેણી પવિત્ર રાખવી એટલુંજ બસ નથી, પરંતુ બાળકની દરેક પ્રવૃત્તિ ઉપર બહુ બારીકાઇથી લક્ષ આપવાની જરૂર છે. જે સમાજમાં તે હરે ફરે છે, તે સમાજની પણ અસર બાળકને થયા વિના રહેતી નથી. ટુંકામાં બાળકની પવિત્ર વૃત્તિઓને પોષણ આપવા માટે માબાપે બનતો દરેક પ્રયત્ન કરવાની જરૂર છે. તેમની સદ્‌વૃત્તિઓને પોષણ મળવા સારૂ પોતાનાં સદાચરણથી બાળકોને ખાત્રી કરી આપવી જોઇએ કે—

सत्यं तीर्थं तपस्तीर्थं तीर्थमिन्द्रियनिग्रहः ।
सर्वजीवदया तीर्थं सर्वतीर्थस्य लक्षणम् ॥

અર્થ—સત્ય તીર્થ છે, તપ તીર્થ છે, ઇંદ્રિયોને અંકુશમાં રાખવી એ તીર્થ છે. સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી એ તીર્થ છે—આ પ્રમાણે એ સર્વ તીર્થનાં લક્ષણ છે.

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो ।
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ॥
अक्रोधस्तपसः क्षमा प्रभवतोर्धर्मस्य निर्व्याजता।
सर्वेषामपि सर्वकालसुभगं शीलं वरं भूषणम् ॥

અર્થ—ઐશ્વર્યનું ભૂષણ સુજનતા, શૌર્યનું મિતભાષણ, જ્ઞાનનું શાંતિ, જ્ઞાનીનું વિનય, ધનનું યોગ્ય પાત્રને વિષે વ્યય, તપનું અક્રોધ, સત્તાનું ક્ષમા, ધર્મનું પાખંડ રહિતપણું અને એ સર્વનું હંમેશનું સુંદર ભૂષણ શીલ–સદ્‌વર્તન છે.

गौरवं प्राप्यते दानान्न तु द्रव्यस्य संग्रहात् ।
स्थितिरुच्चैः पयोदानां पयोधीनामधः पुनः ॥

અર્થ—દાનથી શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે, દ્રવ્યના સંગ્રહથી થતી નથી, જેમ વાદળાંની ઉંચી સ્થિતિ સમુદ્રોના રુપમાં ફરીને નીચે નીચે આવવાથીજ થાય છે તેમ.

सत्पात्रोपगतं दानं सुक्षेत्रे गतबीजवत् ।
कुपात्रोपगतं दानं कुक्षेत्रे गतबीजवत् ॥

અર્થ—સત્પાત્રને આપેલું દાન ફળદ્રુપ જમીનમાં ગએલા બીજ સમાન છે; અને કુપાત્રને આપેલું દાન ક્ષારભૂમિમાં ગએલા બીજ સમાન નિષ્ફળ છે.

मातृवत्परदाराश्च परद्रव्याणि लोष्टवत् ।
आत्मवत्सर्वभूतानि यः पश्यति स पश्यति ॥

અર્થ—જે પરસ્ત્રીને માતાતુલ્ય ગણે છે અને પરદ્રવ્યને માટી તુલ્ય સમજે છે તેમજ સર્વ પ્રાણીઓને પોતાનાં જેવાં જુએ છે તેજ સત્ય રીતે જુએ છે—એમ સમજવું.

लोभश्चेदनलेन किं पिशुनता यद्यस्ति किं पातकैः
सत्यं चेत् तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किम् ।
सौजन्यं यदि किं निजैः सुमहिमा यद्यस्ति किं मण्डनैः
सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ॥

અર્થ—લોભ હોય તો અગ્નિની શી જરૂર છે, ક્રૂરતા હોય તો પાપની શી જરૂર છે, સત્ય હોય તો તપથી શું વિશેષ છે, મન જો પવિત્ર હોય તો તીર્થની શી જરૂર છે, સૌજન્ય હોય તો પોતાના સંબંધીઓની શી જરૂર છે, સુકીર્તિ પ્રસરી રહેલી હોય તો અલંકારની શી જરૂર છે, સદ્વિદ્યા હોય તો ધનની શી જરૂર છે અને અપયશ હોય તો મૃત્યુની શી જરૂર છે? અર્થાત્ અગ્નિની પેઠે લોભજ બાળનાર છે તો પછી અગ્નિની શી જરૂર છે? ક્રૂરતા એજ પાપ છે, સત્ય એજ તપ છે, માનસિક પવિત્રતા એજ તીર્થ છે અને તીર્થનો હેતુ પણ એજ છે. એજ પ્રમાણે આગળ સમજવું.

नास्ति क्रोधसमो व्याधिर्नास्ति मोहसमो रिपुः ।
नास्ति लोभसमो वह्निर्नास्ति ज्ञानसमं सुखम् ॥

અર્થ—ક્રોધ સમાન બીજો વ્યાધિ નથી, મોહ સમાન બીજો શત્રુ નથી, લોભ સમાન બીજો વહ્નિ નથી અને જ્ઞાન સમાન બીજું સુખ નથી.

धनेन किं यन्न ददाति नाश्नुते
बलेन किं येन रिपुं न बाधते ।
श्रुतेन किं येन न धर्ममाचरेत्
किमात्मना यो न जितेन्द्रियो वशी ॥

અર્થ—યોગ્ય પાત્રને દાન આપતો નથી તેમજ ઉપભોગ પણ કરતો નથી તેના ધનનુ શું પ્રયોજન? શત્રુને નિવારી શકાય નહિ તે બળનું શું પ્રયોજન, ધર્મ પ્રમાણે આચરણ થાય નહિ તે જ્ઞાનનું-બોધનું-સાંભળેલાનું શું પ્રયોજન અને જિતેન્દ્રિય ન હોઇ વિષયમાં વશ થએલો હોય તે આત્માનું પણ શું પ્રયોજન?

तृणादपि लघुस्तूलस्तूलादपि च याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयेदिति ॥

અર્થ-તૃણ-ઘાસ કરતાં રૂ હલકું અને રૂ કરતાં પણ યાચક હલકો છે. "આ મારી પાસે યાચના કરશે" એવા ભયને લીધેજ વાયુ તેને ઘસડી જતો નથી.

અર્થાત્ યાચના, ખુશામત, વગેરે દુર્ગુણોથી દૂર રહી પોતાનાં બાળકોમાં તે ગુણ જન્મ ન પામે તેની ખૂબ સંભાળ રાખવી.

यदभावि न तद्भावि भावि चेन्न तदन्यथा ।
इति चिन्ताविषघ्नोऽयमगदः किं न पीयते ॥

અર્થ-જે નથી બનવાનું તે નથીજ બનવાનુ, અને જે બનવાનુ છે તો તે કોઇ રીતે અટકનાર નથી. એ પ્રમાણે ચિંતારૂપી વિષને હણનારૂં આ ઓષડ શા માટે ન પીવું જોઇએ ?

न नरस्य नरो दासो दासस्त्वर्थस्य भूपते ।
गौरवं लाघवं वापि धनाधननिबन्धनम् ॥

અર્થ-હે રાજા ! માણુસ, માણુસનો દાસ નથી પણ અર્થનો દાસ છે; એમ ગૌરવ અથવા લઘુતા એ ધનવાનપણું અને નિર્ધનતાનું કારણ છે.

વ્યવહારમાં તો—

धनैर्नि॰ [illegible]लीनाः [illegible]लीना भवन्ति
धनैरापदं मानवा निस्तरन्ति ।
धनेभ्यः परो बान्धवो नास्ति लोके
धनान्यर्जयध्वं धनान्यर्जयध्वम् ॥

અર્થ—હલકા કુળના માણુસો પણુ ધન વડે કુળવાન બની જાય છે, અને ધન વડે માણુસો સઘળી આપદો દૂર કરી શકે છે; તેમજ આ લોકને વિષે ધનથી બીજા કોઇ વધારે સંબંધી નથી; માટે ધન પ્રાપ્ત કર, ધન પ્રાપ્ત કર.

ધન વડેજ ગૃહસ્થાશ્રમની સઘળી ફરજો બજાવી શકાય છે માટે સતત સદુદ્યોગમાં વળગી રહી દ્રવ્યપ્રાપ્તિ કરવી એ દરેક સુજ્ઞની ફરજ છે. કેમકે—

तानीन्द्रियाणि सकलानि तदेव कर्म
सा बु[illegible]तिहता वचनं तदेव ।
अर्थोष्मणा विरहितः पुरुषः स एव
अन्यः क्षणेन भवतीति विचित्रमेतत् ॥

અર્થ—માણુસની સર્વ ઇંદ્રિયો પણુ તેજ છે, કર્મ પણુ તેનાં તેજ છે અને મંદ નહિ પડેલી એવી બુદ્ધિ પણુ તેજ અને વાણી પણુ તેની તેજ છે; છતાં નવાઈ જેવું છે કે પૈસાની ગરમીથી રહિત થએલો પુરૂષ બીજી ક્ષણુમાં બીજોજ બની રહે છે. માટે—

वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं
द्रुमालयं पत्रफलाम्बुभोजनम् ।
तृणानि शय्या वसनं च वल्कलं
न बन्धुमध्ये धनहीनजीवनम् ॥

અર્થ—વ્યાઘ્ર અને હાથીઓ વડે સેવાતું વન સારૂં, વૃક્ષનો આશરો સારો, પત્રફળ અને પાણી એટલુંજ ભોજનમાં મળે તે સારૂં, ઘાસની શય્યા સારી અને ઝાડની છાલનાં વસ્ત્ર પહેરવાં સારાં, પણુ બન્ધુ વર્ગમાં નિર્ધન જીવન નકામું છે—નહિ પસંદ કરવા જેવું છે. માટે—

कृषिः सेवा वणिग्विद्या येन यस्योपजीवितम् ।
सुदृढं चैव कर्तव्यं कृष्णसर्पमुखं यथा ॥

અર્થ–કૃષિ, સેવા, વ્યાપાર એમાંનું જે જેનું આજીવિકાનું સાધન હોય તે કાળા સર્પનું મુખ દૃઢ રીતે પકડવામાં આવે છે તે પ્રમાણે દૃઢ રીતે કરવું.

न दैवमिति संचिंत्य त्यजेदुद्योगमात्मनः ।
अनुद्योगे तु कस्तैलं तिलेभ्यः प्राप्तुमिच्छति ॥

અર્થ–' એતો નસીબ ' એમ વિચારીને પોતાનો ઉદ્યોગ છોડી દેવો નહિ, કેમકે ઉદ્યોગ વગર તલ હોવા છતાં તેમાંથી તેલ મેળવવાને કોણ ઇચ્છે છે? અર્થાત્ ઉદ્યોગ કરવો એ કુદરતનો નિયમજ છે માટે

प्रारंभे सर्वकार्याणि विचार्याणि पुनः पुनः ।
प्रारब्धस्यांतगमनं महापुरुषलक्षणम् ॥

અર્થ—કોઇ પણ કાર્યનો આરંભ કરતાં તેને ફરી ફરીને વિચારી જોવાં. પણ આરંભ્યા પછી તો તેનો પાર લાવવો એજ મહાપુરૂષનુ લક્ષણ છે.

અર્થપ્રાપ્તિ અને વિદ્યાપ્રાપ્તિ વખતે, જિંદગી ચિરકાળ પહોંચનારી સમજવી જોઇએ; પરંતુ આત્માનુ કલ્યાણ સાધવાની બાબતમાં જિંદગી ક્ષણિક સમજવી, કેમકે તેનો અંત ક્યારે આવશે તેનો ભરોસો નથી. માટે–

श्वःकार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ।
नहि प्रतीक्षते मृत्युः कृतं वास्य न वाकृतम् ॥

અર્થ—આવતી કાલનું કામ આજ કરવું, અને દિવસના પાછલા ભાગમાં કરવાનું પહેલા પહોરમાં કરી લેવું, કેમકે એણે કામ કર્યું છે કે નથી કર્યું તેની વાટ મૃત્યુ જોનાર નથી.

આ શરીર અનિત્ય છે, વિભવો બધા નાશ પામનારા છે અને મૃત્યુ પાસેજ રહેલું છે એમ નિશ્ચયપૂર્વક માનીને ધાર્મિક કાર્ય સર્વથી પહેલું કરી લેવું જોઇએ ધર્મની લાગણી મનુષ્યમાત્રમાં બહુ પ્રબળ હોય છે અને તેના પ્રાધાન્ય વડેજ સર્વ શુભ સસ્કારો પાડી શકાયછે જિંદગીનાં કર્તવ્યો યથાયોગ્ય બજાવી આત્માની ઉત્તરોત્તર ઉન્નતિ કરી છેવટ પરમશાંતિ મેળવવા માટે આરંભથીજ મનુષ્ય–હૃદયમાં રહેલી ધાર્મિક ભાવનાની પુરેપુરી ખીલવટ થવાની ખાસ આવશ્યકતા છે. જેટલે દરજ્જે ભાવનાનો વિકાસ થશે તેના પ્રમાણમાંજ મનુષ્ય પોતાનું ઐહિક અને આમુષ્મિક કલ્યાણ સાધી શકશે.

आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा ॥

અર્થ—સર્વ શાસ્ત્રો અવલોકીને પુનઃ પુનઃ વિચારતાં " નારાયણનું હમેશ ધ્યાન કરવું એજ ઇષ્ટ છે " એવી એક વસ્તુ પ્રાપ્ત થાય છે. અને નીતી તરીકે એ વસ્તુ પ્રાપ્ત થાય છે કે—

अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।
परोपकाराय पुण्याय पापाय परपीडनम् ॥

અર્થ—અરાઢ પુરાણોમાં વ્યાસનાં બે વચન તત્વરૂપ છે; પરોપકાર કરવો એ પુણ્ય છે, અને બીજાને પીડા કરવી એ પાપ છે.

માટે નિરંતર સ્તુતિ છે કે—

पुनरपि जननं पुनरपि मरणं पुनरपिजननीजठरे शयनम् ।
इह संसारे भवदुस्तारे कृपया पारे पाहि मुरारे ॥

અર્થ—ફરીને જન્મવું, ફરીને મરવું અને ફરીને પાછું માતાના જઠરમાં શયન કરવું, એવા આ તરી જવા મુશ્કેલ સંસારમાં પ્રભુ કૃપા વડે મારૂં રક્ષણ કર.

નિરંતર પવિત્ર ભાવનાથી પ્રભુકૃપા યાચવી એમાં મનુષ્યનું પરમ કલ્યાણ સમાયલું છે. સદ્‌ભક્તો પ્રભુભક્તિમાં શંકર, કૃષ્ણ, રામ, ખ્રિસ્ત, વગેરે નામભેદની દરકાર રાખતા નથી. એ સર્વ એકજ પરમ વસ્તુનાં બોધક પદો છે. જુદા જુદા સંપ્રદાયનાં ધર્મતત્વોમાં દેખાતી ભિન્નતા જોઇ એક બીજાની ઇર્ષા કરવીએ અધોગતિનું મૂળ છે. એના વડેજ અહંભાવના પ્રગટ થઈ અવનતિ થાય છે. માટે પ્રભુ ઉપર દૃઢ શ્રદ્ધા રાખીને સ્વધર્મવિહિત સર્વ ક્રિયાઓ યથાયોગ્ય કરવી. પોતાનાં ધર્મતત્વોનું જ્ઞાન મેળવ્યા સિવાય અન્ય ધર્મના વિચારો મનમાં ઘુસાડી દેવાથી ' **अतो भ्रष्ट स्ततो भ्रष्टः** ' જેવી સ્થિતિ થાય છે, અને અશ્રદ્ધા ઉત્પન્ન થઇ માનસિક વૃત્તિઓ ધર્મમાર્ગમાંથી શિથિલ થઇ ભ્રષ્ટ થાય છે. માટે સ્વધર્મરક્ત રહેવું એ દરેક સુજ્ઞનું પરમ કર્તવ્ય છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥

અર્થ—પોતાનો ધર્મ (બ્રહ્મચર્ય, ગૃહસ્થધર્મ, વાનપ્રસ્થાદિ સામાન્ય અને વૈષ્ણવ, શૈવ, સ્વામીનારાયણાદિક વિશિષ્ટ) વિગુણ હોવા છતાં પણ તે સારીરીતે પ્રતિપાદન થતા

એવા અન્ય ધર્મથી શ્રેયસ્કર છે. કેમકે પોતાના સ્વભાવથી જે કર્મ કરવાનું હોય તે કર્મ કરવાથી પાપ લાગતું નથી.

मूकं करोति वाचालं पङ्गुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानंद माधवम् ।।

અર્થ—જેની કૃપા મુગાને વાચાળ કરે છે, અને પાંગળાને પર્વત ઓળંગાવે છે એવા પરમાનંદ માધવને હું વંદન કરૂં છું.

असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे
सुरतरुवरशाखा लेखनी पत्रमूर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति

અર્થ—સમુદ્રરૂપી પાત્રને વિષે નીલગિરિ જેટલું કાજળ હોય, દૈવી વૃક્ષનાં ડાળની કલમ હોય, પૃથ્વીના પૃષ્ટ રૂપી કાગળ હોય, એ સાધનો લઇ જો શારદા (ઘણી ઝડપથી લખવાળી વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી) સર્વકાલ લખે તોપણ હે ઇશ ! તારા ગુણોનો પાર આવ તેમ નથી.

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशम्
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम्
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ।।

અર્થ—શાંત દેખાવવાળા, શેષને વિષે શયન કરનારા, કમળ જેવી નાભિવાળા, દેવનાઓમાં શ્રેષ્ટ, વિશ્વના આધાર, ગગન જેવા વાદળના જેવા રંગવાળા, સુંદર અંગવાળા, લક્ષ્મીના પતિ, કમળ જેવાં નયનવાળા, યોગિઓ વડે ધ્યાનમાં શોધાએલા, દુનીઆના ભયને કાપનારા, સર્વ લોકના એક નાથ શ્રી વિષ્ણુ પરમાત્માને હું વંદન કરૂં છું.

वेदान्तेषु यमाहुरेकपुरुषं व्याप्य स्थितं रोधसी
यस्मिन्नीश्वर इत्यनन्यविषयः शब्दो यथार्थाक्षरः ।
अन्तर्यश्च मुमुक्षुभिर्नियमितप्राणादिभिर्मृग्यते
स स्थाणुः स्थिरभक्तियोगसुलभो निःश्रेयसायास्तु वः ।।

અર્થ—જેને વેદાન્તને વિષે એક પુરૂષ કહેલો છે, જે પૃથ્વી તથા આકાશને રોકીને રહેલો છે, વળી જેને વિષે ઈશ્વિર એવો અનન્ય વિષય રહેલો છે અને જેનો શબ્દ યથાર્થ અક્ષરવાળો છે, તેમજ જે મુમુક્ષુઓ વડે નિયમિત પ્રાણ વગેરેથી અંતરને વિષે શોધાય છે, તે સ્થિર ભક્તિ યોગથી મેળવવા સુલભ એવા શિવ અમારા કલ્યાણને માટે હો. અર્થાત્ અમારૂ કલ્યાણ કરો.

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवै–
वेदैः साङ्गपदक्रमोपनिषद्भिर्गायन्ति यं सामगाः ।

ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

અર્થ—જેને બ્રહ્મા, વરૂણ, ઈંદ્ર, રૂદ્ર, મરૂત એ દેવતા દિવ્ય સ્તવનો વડે સ્તવે છે, અને જેને સામવેદ ભણનારાઓ પદ, ક્રમ, ઉપનિષદ્ એ અંગ યુક્ત વેદો વડે ગાય છે તથા ધ્યાનમાં દઢ થએલા, તેને વિષે ગએલા મન વડે યોગી પુરૂષો જેને જોઇ શકે છે, તથા જેનો અંત સુર અને અસુરો જાણતા નથી તે દેવને નમસ્કાર હો.

रत्नैः कल्पितमासनं हिमजलैः स्नानं च दिव्याम्बरं
नानारत्नविभूषितं मृगमदामोदाङ्कितं चन्दनम् ।

जातीचम्पकबिल्वपत्ररचितं पुष्पं च धूपं तथा
दीपं देव दयानिधे पशुपते हृत्कल्पितं गृह्यताम् ॥

અર્થ—રત્નો વડે કલ્પેલું આસન, શીતળ જળ વડે સ્નાન, નાના પ્રકારનાં રત્ન વડે શણગારાએલું દિવ્ય અંબર, કસ્તુરીની ખુશબોવાળું ચદન, પારીજાતક, ચંપા અને બીલીનાં પત્ર વડે રચાએલું પુષ્પ, ધુપ, દીપ—આ સઘળી માનસિક પૂજા સામગ્રી, હે દયાના ભંડાર પશુપતે સ્વીકારો.

शान्तं पद्मासनस्थं शशधरमुकुटं पञ्चवक्त्रं त्रिनेत्रं
शूलं वज्रं च खड्गं परशुमपि वरं दक्षिणाङ्गे वहन्तम् ।

नागं पाशं च घण्टां डमरुकसहितं चाङ्कुशं वामभागे
नानालंकारदीप्तं स्फटिकमणिनिभं पार्वतीशं भजामि ॥

અર્થ—શાન્ત મુખાકૃતિવાળા, પદ્માસન વાળીને બેઠેલા, મુકુટને વિષે જેણે ચંદ્ર ધારણ કર્યો છે એવા, પાંચ મુખવાળા, ત્રણ નેત્રવાળા, અંગના દક્ષિણ ભાગને વિષે શૂલ, વજ્ર, ખડ્ગ અને સુંદર પરશુ ધારણ કરનારા, તથા ડાબી બાજુએ નાગ, પાશ, ઘંટા ડમરૂ અને

તેની સાથે અંકુશ ધારણ કરનારા, સ્ફાટિકમણિયુક્ત નાના પ્રકારના અલંકારથી પ્રકાશી રહેલા–એવા પાર્વતીપતિને હું ભજું છું.

मेघश्यामं पीतकौशेयवासं
श्रीवत्साङ्कं कौस्तुभोद्भासिताङ्गम् ।
लक्ष्मीकान्तं पुण्डरीकायताक्षं
विष्णुं वन्दे सर्वलोकैकनाथम् ॥

અર્થ—મેઘના જેવા શ્યામ વર્ણવાળા, પીળું કૌશેય વસ્ત્ર ધારણ કરનાર, જેની છાતીને વિષે શ્રીવત્સનુ (ભૃગુ ઋષિના લાતનું ચિન્હ) ચિન્હ છે એવા, કૌસ્તુભ વડે પ્રકાશી રહેલું છે અંગ જેનું એવા, લક્ષ્મીના સ્વામી, શ્વેતકમળ જેવાં નેત્રવાળા, સર્વ લોકના એક સ્વામી શ્રી વિષ્ણુ પરમાત્માને વંદુ છું.

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ।
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं
रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ॥

અર્થ–સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ એવા શ્રી રામચંદ્રજી હમેશ વિજય પામે છે, એવા રમાના ઇશ–પતિ રામને હું ભજું છુ, રામ વડે સર્વ નિશાચરનું સૈન્ય હારી ગયું છે એવા રામને હું નમું છુ. રામથી શ્રેષ્ઠ એવું બીજું કોઈ તત્વ નથી એ રામનો હું દાસ છુ. મારા ચિત્તનો લય–ચિત્તનું એક રૂપ થવું તે સદા રામને વિષે હો. હે રામ ! મારો ઉદ્ધાર કરો.

ભિન્ન ભિન્ન નામરૂપે શ્રી પરમ કૃપાળુ જગન્નિયંતાની સ્તુતિના શ્લોકો ઉપર ઉતાર્યા છે, તેનું ભાવનાપૂર્વક નિરંતર ચિંતન મનન કરનારની ચિદ્દવૃત્તિઓ શ્રી પરમાત્માના ચરણ તરફ વળ્યા વિના રહેશે નહિ કેમકે દૃઢ ભક્તિભાવ એજ સત્ય જ્ઞાનપ્રાપ્તિનું કારણ છે, અને સત્ય જ્ઞાન વડે મુક્તિ થાય છે.

यथा ज्ञानं विना मुक्तिर्नास्त्युपायशतैरपि ।
तथा भक्तिं विना ज्ञानं नास्त्युपायशतैरपि ॥

